Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401

વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ

(ISO 9001:2015 - Approval No. 00044220)

UMA SRUSHTI

# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦

₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૫

Published on - 01 September 2025

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી- પ્રો. ડો. જે. એમ. પનારા

Editor- Prof. Dr. J. M. Panara



# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

# ELEVATING WOMEN'S HEALTH WITH INNOVATION & CARE

Mayflower Hospital is home to countless advancements in women's healthcare across endometriosis, obstetrics, fertility, dermatology, and beyond



## THE EXPERTISE OF OUR TEAM.

**Endometriosis Clinic** by Mayflower

World's best centre for advanced endometriosis diagnosis, laparoscopic excision surgeries and fertility-enhancing treatments.

**MAYFLOWER AESTHETICS**

Effective skincare, pelvic floor rejuvenation and anti-ageing solutions backed by dermatologists and gynecologists.

**Fertility Solutions** by Mayflower

A unique, advanced egg and embryo freezing centre with world-class embryology labs and personalised protocols.

**Obstetrics Clinic** by Mayflower

24/7 pregnancy care with advanced fetal monitoring, painless delivery options, and expert perioperative support.

**85,000+** Surgeries

**1 Lac+** Happy women

**20,000+** Fertility Enhancing Surgeries

**21+** Years of Care

+91 6352 800 850 care.mayflowerhospital.com www.mayflowerhospital.com

# ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

**સપ્ટેમ્બર ૦૧, ૨૦૨૫**
**વર્ષ** : ૦૪, **અંક** : ૨૯
**સળંગ અંક** : **૪૦**
**માલિક** : વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

Vishv UMIYA Foundation

**September 01, 2025**
**Year** : 04, **Ank** : 29
**Owner** : Vishv Umiya Foundation



**પ્રમુખ** : આર. પી. પટેલ
**President** : R. P. Patel



**મેનેજિંગ એડિટર** : ડૉ. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**





પદ્મશ્રી-ડૉ. કુમારપાળ દેસાઈ — પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai — Padmashri-Devendra Patel

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
|---|---|
| ડૉ. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડૉ. અશોક પટેલ | Dr. Ashok Patel |
| ડૉ. ઉત્પલ પટેલ | Dr. Utpal Patel |
| ડૉ. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક** : ધવલ માકડિયા **Co-Editor** : Dhaval Makadia

**કલાનિર્દેશક** : રાજુ પ્રજાપતિ **Art Director** : Raju Prajapati

**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઈલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક** : અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક** : ડૉ. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad & **Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar


વિશ્વ ઉમિયાધામ
જાસપુર - અમદાવાદ
આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

ISO 9001

# અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર) | ૦૫ |
| ૨. | ચાતુર્માસનો મહિમા : આત્મશુદ્ધિથી સમાજશુદ્ધિ | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | શ્રી રામચરિતમાનસ કથાસાર | ડૉ. પ્રભુદાસભાઈ પટેલ | ૦૮ |
| ૪. | ભક્તરાજ પ્રહ્લાદજી | શ્રી ભાણદેવજી | ૦૯ |
| ૫. | ગુરૂ - શિષ્યના સંબંધો | પ્રા. ડૉ. હર્ષદેવ માધવ | ૧૧ |
| ૬. | શક્તિની ભક્તિનો ઉત્સવ નવરાત્રિ | પ્રો. ડૉ. જે. એમ. પનારા | ૧૪ |
| ૭. | શિક્ષકો: વિશ્વશાંતિનું વાવેતર કરનારા | ગુલાબભાઈ જાની | ૧૪ |
| ૮. | એક સળગતી સમસ્યા : શિક્ષણનું માધ્યમ | ડૉ. નરભેરામ રાંકજા | ૧૯ |
| ૯. | શિક્ષક: જગત ઉપવનનો માળી | ડૉ. ભાવેશ જેતપરિયા | ૨૧ |
| ૧૦. | શીખવે તે શિક્ષક | પ્રજ્ઞા પટેલ "પ્રાર્થી" | ૨૩ |
| ૧૧. | ભણતર-ગણતરથી થાય ઘડતર | મનોજ જે. પટેલ | ૨૪ |
| ૧૨. | નારી તું કદી ના હારી.... | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૫ |
| ૧૩. | સ્ત્રી પ્રેમની દેવી છે | પ્રાગજીભાઈ પટેલ | ૨૬ |
| ૧૪. | સાસુ વહુનો સંવાદ | રસિક પટેલ | ૨૭ |
| ૧૫. | આજની પોઝીટીવ સ્ટોરી | રમેશ પ્રભુરામ તન્ના | ૨૯ |
| ૧૬. | ધાર્મિક સ્થળોએ અને યાત્રામાં આ કચરો તો ન કરો | કૌશિક મહેતા | ૩૧ |
| ૧૭. | જીવનમાં ઉત્તમ માર્ગદર્શક-આદર્શ ગુરુ કેમ અને કોણ... ? | મૌલિક સોની | ૩૩ |
| ૧૮. | મહારાષ્ટ્રના મશહુર હિલસ્ટેશનો તથા તીર્થ સ્થાનો | ડૉ. યશવંત કે. ગોસ્વામી | ૩૫ |
| ૧૯. | વર્તમાન પીડા | સ્વામી વિવેકાનંદ | ૩૭ |
| ૨૦. | શું તમે ઓગણીસમી સદીમાં તો જીવી નથી રહ્યાં ને? | ડૉ. દર્શિની વિક્રમ શાહ | ૩૯ |
| ૨૧. | રોગોનું સ્થળાંતર | ડૉ. જિતેન્દ્ર અઢિયા | ૪૧ |
| ૨૨. | ખેત ઉત્પાદનમાં કરાતી 'ભેળસેળ' | હીરજી ભીંગરાડિયા | ૪૩ |
| ૨૩. | સડેલી કેરી | પટેલ કેશવભાઈ શંકરલાલ | ૪૫ |
| ૨૪. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૬ |
| ૨૫. | સમાચાર | ડૉ. રૂપલબેન પટેલ | ૪૮ |


⌘ ⌘ ⌘


**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel

ધર્મ સૃષ્ટિ



**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**अपां मध्ये तस्थिवांसं तृष्णाविदज्जरितारम् ।**
**मृणा सुक्षण मुणय ॥**
(ઋગ્વેદ ૭/૮૯/૪)

**ભાવાર્થ :** દુઃખનું મુખ્ય કારણ છે મનુષ્યનું અજ્ઞાન. એટલા માટે મનુષ્યે ઊંચા ઉઠીને આત્મજ્ઞાન મેળવવું જોઈએ. એના દ્વારા બધી જ ઈચ્છાઓ શાંત થઈ જાય છે.

**સંદેશ :** આજે સંસારમાં દરેક પ્રકારની ભૌતિક સમૃદ્ધિ અને ધન-ધાન્યની રેલંછેલ છે, છતાંય મનુષ્ય પહેલાં કરતાં પણ વધારે દુઃખી છે. એનું મૂળ કારણ એ છે કે તે પોતાના વાસ્તવિક જીવનની પધ્ધતિને ભૂલી ગયો છે. આપણા જીવનનું લક્ષ્ય શું છે એ બાબતથી મોટા ભાગના લોકો અજાણ છે. ધન કમાવવાની હરીફઈમાં માણસો પાગલોની જેમ દોડાદોડી કરી રહ્યા છે, પરંતુ આ બધું તેઓ શા માટે કરી રહ્યા છે તે બાબતથી સાવ અજાણ જ છે. જીવનનું મુખ્ય લક્ષ્ય બિલકુલ યાદ રહ્યું નથી. ‘‘ખાઓપીઓ અને મજા કરો’’ ના ભૌતિકવાદી સિદ્ધાંતમાં લોકો ફસાઈ ગયા છે. ભૌતિકવાદ જ મનુષ્યના દુઃખોનું મૂળ કારણ છે. પરમાત્માએ સંસારમાં ઐશ્વર્યપ્રાપ્તિનાં અને સુખસંતોષનાં તમામ પ્રકારનાં સાધનોની વ્યવસ્થા કરી છે, પરંતુ મનુષ્ય પોતાની કામનાઓ અને ઈચ્છાઓ પૂરી કરવા માટે વ્યાકુળ રહે છે અને સાચા સુખનો આનંદ માણી શકતો નથી. મનુષ્યનો આત્મા અમૂલ્ય જ્ઞાનરત્નોનો ભંડાર છે, પરંતુ અજ્ઞાનતાને કારણે તેને ન ઓળખવાના લીધે ભિખારી જેવું દીનહીન અને દુઃખી જીવન વિતાવી રહ્યો છે. અમૃતના અગાધ સાગરમાં રહેવા છતાં પણ તે તરસથી તડપી રહ્યો છે.



‘‘પાનીમેં મીન પ્યાસી’’ જેવી આજે સ્થિતિ છે. આવી વિષમ પરિસ્થિતિઓમાં મુક્ત બનીને આનંદથી ઊછળતું જીવન જીવવાનો માર્ગ ત્યારે જ મળી શકે છે કે જ્યારે આત્મજ્ઞાન થઈ જાય. આત્માને ઓળખવા માટે પ્રબળ વિવેકશક્તિ અને દૃઢ સંકલ્પની જરૂર પડે છે. આત્માને અર્થાત પોતાને જાણવો એ જ અમરત્વ છે. શાશ્વત શાંતિ પ્રાપ્ત કરવા માટે આત્માને પ્રેમ કરવો પડશે. જ્ઞાનીઓ પોતાના આત્માને જ સૌથી વધારે પ્રેમ કરે છે. કોઈ પણ વસ્તુ આપણને ત્યાં સુધી જ પ્રિય લાગે છે કે જ્યાં સુધી એ આપણા આત્માને અનુકૂળ હોય. જ્યારે આત્મા માટે તે પ્રતિકૂળ બની જાય છે ત્યારે તરત જ આપણે તેનો ત્યાગ કરવા માટે તૈયાર થઈ જઈએ છીએ. આત્મબળનો વિકાસ થવાથી મનુષ્ય ઐશ્વર્યવાન બને છે. તે કદાપિ હાર માનતો નથી. આત્મબળ હોવું તે આપણો વિજય છે અને આત્મબળનો અભાવ રહેવો એ આપણો પરાજય છે. મનુષ્ય જ્યારે પોતાના આત્માનો પરમાત્માની સાથે સંબંધ જોડીને પોતે સર્વશક્તિમાન હોવાનો અનુભવ કરવા લાગે છે ત્યારે તેની બધી હીનતા દૂર થઈ જાય છે. એ પછી તેને કોઈ પણ કાર્યમાં ક્યારેય પરાજિત થવું પડતું નથી. આત્મબળ એ મૃત્યુ પર વિજય મેળવવાનું શ્રેષ્ઠ સાધાન છે. એનો આશ્રય લઈને મનુષ્ય યશસ્વી અને તેજસ્વી બની જાય છે તથા તેની શારીરિક અને માનસિક શક્તિઓમાં આશ્ચર્યજનક વૃદ્ધિ થાય છે. મનુષ્ય જ્યાં સુધી આ હકીકતને નથી સમજી શકતો ત્યાં સુધી તે ઈશ્વરની પરમ પવિત્ર સત્તા સાથે ક્યારેય જોડાઈ શકતો નથી. પરમાત્માની દિવ્યસત્તાની તેને ક્યારેય અનુભૂતિ નથી થતી અને ક્યારેય એને સહયોગ પણ પ્રાપ્ત નથી થતો. આવા મનુષ્યનાં કર્મો પર કોઈનીયે લગામ રહેતી નથી અને તે લોભ, મોહ, સ્વાર્થ વગેરેની માયાજાળમાં લપેટાઈ જાય છે અને પોતાના જીવનનો સર્વનાશ નોંતરીને અસ્થિર બની જાય છે. આ અજ્ઞાન જ તેના તમામ પ્રકારના વ્યાધિઓનું ઉત્પત્તિસ્થાન છે, જે તેની પ્રગતિમાં અવરોધ પેદા કરે છે.

આપણે આ અજ્ઞાનનો ત્યાગ કરીને આત્મબળનો વિકાસ કરવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ. ■

## પ્રમુખશ્રીની કલમે

# ચાતુર્માસનો મહિમા : આત્મશુદ્ધિથી સમાજશુદ્ધિ



**વહાલાં બંધુ-ભગિનીઓ, સૌને જય ઉમિયા.**

અત્યારે પવિત્ર ચાતુર્માસ ચાલી રહ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં વ્રત, ઉપવાસ અને તપશ્ચર્યાનું ખૂબ મહત્વ છે અને તેના માટે વિશેષ સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે. એમાં સર્વોચ્ચ અને પવિત્ર સમયગાળો છે ચાતુર્માસ. ચાતુર્માસ એટલે ચાર મહિના આ સમયગાળો સામાન્ય રીતે અષાઢ સુદ એકાદશી (દેવશયની એકાદશી) થી કારતક સુદ એકાદશી (દેવઉઠી એકાદશી) સુધી માનવામાં આવે છે. એટલે કે અષાઢ સુદ એકાદશીથી શ્રાવણ, ભાદરવો, આસો અને કારતક સુદ એકાદશી સુધી ચાતુર્માસ ગણાય છે. આ સમયમાં ભગવાન વિષ્ણુ ૧૧૭ દિવસ માટે યોગ નિદ્રામાં રહે છે. આ સમય સાધક માટે આ સમય અત્યંત અનુગ્રહાકરી માનવામાં આવે છે.

**ચાતુર્માસનો મહિમા :** આ સમયગાળો વર્ષાકાળ હોવાથી બહાર ફરવું, યાત્રા કરવી, લગ્ન - મંગળવિધિ વગેરે કાર્યો ટાળવામાં આવે છે. તેથી આ સમયમાં આંતરિક સાધના, સ્વાધ્યાય અને ભક્તિમાં મગ્ન રહેવું શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. ચાર મહિના સુધી ચાલતો ચાતુર્માસનો સમયગાળો હિંદુ ધર્મમાં ખૂબ જ મહત્વનો માનવામાં આવે છે. આ સમયગાળો ભગવાન વિષ્ણુને સમર્પિત છે. આ વ્રત દ્વારા વ્યક્તિ પોતાના મનને શુદ્ધ કરે છે. ભગવાન વિષ્ણુની પૂજા અને કથાનું પઠન કરવામાં આવે છે.

**પુરાણોમાં ચાતુર્માસનું વર્ણન :** ૧. પદ્મપુરાણ કહે છે કે ચાતુર્માસમાં કરેલો જપ-તપ, હવન-દાન, બ્રહ્મચર્ય અને વ્રત સામાન્ય સમય કરતાં સહસ્રગણું ફળ આપે છે. ૨. સ્કંદપુરાણ અનુસાર ચતુર્માસ દરમિયાન વિષ્ણુની ઉપાસના, એકાદશી-વ્રત અને તુલસી પુજનથી પાપો નાશ પામે છે. ૩. શ્રીમદ્ ભગવત મહાપુરાણ કહે છે કે ચાતુર્માસમાં ભગવાનના નામજપ અને કથા શ્રવણથી ભક્તોને મોક્ષ પ્રાપ્ત થાય છે.

**ચાતુર્માસના ધાર્મિક નિયમો અને આચરણ :** ચાતુર્માસમાં ખાસ કરીને આ નિયમો અપનાવવાનું શાસ્ત્રોમાં કહેવાયું છે : અનાજ, દૂધ, દહીં, કાંદા-લસણ, મસાલા વગેરેમાંથી થોડો થોડો ત્યાગ કરવો. બ્રહ્મચર્યનું પાલન કરવું. દૈનિક સ્નાન, જપ, પઠન, આરતી, પૂજા કરવી. ધાર્મિક ગ્રંથોનો પાઠ કરવો. સત્સંગ અને પ્રવચન સાંભળવું. તીર્થયાત્રા ટાળવી અને મંદિરમાં ભક્તિ કરવી. ચાતુર્માસ દરમિયાન ખાસ કરીને એકાદશી, પૂર્ણિમા, અમાસ, જન્માષ્ટમી, રક્ષાબંધન, ગણેશ ચતુર્થી, નવરાત્રિ જેવા ઉત્સવોને શ્રદ્ધાપૂર્વક ઉજવવા.

**ચાતુર્માસનો આધ્યાત્મિક મહિમા :** આ સમય માનસિક શુદ્ધિ માટે અનુકૂળ છે. ચાતુર્માસમાં ઈન્દ્રિયો પર નિયંત્રણ શીખવાનો અવસર મળે છે. ભક્તિ, જપ અને ધ્યાનથી અંતરંગ શક્તિ અને આત્મિક શાંતિ વધે છે. પાપોનો નાશ થાય છે અને સત્કર્મોની ગતિ થાય છે.

**ચાતુર્માસ અને ઉપવાસ પરંપરા : ભારતીય પરંપરામાં દરેક મહિના માટે ખાસ ઉપવાસો દર્શાવ્યા છે :**

અષાઢ માસ : દેવશયની એકાદશી, ગુરુપૂર્ણિમા, શ્રાવણ માસ : શિવપૂજન, રુદ્રાભિષેક, સોમવાર વ્રત, રક્ષાબંધન, જન્માષ્ટમી, ભાદરવો માસ : ગણેશ ચતુર્થી. અશ્વિન માસ : નવરાત્રિ, દૂર્ગાપૂજા, કારતક માસ - દિવાળી, અન્નકૂટ, પ્રબોધિની એકાદશી (દેવઉઠી). અહીં ભગવાનનો શયનકાળ સમાપ્ત થાય છે. આ બધા વ્રત અને ઉત્સવો ચાતુર્માસના આધ્યાત્મિક તેજમાં વધારો કરે છે.

**ચાતુર્માસમાં સંતોનું વર્તમાન :** પ્રાચીન કાળમાં સંતો અને મહાનુભાવો વર્ષાઋતુના સમયમાં ફરવા જતાં ન હતાં, તેથી તેઓ કોઈ એક જ સ્થાને નિવાસ કરતા. આ સમય દરમિયાન તેઓ શાસ્ત્રજ્ઞાન આપતા, કથા વર્તા કરતા, ભક્તોને સંસ્કાર શીખવતા અને જનકલ્યાણના કાર્યો કરતાં. આજે પણ મંદિરોમાં, મઠોમાં અને ધાર્મિક સંસ્થાઓમાં ચાતુર્માસ દરમિયાન કથાશ્રવણ ભાગવત સપ્તાહ, જ્ઞાનયજ્ઞ વગેરેનું આયોજન થાય છે.

**ચાતુર્માસના ચાર માસનું વિશિષ્ટ મહત્વ :** ૧. અષાઢ માસ - ભગવાન વિષ્ણુ શયન કરે છે, ગુરુપૂર્ણિમાનો મહિમા છે. ૨. શ્રાવણ માસ - શિવની આરાધના, સોમવાર વ્રત, જળનું મહત્વ, કૃષ્ણ જન્માષ્ટમી. ૩. ભાદરવો માસ - વિઘ્નહર્તા ગણેશજીનો જન્મોત્સવ. ૪. અશ્વિન (આસો) માસ - કારતક માસ - નવરાત્રિ, શરદપૂર્ણિમા, દિવાળી. ૫. કારતક માસ - ગોવર્ધનપૂજા, અન્નકૂટ, તુલસી વિવાહ, દેવ ઉઠી એકાદશી. દરેક માસ ભક્તોને અલગ-અલગ ભાવના અને સાધના માટે પ્રેરિત કરે છે.

**ચાતુર્માસના આધ્યાત્મિક ફળ :** ચાતુર્માસ દરમિયાન કરેલી ભક્તિ અને વ્રતથી મળતા ફળો શાસ્ત્રોમાં જણાવ્યા છે.

પાપ ક્ષય થાય છે. ધર્મમાં અડગતા વધે છે. ભક્તિને બળ મળે છે. સંયમ, બ્રહ્મચર્ય, સત્ય, અહિંસા જેવા ગુણ વિકસે છે. કુટુંબમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ વધે છે. અંતે ભક્તને મોક્ષપ્રાપ્તિનો માર્ગ પ્રાપ્ત થાય છે.ચાતુર્માસ એ આત્માની ચેતના જગાડવાનો સમય છે. આ ચાર મહિના જીવનના ચાર પુરુષાર્થ - ધર્મ, અર્થ કામ અને મોક્ષ તરફ દોરી જાય છે. ચાતુર્માસમાં જાગૃત સાધકનું જીવન નવજીવન પામે છે.

**ચાતુર્માસનું વૈજ્ઞાનિક મહત્વ :** ચાતુર્માસનો સમયગાળો માત્ર ધાર્મિક જ નહિં, પરંતુ આરોગ્ય અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પણ ઘણું મહત્વ ધરાવે છે. આ સમય સામાન્ય રીતે ચોમાસાનો હોય છે. જ્યારે પ્રકૃતિમાં અનેક પરિવર્તનો આવે છે. ચોમાસાના વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાથી અનેક પ્રકારના બેક્ટેરિયા, વાયરસ અને ફંગસનો ફેલાવો થાય છે. પરિણામે મેલેરિયા, ટાઈફોઈડ, કોલેરા પિત્તજવર (હીપેટાઈટીસ)જેવા રોગોનું પ્રમાણ વધે છે. રોગ પ્રતિકારક શક્તિ નબળી પડે છે, તેથી ચાતુર્માસ દરમિયાન પાળવામાં આવતા નિયમો આરોગ્ય માટે ફાયદાકરક છે. **લસણ - ડુંગળીનો ત્યાગ કરવામાં આવે છે.** કારણ કે આ બંને ગરમ પ્રકૃતિના ખોરાક હોવાથી બેક્ટેરિયા અને જીવાણુઓ સરળતાથી વિકાસ પામે છે. તેથી બટેટા, ગાજર, મૂળા જેવી જમીનની અંદર થતી શાકભાજી ટાળવાનું સૂચવવામાં આવે છે. અનાજ, દહીં તથા દૂધનો પણ ત્યાગ કરવાનું કહેવામાં આવ્યું છે.

**ઉપવાસનું કારણ :** ચાતુર્માસ દરમિયાન ઉપવાસનું મહત્વ છે, કારણ કે, ઉપવાસથી પાચનતંત્રને આરામ મળે છે, શરીર ડિટોક્સ થાય છે. ફળાહાર જેવા હળવા ખોરાકથી શરીરમાં ઉર્જા સંતુલિત રહે છે. મસાલાવાળો ખોરાક ન લેવાથી પિત્તદોષ ટળે છે અને જઠરાગ્નિ સમતોલ રહે છે.

**પર્યાવરણ અને જીવસૃષ્ટિનું સંરક્ષણ :** ચાતુર્માસના નિયમો પર્યાવરણ અને જીવસૃષ્ટિનું સંરક્ષણ કરવામાં મદદ કરે છે. આ સમયગાળામાં યાત્રા ન કરવાના કારણે નાના જીવ-જંતુઓ, કીડીઓ, અળસિયાઓ વગેરે બચી જાય છે. આ નિયમ પર્યાવરણનું સંતુલન કરે છે.

**માનસિક અને આધ્યાત્મિક શાંતિ :** ચાતુર્માસનો સમયગાળો વ્યક્તિને બાહ્ય કાર્યોમાંથી વિરામ આપીને આંતરિક શાંતિ તથા ધ્યાન કેન્દ્રિત થવાનો અને આત્મનિરીક્ષણ કરવાનો અવસર આપે છે. ભક્તો વ્રત, ઉપવાસ, પૂજા અને ધ્યાન જેવી ક્રિયાઓ દ્વારા પોતાના મન અને શરીરને શુદ્ધ કરે છે. વ્યક્તિ તણાવમુક્ત બની મનની શાંતિ મેળવે છે. આધુનિક વિજ્ઞાન પણ ધ્યાન અને આત્મનિરીક્ષણને માનસિક સ્વાસ્થ્ય માટે લાભદાયી માને છે.

**સામાજીક દ્રષ્ટિએ ચાતુર્માસ :** ચાતુર્માસ દરમિયાન સામાજિક જીવનમાં સંયમ અને સદાચારનો પ્રસાર થાય છે. દાન-ધર્મની પ્રવૃત્તિઓ થાય છે. ગરીબો માટે અન્નદાન, અન્નકૂટ, સાધુસંતોના ઉપદેશથી સમાજમાં ધાર્મિક જાગૃતિ આવે છે. આ સમયગાળો સમાજમાં ભાઈચારા અને એકતાની ભાવનાને પ્રોત્સાહન આપે છે. લોકો એકબીજાને મદદ કરે છે. અને સામાજીક કાર્યોમાં ભાગ લે છે. સંતોનો સહવાસ થવાથી ધાર્મિક જાગૃતિ અને નૈતિક શિક્ષણનો ફેલાવો થાય છે. સમાજમાં એકતા, સહકાર, સમાનતા અને ભાઈચારો મજબૂત બને છે.

**વિવિધ ધર્મોમાં ચાતુર્માસ :** જૈન ધર્મમાં ચાતુર્માસ : જૈન ધર્મમાં ચાતુર્માસનું અત્યંત મહત્વ છે. તેને ચોમાસુ અથવા વર્ષાવાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સમયગાળો જૈન સાધુ-સાધ્વીઓ માટે એક જ સ્થાને સ્થિર થવાનો હોય છે. ચોમાસા દરમિયાન જીવ-જંતુઓની સંખ્યામાં વધારો થાય છે. આ જીવોની હિંસા ન થાય તે માટે, જૈન સાધુ-સાધ્વીઓ વિહાર કરવાનું ટાળે છે અને એક જ સ્થળે રહીને ધર્મનો ઉપદેશ આપે છે. આ સમયગાળામાં પર્યુષણ અને સંવત્સરીનું પર્વ ઉજવવામાં આવે છે. શ્રાવકો ગુરુ ભગવંતોના વ્યાખ્યાનો સાંભળીને જ્ઞાન, દર્શન અને ચારિત્રની શુદ્ધિ માટે પ્રયાસ કરે છે.

**બૌદ્ધ ધર્મમાં ચાતુર્માસ :** બૌદ્ધ ધર્મમાં પણ ચાતુર્માસના આ સમયગાળાનું ઘણુ મહત્વ છે, જેને વસ્સ અને વર્ષાવાસ કહેવામાં આવે છે. જૈન ધર્મની જેમ બૌદ્ધ સાધુઓ માટે પણ વિહાર (યાત્રા)નો નિષેધ છે. આ નિયમનો મુખ્ય ઉદ્દેશ્ય જીવ-જંતુઓની હિંસા ટાળવાનો છે. સાધુઓ એક જ મઠમાં રહીને ધ્યાન, સાધના અને ધર્મનો અભ્યાસ કરે છે. ચાતુર્માસના સમાપનમાં લોકો ભિક્ષુઓને નવા વસ્ત્રો તથા જીવન જરૂરી ચીજવસ્તુઓનું દાન કરે છે.

**ઉપસંહાર :** ચાતુર્માસ એ માત્ર ધાર્મિક કાળ નથી, પણ આધ્યાત્મિક અને નૈતિક પુનર્જીવનનો અવસર છે. આ ચાર મહિના માણસને સંયમ, ભક્તિ, જ્ઞાન અને દાન તરફ દોરી જાય છે. આ સમયમાં કરેલાં સત્તકાર્યો, વ્રત - ઉપવાસ અને સાધના સામાન્ય સમય કરતાં અનેકગણું ફળ આપે છે. સાધકોને જીંદગીનો સાચો અર્થ મળી જાય છે. આમ સમગ્ર રીતે જોઈએ તો ચાતુર્માસમાં સાધના એ જીવનને શાશ્વત દિશા આપતી દિવ્ય શક્તિ છે. ચાતુર્માસ એ આત્મ શુધ્ધિ, ભક્તિ અને તપસ્યાનો સમય છે જે વ્યક્તિને આધ્યાત્મિક માર્ગ પર આગળ વધવામાં મદદ કરે છે.

આમ, ચાતુર્માસનો ઉદ્દેશય તમામ ધર્મો માટે સંયમ, તપસ્યા અને આત્મશુદ્ધિનો છે, જે મનુષ્યને ભૌતિકતામાંથી આધ્યાત્મિકતા તરફ વાળે છે. જપ-તપથી મન નિરોગી રહે છે. યાત્રા પ્રવાસ ટાળવાથી જીવન સુરક્ષિત રહે છે અને સદાચાર તથા દાનથી સામાજિક એકતા મજબૂત બને છે. એટલે જ આપણા પૂર્વજોએ ખૂબ જ દૂરંદેશીથી ચાતુર્માસને ધાર્મિક આવરણમાં ઘડીને દરેકને અનુસરવા પ્રેર્યા છે.

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવમ્ પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

**ચાતુર્માસની સૌને શુભકામનાઓ....**

# ધર્મ સૃષ્ટિ



**સંપાદક : ડૉ. પ્રભુદાસ પટેલ**
શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ
તથા ગુજરાત ગરિમા એવોર્ડ વિજેતા અને
જાણીતા કેળવણીકાર

# શ્રી રામચરિતમાનસ કથાસાર

## ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

**પૂર્વકથા :** રાણી કૈકેયીએ બે વચન રામને વનવાસ અને ભરતને ગાદી માગતાં રાજા ડઘાઈ ગયા. રાજા રામ રામ રટી રહ્યા. વ્યાકુળ થઈ ગયા. ઊંઘ આવી નહીં. રાજા નિત્ય રાતના પાછલા પહોરે જાગી જાય છે; પરંતુ આજે ઉઠ્યા કેમ નથી હે સુમંત જાઓ જઈને રાજાને જગાડો.

**હવે આગળ :**

गए सुमंत्रु तब राउर माहीं ।

देखि भयावन जात डेराहीं ॥

ત્યારે સુમંત રાજ મહેલ ગયા; પરંતુ મહેલ જોઈને તેઓ ડરી ગયા; જાણે વિપત્તિ અને વિષાદે ડેરા તાણી રાખ્યા હોય. કોઈ જવાબ આપતું નથી. પછી જ્યાં રાજા અને કૈકેયી હતાં ત્યાં ગયા. રાજાની દશા જોઈને તે તો સૂકાઈ ગયા. રાજા શોકથી વ્યાકુળ છે. મંત્રી કંઈ પૂછી શકતા નથી; પણ રાણી કૈકેયી બોલ્યાં.

आनहु रामहि बेगि बोलाई ।

समचार तब पूँछेहु आई ॥

રાજા રામ રામ બોલીને સવાર પાડી દીધી; તમે જલ્દી રામને બોલાવી લાવો. સુમંત સમજી ગયા કે, રાણીએ કંઈક કુચાલ ચાલી છે. તેઓ વિચારે છે. રામજીને બોલાવી રાજા શું કહેશે? હૃદયમાં ધીરજ તે દ્વાર પર ગયા. બધા લોકો તેમને ઉદાસ જોઈ રહ્યા. મંત્રી જ્યાં રામચંદ્રજી હતા ત્યાં ગયા.

निरखि बदनु कहि भूप रजाई ।

रघुकुलदीपहि चलेउ लेवाई ॥

શ્રી રામચંદ્રજીના મુખકમળને નિહાળીને રાજાની આજ્ઞા અનુસાર શ્રી રામજીને લઈને ચાલ્યા. રઘુવંશમણિ રામચંદ્રજીએ જઈને જોયું કે રાજા અત્યંત ખરાબ હાલતમાં પડ્યા છે. રાજાના હોઠ સૂકાઈ રહ્યા છે. આખું શરીર બળી રહ્યું છે. પાસે જે ક્રોધમાં બેઠેલાં કૈકેયી જોયાં; જાણે સાક્ષાત મૃત્યુ રાજાની અંતિમ ઘડીઓ ગણી રહ્યું હોય.

करुनामय मृदु राम सुभाउ ।

प्रथम दीख दुखु सुना न काऊ ॥

શ્રી રામચંદ્રજીનો સ્વભાવ કોમળ અને કરુણામય છે. તેમણે જીવનમાં પહેલીવાર આ દુઃખ જોયું. હૃદયમાં ધીરજ ધરીને એમણે મીઠાં વચનોથી માતા કૈકેયીને પૂછ્યું; હે માતા ! મને પિતાજીના દુઃખનું કારણ કહો; જેથી તેનું વિવારણ થાય. કૈકેયી બોલ્યાં. હે રામ! સાંભળો રાજાનો તમારા ઉપર ઘણો સ્નેહ છે.

देन कहेन्हि मोहि दुइ बरदाना ।

मागेउँ जो कछु मोहि सोहाना ॥

એમણે મને બે વરદાન આપવાનું કહ્યું હતું. મને જે ઠીક લાગ્યું તે મેં માગ્યું. તેને સાંભળી રાજાના હૃદયમાં શોક થઈ ગયો; કેમકે તેઓ તેમારો સ્નેહ છોડી શકતા નથી. જો તમે કરી શકોતો રાજાની આજ્ઞા શિરે ધરી એમના કલેશને મટાડો. શ્રી રામચંદ્રજી સુંદર અને કોમળ વચન બોલ્યા.



सुनु जननी सोइ सुतु बडभागी ।

जो पितु मातु बचन अनुरागी ॥

હે માતા ! સાંભળો એ પુત્ર ભાગ્યશાળી છે; જે માતા-પિતાનાં વચનો પાળે છે. હે જનની આ આખાય સંસારમાં દુર્લભ છે. કૈકેયીની કઠોર અને કડવી વાણી સાંભળી શ્રી રામચંદ્રજી બોલ્યા.

भरतु प्रानप्रिय पावहिं राजू ।

बिधि सब बिधि मोहि सनमुख आजू ॥

હે માતા ! મને વનમાં મુનિઓનો મેળાપ થશે. અને ભરત તો મને પ્રાણપ્રિય છે. જો આવા કાર્યને માટે હું વનમાં ન જાઉં તો મુર્ખાઓના સમાજમાં મારી ગણતરી કરવી જોઈએ. હે માતા ! મહારાજાને અત્યંત વ્યાકુળ જોઈને આ આટલી નાનકડી વાત માટે પિતાજીને આટલું ભારે દુઃખ કેમ થયું.

(ક્રમશઃ આવતા અંકમાં)

# ધર્મ સૃષ્ટિ



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# ભક્તરાજ પ્રહલાદજી

**"ભક્તિ પાતાળ નીપજે, પહુંચે અનંત આકાશઃ**
**દાબીદૂબી ના રહે, કસ્તુરીની વાસ."**



ગમે તેવા વિપરીત સંયોગ હોય તોપણ ભક્તિની સુગંધને, તેના સામર્થ્યને દાબી શકાય તેમ નથી. સૂર્યનો ઉદય થાય પછી તેના પ્રકાશને કોઈ ઢાંકી શકે ? સૂર્યના પ્રકાશને ઢાંકી શકાય તો ભક્તિની સુગંધને દાબી શકાય !

સદીઓ, સહસ્રાબ્દીઓ વીતી ગઈ છતાં ભક્તરાજ પ્રહલાદનું નામ ભક્તિના આકાશમાં સુવર્ણાક્ષરે મંડિત થયેલું છે. આ ભક્તિનો મહિમા છે, આ ભક્તિની સુગંધનું સામર્થ્ય છે !

અરે ! જુઓ, જુઓ! ભક્તિનો મહિમા હજુ પણ જુઓ ! અસુરકુળમાં જન્મેલા અસુરો પણ જો ભક્તો હોય તો તેમની ગણના અસુરોમાં નહિ પણ ભક્તોમાં થાય છે. પ્રહલાદ અસુરકુળમાં જન્મ્યા છે. અસુરોના અધિપતિ હિરણ્યકશિપુના પુત્ર છે, તો પણ પ્રહલાદને કોણ અસુર ગણે ? આપણે પ્રહલાદજીની ગણના અસુરોમાં નહિ પણ ભક્તોમાં કરીએ છીએ. વિભીષણની ગણના અસુરોમાં નહિ ભક્તોના પણ અગ્રણી તરીકે થાય છે. મહારાજ બલિને કોણ અસુર કહી શકે ? અહીં વૃત્રાસુર પણ ભગવદ્‌ભક્ત ગણાય છે.

દુષ્ટ પુરુષ પણ જો ભગવાનનો શરણાગત બને તો તે સાધુપુરુષ જ ગણાય છે, તેવું ભગવાનનું વચન છે.

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥ - ગીતા; ૯.૩૦

"જો કોઈ અતિશય દુરાચારી પણ અનન્યભાવે મને ભજે તો તે પણ સાધુપુરુષ ગણાય છે, કારણ કે તેણે પરમાત્માના ભજનને સર્વોચ્ચ ગણીને તેનો અનન્યભાવે સ્વીકાર કર્યો છે."

જો દુષ્ટો પણ ભગવાનના શરણાગત બનવાથી સાધુ ગણાય છે, તો પછી ભક્તરાજ પ્રહલાદ, ભક્તરાજ વિભીષણ, ભક્તરાજ બલિ અને અંતિમપળે ભગવાનનો શરણાગત બનનાર ભક્તરાજ વૃત્રાસુરની મહાનતાની તો વાત જ શી કરવી ! ભક્તોની આ નામાવલીમાં પણ ભક્તરાજ પ્રહ્લાદજી તો સુવર્ણલંકારમાં ચળકતાં મૂલ્યવાન રત્ન સમા શોભે છે.

પરીક્ષિત મહારાજ શુકદેવજીને પૂછે છે - "ભગવન્ ! પરમાત્મા તો સર્વ પ્રપંચથી સર્વથા અતીત છે, નિર્ગુણ છે, ભેદભાવથી રહિત છે, તોપણ તેમણે ઈન્દ્રાદિ દેવોનો પક્ષ લઈને વૃત્રાસુર આદિ દૈત્યોનો વધ શા માટે કરાવ્યો ? ભગવાને દેવોનો પક્ષપાત કેમ કર્યો ?"

શુકદેવજી પરીક્ષિત મહારાજની આ શંકાનું સમાધાન કરતાં કહે છે - "રાજન્, ! પરબ્રહ્મ પરમાત્મા ત્રિગુણાતીત છે છતાં પોતાની માયાથી તે સત્વાદિ ગુણો ધારણ કરી શકે છે. ભગવાન સમ હોવા છતાં સત્વાદિ ગુણોના ઉત્કર્ષ માટે રજોગુણી-તમોગુણી અસુરોના સંહાર પણ કરે છે અને સત્વપ્રધાન દેવોનો ઉત્કર્ષ પણ કરે છે. ભગવાન ગુણો ધારણ કરે છે છતાં ગુણાતીત રહે છે અને દેવોનો પક્ષ લેવા છતાં સમ અવસ્થામાં રહે છે. ભગવાન પરસ્પર વિરોધી ગુણોનું આશ્રયસ્થાન હોવાથી તેમનામાં આ સર્વ સંભવે છે."

આ વિષયને વધુ સ્પષ્ટ કરવા માટે શુકદેવજી મહારાજ પરીક્ષિતજીને દેવર્ષિ નારદ અને મહારાજ યુધિષ્ઠિર વચ્ચે થયેલો એક સંવાદ સંભળાવે છે, જે સંવાદમાં ભક્તરાજ પ્રહ્લાદજીનું ચરિત્ર વર્ણવાયું છે.

મહારાજ યુધિષ્ઠિરે રાજસૂયયજ્ઞ કર્યો હતો. તે પ્રસંગે શિશુપાલે ભગવાન શ્રીકૃષ્ણ વિશે ઘણી અશિષ્ટ વાણીનો પ્રયોગ કર્યો હતો. અંતે ભગવાન શ્રીકૃષ્ણે પોતાના સુદર્શનચક્રથી શિશુપાલનું મસ્તક કાપી નાખ્યું. તે વખતે એક ઘણી આશ્ચર્યકારક ઘટના બની. શિશુપાલના શરીરમાંથી તેનું તેજ (જીવાત્મા) નીકળીને ભગવાન શ્રીકૃષ્ણમાં સમાઈ ગયું. આ પરમ આશ્ચર્યકારક ઘટના જોઈને મહારાજ યુધિષ્ઠિરે તે સભામાં ઉપસ્થિત દેવર્ષિ નારદજીને આ ઘટનાનું રહસ્ય સમજાવવા પ્રાર્થના કરી. યુધિષ્ઠિરને જય-વિજયની કથા અને પ્રહલાદચરિત્ર સંભળાવ્યા. આ કથા અને ચરિત્ર શુકદેવજી પરીક્ષિતજીને અને સુતજી શૌનકાદિ ઋષિઓને સંભળાવે છે.

ભગવાન વિષ્ણુના પાર્ષદો જય-વિજયે સનતકુમારોનો અપરાધ કર્યો તેથી તેમને વૈકુંઠમાંથી પતનનો અને અસુરયોનિની પ્રાપ્તિનો શાપ મળ્યો. આ જય-વિજય પ્રથમ જન્મમાં હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુ, દ્વિતીય જન્મમાં રાવણ-કુંભકર્ણ અને અંતિમ તૃતિય જન્મમાં શિશુપાલ-દંતવક્ત્ર રૂપે આવ્યા. શિશુપાલ ભગવાનનો પાર્ષદ જ છે અને શાપથી મળેલો તેનો આ અંતિમ જન્મ જ છે, તેથી શરીરત્યાગ કરીને ભગવાનમાં મળી જાય છે.

જય-વિજયના આ ત્રણે અવતારો દરમિયાન તેમણે ભગવાનની વૈરભાવે જ ઉપાસના કરી છે, તેથી તેઓ ભગવાન વિરોધી તરીકે વ્યવહાર કરે છે, તે સ્વાભાવિક છે. જય અને વિજય શાપવશ થયેલા પોતાના પ્રથમ અવતારમાં હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષરૂપે આવ્યા. તેમણે કશ્યપઋષિનાં પત્ની દિતિના ગર્ભ દ્વારા જન્મ ધારણ કર્યો છે.

બંનેમાંથી નાના હિરણ્યાક્ષનો ભગવાન વરાહે વધ કર્યો છે. પોતાના નાનાભાઈના વધથી હિરણ્યકશિપુને ભગવાન વિષ્ણુ પ્રત્યે ખૂબ રોષ ઉત્પન્ન થયો છે. તે શોકથી સંતપ્ત અને ક્રોધથી કંપી ઊઠ્યો.

હિરણ્યકશિપુએ પોતાના ભાઈની હત્યા કરનાર ભગવાન વિષ્ણુની હત્યા કરવાની પ્રતિજ્ઞા કરી અને દૈત્યોને પૃથ્વી પર યજ્ઞયાગ, દેવપૂજન આદિ ધાર્મિક કાર્યોનો ઉચ્છેદ કરવાની આજ્ઞા આપી. તેણે પોતાના ભાઈની પત્ની, ભત્રીજાઓ અને પોતાની માતાને આશ્વાસન આપ્યું.

અજર, અમર, અજય અને સંસારના એકછત્ર સમ્રાટ બનવાની ઈચ્છાથી હિરણ્યકશિપુએ મંદરાચલની એક ખીણમાં અત્યંત દારુણ તપશ્ચર્યા કરવાનો પ્રારંભ કર્યો. બંને હાથ ઊંચા રાખીને આકાશ તરફ દૃષ્ટિ રાખીને તે માત્ર પગના અંગૂઠા પર ઊભો રહ્યો. તપશ્ચર્યાના પ્રભાવથી તેમની જટા પ્રલયકાળના સૂર્યનાં કિરણો જેવી ચમકી રહી હતી.

જ્યારે હિરણ્યકશિપુ તપશ્ચર્યામાં સંલગ્ન હતો ત્યારે દેવો ફરીથી પોતાના

# ધર્મ સૃષ્ટિ

સ્થાનો અને પદો પર પ્રતિષ્ઠિત થઈ ગયા. દીર્ઘકાળ સુધી તપશ્ચર્યા કર્યા પછી, તપશ્ચર્યાના પ્રભાવથી તેમના મસ્તકમાંથી ધુમાડા સહિત અગ્નિ નીકળવા લાગ્યો. આ અગ્નિની જ્વાળાઓ ચારે બાજુ ફેલાઈ ગઈ અને લોકોને બાળવા લાગી. હિરણ્યકશિપુની આ તપો-જ્વાળાથી સ્વર્ગના દેવો પણ બળવા માંડ્યા. હિરણ્યકશિપુના તપનો આવો તાપ જોઈને દેવો ગભરાયા અને તેઓ બ્રહ્માજી પાસે ગયા અને આ વિટંબણામાંથી મુક્ત કરવા માટે દેવોએ બ્રહ્માજીને પ્રાર્થના કરી.

દેવોની પ્રાર્થના સાંભળીને બ્રહ્માજી ભૃગુ, દક્ષ વગેરે પ્રજાપતિઓ સાથે હિરણ્યકશિપુના આશ્રમ પર ગયા. બ્રહ્માજીએ જોયું કે રાફડાની માટી, ઘાસ અને વાંસથી તેનું શરીર ઢંકાઈ ગયું હતું. તેના શરીરનાં માંસ, લોહી, મેદ અને ત્વચાને કીડીઓ ખાઈ ગઈ હતી. વાદળોથી ઢંકાયેલા સૂર્ય જેવો તે પોતાની તપશ્ચર્યાના તેજથી લોકોને તપાવી રહ્યો હતો. હિરણ્યકશિપુની આવી માહન તપશ્ચર્યા જોઈને બ્રહ્માજી પણ વિસ્મિત થઈ ગયા. તેની આવી તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને બ્રહ્માજીએ તેને વરદાન માગવા કહ્યું અને પોતાના કમંડલુમાંથી જળ છાંટીને તેના શરીરને પૂર્વવત્ પુષ્ટ અને બળવાન બનાવી દીધું.

બ્રહ્માજીનાં દર્શનથી હિરણ્યકશિપુ આનંદ પામ્યો. તેણે જમીન પર મસ્તક મૂકીને બ્રહ્માજીને નમસ્કાર કર્યા અને ગદગદ વાણીથી બ્રહ્માજીની સ્તુતિ કરી. સ્તુતિથી પ્રસન્ન થયેલા બ્રહ્માજી પાસે હિરણ્યકશિપુએ આ પ્રમાણે વરદાન માગ્યાં.

(૧) બ્રહ્માજીના બનાવેલા કોઈ પણ પ્રાણીથી હિરણ્યકશિપુનું મૃત્યુ ન થાઓ. (૨) કોઈ પણ મકાનની અંદર કે બહાર તેનું મૃત્યુ ન થાઓ. (૩) તેનું મૃત્યુ દિવસે પણ ન થાઓ કે રાત્રે પણ ન થાઓ. (૪) કોઈ પણ અસ્ત્ર-શસ્ત્રથી તેનું મૃત્યુ ન થાઓ. (૫) પૃથ્વી પર કે આકાશમાં તેનું મૃત્યુ ન થાઓ. (૬) કોઈ પણ માનવ, દેવ, દાનવ, નાગ કે કોઈ પણ અન્ય પ્રાણીથી તેનું મૃત્યુ ન થાઓ. (૭)યુદ્ધમાં કોઈ પણ જીવ તેનો સામનો ન કરી શકે. (૮) તે ત્રણે ભુવનનો એકમાત્ર અધિપતિ બને. (૯) ઈન્દ્રાદિ લોકપાલોમાં જેવો બ્રહ્માજીનો મહિમા છે, તેવો મહિમા તેનો પણ થાઓ. (૧૦) તપસ્વીઓ અનો યોગીઓને જે ઐશ્વર્યો-સિદ્ધિઓ મળે છે, તે સર્વ તેને પણ પ્રાપ્ત થાઓ.

બ્રહ્માજીએ 'તથાસ્તુ' કહી, તેને આ સર્વ વરદાનો આપ્યાં.

હિરણ્યકશિપુની ઈચ્છા અજર-અમર થવાની હતી પરંતુ સ્પષ્ટ ભાષામાં આવું વરદાન તેણે માગ્યુ નહિ. બ્રહ્માજી પોતે અજર-અમર નથી. કલ્પાન્તે તેમના આયુષ્યના સો વર્ષ પુરા થતાં બ્રહ્માજી પણ બદલાય છે. તેથી બ્રહ્માજી કોઈને શાશ્વત અમરતાનું વરદાન આપી શકે નહિ. આમ હોવાથી ચતુર હિરણ્યકશિપુએ ચાલાકીપૂર્વક એવાં વરદાનો માગ્યા કે તે લગભગ અજર-અમર બની જાય. આ વરદાનોનું સ્વરૂપ એવું છે કે બ્રહ્માજીએ 'તથાસ્તુ' કહ્યું. એટલે તેણે સ્પષ્ટ રીતે માની લીધું કે તે હવે અજર-અમર બની ગયો છે.

જીવ ધારે છે એક અને ઈશ કરે બીજું. જીવ પોતાની જાતને છેતરી શકે છે. અન્ય જીવને છેતરી શકે છે; પરંતુ ઈશ્વરને છેતરી શકાતો નથી. દુષ્ટબુદ્ધિથી કરેલી તપશ્ચર્યા ગમે તેટલી પ્રચંડ હોય તોપણ આખરે તો તે પોતાને જ હણે છે. હિરણ્યકશિપુએ માની લીધું કે તે હવે અજર-અમર બની ગયો છે. તેને મારી શકાય તેવો કોઈ ઉપાય કોઈની પાસે નથી. કોઈ જીવ પાસે તે ઉપાય નથી, તે સાચું છે પરંતુ ઈશ પાસે તો ઉપાય હોય જ છે.

બ્રહ્માજી પાસેથી લગભગ અજર-અમર હોવાનું વરદાન પામીને હિરણ્યકશિપુ અતિ ઉન્મત્ત બની ગયો. આ મહાબળવાન અસુરે દેવો, અસુરો, માનવો અને સર્વ જીવોને જીતીને ત્રિલોકમાં પોતાની એકછત્ર સત્તા સ્થાપિત કરી. તે ઈન્દ્રાસન પર બિરાજમાન થતો અને દેવો, ગંધર્વો, સિધ્ધો અને અસુરો પણ તેની સ્તુતિ કરતા અને સેવા માટે તત્પર રહેતા. યજ્ઞ-યાગની આહુતિઓ દેવો પાસેથી તે જ છીનવી લેતો. તેનાં શક્તિ અને તેજ પાસે દેવો પણ ઝાંખા અને દુર્બળ બની ગયા.

શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન થવા માંડ્યું અને ત્રિલોકીમાં સર્વત્ર ધર્મના સ્થાને અધર્મનું શાસન સ્થપાયું. તેના કઠોર શાસનથી દેવો અને લોકપાલો ભયભીત બની ગયા અને તેઓ સૌ ભગવાનને શરણે ગયા.

તેમણે સૌએ ભોજન-શયનનો ત્યાગ કરી, ઈન્દ્રિયોને સંયમિત અને મનને સમાહિત કરીને નિર્મળ હૃદયથી ભગવાનની આરાધના કરી. તેમની પ્રાર્થનાથી ભગવાન પ્રસન્ન થયા અને એક દિવસે તેમને સૌને મેઘ સમાન ગંભીર આકાશવાણી સંભળાઈ- “હે દેવો ! તમે ડરો નહિ. દુષ્ટ અસુર હિરણ્યકશિપુનાં હીન કર્મો અને ત્રાસને હું જાણું છું. તમે સૌ ધૈર્ય ધારણ કરો અને પ્રતીક્ષા કરો. તે બ્રહ્માજીના વરદાનને કારણે શક્તિસંપન્ન છે પરંતુ તે જ્યારે પોતાના મહાત્મા પુત્ર પ્રહલાદનો દ્રોહ કરશે ત્યારે હું તેને અવશ્ય હણી નાખીશ.” ભગવાનના આશ્વાસનથી દેવો શાંત થયા અને ભગવાનને પ્રણામ કરી સૌ પોતાને સ્થાને પાછા આવ્યા.

દૈત્યરાજ હિરણ્યકશિપુને ચાર પુત્રો હતા. આ ચારેમાં પ્રહલાદ ઉંમરમાં સૌથી નાના પરંતુ ગુણોમાં સૌથી મોટા હતા. પ્રહલાદજી ભગવદભક્ત, સંતસેવી, સૌમ્ય, નિર્ભય, સત્યપ્રતિજ્ઞ, જિતેન્દ્રિય અને સૌની સાથે સમાન વ્યવહાર કરનારા હતા. પ્રહલાદજી જન્મથી અસુર હોવા છતાં તેમનામાં લેશમાત્ર આસુરી વૃત્તિ ન હતી. તેમના સર્વ ગુણોમાં સર્વશ્રેષ્ઠ ગુણ હતો. ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં સ્વાભાવિક અને જન્મજાત ભક્તિ.

ભગવાન શુક્રાચાર્ય અસુરોના પુરોહિત હતા. તેમના બે પુત્રો હતા શંડ અને અમર્ક. તેઓ બંને પ્રહાલાદ અને અન્ય અસુર બાળકોના શિક્ષકો હતા અને બાળકોને રાજનીતિ, અર્થનીતિ વગેરે વિષયો શીખવતા હતા.

એક દિવસ હિરણ્યકશિપુએ પોતાના વહાલા પુત્ર પ્રહલાદને અંકમાં બેસાડીને પ્રેમથી પૂછ્યું - “બેટા ! પ્રહલાદ ! કહો, તને સર્વથી શ્રેષ્ઠ શું લાગે છે ?”

પ્રહલાદજીએ પોતાની સ્વાભાવિક રુચિ પ્રમાણે ઉત્તર આપ્યો - “પિતાજી ! અધઃપતનના કારણ સમાન અને અંધારિયા કૂવા સમાન આ ઘરને છોડીને અરણ્યમાં ચાલ્યા જવું અને ભગવાન શ્રીહરિના શરણાગત થઈને, તેમની આરાધના કરવી, તે જ મને તો સર્વોચ્ચ શ્રેયસ્કર લાગે છે.”

પોતાના પુત્રના મુખે ભગવાન વિષ્ણુની આરાધનાની પ્રશંસા સાંભળીને ભગવાન વિષ્ણુને દુશ્મન માનનાર હિરણ્યકશિપુને આશ્ચર્ય થયું પરંતુ પ્રહલાદને બાળક માનીને તે શાંત રહ્યો અને ખડખડાટ હસીને બોલ્યો -

“અરે ! બાળકો તો બીજાના શીખવ્યા પ્રમાણે શીખે છે. એવું લાગે છે કે ગુરુની પાઠશાળામાં કોઈ વિષ્ણુપક્ષપાતી બ્રાહ્મણોએ આ બાળકને ભરમાવ્યો છે.” ત્યારપછી હિરણ્યકશિપુએ પ્રહલાદજીના શિક્ષકો શંડ અને અમર્કને બાળકના મનમાં વિષ્ણુ પ્રત્યે સ્નેહ ન વધે તે જોવાની તાકીદ કરી. બંને શિક્ષકો તો હિરણ્યકશિપુના સેવક અને પરાધીન હતા. તેમને ડર પણ લાગ્યો કે પ્રહલાદ વિષ્ણુભક્ત થશે તો અસુરરાજ તેમના પર ખૂબ ક્રોધે ભરાશે અને કઠોર દંડ પણ આપશે. બંને શિક્ષકોએ પ્રહાલદજીને સામ, દામ, દંડ અને ભેદથી વિષ્ણુનો વિરોધી બનાવવા ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ પ્રહલાદજી તો જન્મજાત ભક્ત હતા.

ક્રમશઃ આવતા અંકે...

ધર્મ સૃષ્ટિ



**પ્રા. ડો. હર્ષદેવ માધવ**
લેખક મૂર્ધન્ય સંસ્કૃત સાહિત્યકાર અને સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા છે.

# ગુરૂ - શિષ્યના સંબંધો

**आचार्य उपनयमानो ब्रह्मचारिणं कृणते गर्भमन्तः ।**
**तं रात्रीस्तिस्त्र उदरे बिभर्ति तं जातं द्रष्टुमभिसंयन्ति देवाः ॥**

(અથર્વવેદ ૧૧-૭-૩)



બ્રહ્મચારીને પોતાની પાસે બોલાવીને (ઉપનયન સંસ્કાર કરીને) આચાર્ય પોતાના જ્ઞાનરૂપી શરીરના ગર્ભમાં એને ધારણ કરે છે. આચાર્ય ત્રણ રાત સુધી એને પોતાના ગર્ભમાં રાખે છે. જ્યારે બીજો આધ્યાત્મિક જન્મ લઈ એ બહાર આવે છે ત્યારે દેવગણ (દિવ્ય શક્તિ પ્રવાહ અથવા સત્ પુરુષ) એકઠા થાય છે.

આ સૂક્ત બ્રહ્મચર્ય સૂક્ત તરીકે જાણીતું છે તેના દેવતા બ્રહ્મચારી છે. અને ઋષિ બ્રહ્મા છે. ઉરો બ્રહતી છંદ છે. બ્રહ્મ એટલે પરમતત્વ અને ચર એટલે આચરણ કરવું, અથવા જવું આમ, બ્રહ્મચર્ય એટલે બ્રહ્મ તરફ ગતિ કરવી. જે બ્રહ્મ તરફ ગતિ કરે છે તે બ્રહ્મચારી છે. ઉપનયન એટલે જનોઈ. 'ઉપ' એટલે પાસે 'નયન' એટલે લઈ જવું. ઉપનયન સંસ્કાર પછી બાળકને આચાર્ય પાસે લઈ જવાતો. અહીં આચાર્ય શિષ્યને પોતાના જ્ઞાનરૂપી ગર્ભમાં ધારણ કરે છે અને જેમ માતાના ગર્ભમાં બાળકનો પિંડ બંધાય, તેનો આકાર અને અવયવો આકાર લે તેમ આચાર્ય શિષ્યની બુદ્ધિ, પ્રતિભા, સંસ્કાર, વિચારો વગેરેને નિશ્ચિત આકાર આપે છે અને તેના જ્ઞાનના પિંડને સ્વરૂપ આપીને શિષ્યનું નિર્માણ કરે છે. બાળક ગર્ભમાં હોય ત્યારે બાળકને કોઈ ચિંતા રહેતી નથી. તેનું ઘડતર, નિર્માણ, માવજત અને સંવર્ધન માતા કરે છે એમ ગુરુ પણ પોતાના જ્ઞાનના ગર્ભમાં બાળકનું સર્જન, સંવર્ધન અને સંરક્ષણ કરે છે.

આ મંત્રમાં ત્રણ રાત્રિનો ઉલ્લેખ છે, દિવસનો નહીં. આથી, આ ત્રણ રાત્રિ પ્રતીકાત્મક છે. અજ્ઞાન, આળસ અને આસક્તિ ત્રણ રાત્રિઓ છે. ગુરુ આ રાત્રિઓમાં તેને જાગૃત રહેવાનું શીખવાડે છે. ભગવદ્ગીતામાં જે સર્વ પ્રાણીઓ માટે રાત્રિ છે તેમાં સંયમી પુરુષ જાગતો રહે છે એમ કહીને આ રાત્રિઓનો ઉલ્લેખ કર્યો છે. ભગવદ્ગીતાના આઠમા અધ્યાયમાં ધૂમાડો, રાત્રી કૃષ્ણપક્ષ, દક્ષિણાયન (છમાસ) વગેરેને ચંદ્રમાની જ્યોતિ એટલે કે રાત્રિ કહી છે. પ્રશ્નોપનિષદ્‌ના પ્રથમ પ્રશ્નમાં પણ કૃષ્ણ પક્ષ, રાત્રિ અને દક્ષિણાયનને 'રયિ' કહેવાયા છે. (૧-૧૨)આ રીતે રાત્રિ ભૌતિકતા અને આસક્તિનું પ્રતીક છે. ગુરુ આસક્તિ રોકવા માટે ઈન્દ્રિયસંયમ શીખવાડે છે. આળસની સામે શ્રમ અને તપનો માર્ગ બતાવીને શિષ્યને શરીર અને મનથી સશક્ત, તંદુરસ્ત અને બળવાન બનાવે છે. તે જ્ઞાન દ્વારા અજ્ઞાનને દૂર કરે છે. શિષ્યના માટે ઉત્તરાયણ, દિવસ, શુક્લપક્ષ અને દેવયાનનું સર્જન કરે છે. આ રીતે પ્રતીકાત્મક એવી ત્રણ રાત્રિ શિષ્યને પોતાના જ્ઞાનના ગર્ભમાં રાખીને આચાર્ય શિષ્ય માટે પૃથ્વીલોક, પિતૃલોક અને દેવલોક ત્રણેયમાં કલ્યાણ થાય તેવુ સર્જન કરે છે. આથી જ દિવ્ય અને આધ્યાત્મિક શક્તિ મળ્યા પછી શિષ્યને દેવો અભિનંદન આપવા એકઠા થાય છે. શ્રમ દ્વારા પૃથ્વીને પામી શકાય છે. તપ દ્વારા મન અને આધ્યાત્મિક જ્ઞાનની વૃદ્ધિ થાય છે. અને સંયમ તથા ધર્મ દ્વારા પરલોકમાં કલ્યાણ થાય છે. આજ શિષ્ય માટેનો પ્રકાશ લોક છે. આચાર્યનાં ત્રણ મુખ્ય લક્ષણો છે.

(૧) શાસ્ત્રનો સંગ્રહ કરવો અને શાસ્ત્રોના અર્થ કરવા,

(૨) જ્ઞાનને શબ્દબદ્ધ કરવું અને સમજાવવું,

(૩) પોતાના આચારો શિષ્યોને વાણી, આચરણ અને ઉપદેશથી શીખવાડવા.

**શિષ્ય અને ગુરુના સંબંધો પુત્ર અને માતાના સંબંધો કરતાં પણ વિશેષ છે.**

■ ■


ZEN
GARDEN
4 BHK &
4 BHK ++ FLATS
SAMPLE FLAT READY
Carpet Area
2079 Sq. Ft.
2665 Sq. Ft.
Huge Height
Slab Top to Slab Top
Basement | 13′
Ground Floor | 13′3″
First Floor | 14′9″
70% Open Area & 30% Typical Construction
Superior Build & Work Quality
Lavish Amenities For All Age Groups
26000 Sq Ft Podium Garden
2 Allotted Car Parking
2nd Plot From Ring Road Purely Residential Project
Easy Connectivity With Industrial Areas like Shapar, Metoda & Vavdi
Our Associate Projects
36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE
Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229
New 150 Feet Ring Road,
Near Sky Diamond Apartment, Rajkot
Contact : 77000 53000


ZEN
GARDEN
4 BHK &
4 BHK ++
FLATS
SAMPLE
FLAT
READY
Carpet Area
2079 Sq. Ft.
2665 Sq. Ft.
Top Brand Products
TOTO | Sanitary Fittings
GROHE | CP Fittings
DGU | Window
6X4 TILES WITH IPS | Tiles
• East - West Open Flats
• Large Beam & Column Less Living & Dining Area
• Water Meter Installed in Flats
• Separate Metered Water Line, Direct From Bore, on 2nd & 3rd Floor for Vaishnav
• Rare 10'8" Slab Top to Slab Top Flat Height
Our Associate Projects
36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE
Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229
New 150 Feet Ring Road,
Near Sky Diamond Apartment, Rajkot
Contact: 77000 53000

कवर स्टोरी



**પ્રો. ડો. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા
મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# શક્તિની ભક્તિનો ઉત્સવ નવરાત્રિ

## सर्व मंगल मांगल्ये शिवे सर्वार्थ साधिके । शरण्ये त्र्यंबके गौरी नारायणी नमोस्तुते ॥

હિન્દુ ધર્મના તહેવારોમાં નવરાત્રિ ખૂબ જ મહત્ત્વનો તહેવાર છે. આ તહેવારની ઉજવણી નવ રાત અને નવ દિવસ સુધી કરવામાં આવે છે. નવ દિવસમાં દેવીના નવ સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. સંપૂર્ણ શ્રધ્ધા અને ભક્તિ સાથે ઉજવવામાં આવે છે. પ્રતિ વર્ષ આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધીના નવ દિવસો નવરાત્રિ મહોત્સવના નામે ઓળખાય છે.

**વર્ષમાં કેટલી નવરાત્રિ આવે છે ?**

નવરાત્રિ એ માં ભગવતીની ઉપાસનાનું પર્વ છે. નવરાત્રિને હિન્દુ ધર્મમાં ખાસ માનવામાં આવે છે, જે વર્ષમાં ચાર વાર આવે છે. આમાં બે ગુપ્ત અને બે પ્રગટ નવરાત્રિ હોય છે. જો કે વધારે પડતા લોકો ચૈત્ર નવરાત્રિ અને આસો મહિનામાં આવતી શરદીય નવરાત્રિ અંગે જ જાણે છે. વર્ષમાં આવતી બધી જ નવરાત્રિમાં મા ભગવતીના નવ રૂપોની પૂજા નવ દિવસ સુધી કરવામાં આવે છે. ઉત્તર ભારતમાં લોકો નવરાત્રિ દરમિયાન નવ દિવસની ઉપાસના કરે છે અને નવમા દિવસે મા દુર્ગાની પૂજા કરીને અનુષ્ઠાન સમાપ્ત કરે છે.

**(૧) વર્ષની પ્રથમ નવરાત્રિ ચૈત્ર નવરાત્રિ :-** ચૈત્ર મહિનામાં આવતી ચૈત્ર નવરાત્રિને વર્ષની પ્રથમ નવરાત્રિ કહેવામાં આવે છે. ચૈત્ર નવરાત્રિને પ્રગટ નવરાત્રિ પણ કહેવામાં આવે છે. આ નવરાત્રિમાં પૂરા નવ દિવસ સુધી મા દુર્ગા (Goddess Durga) ના નવ અલગ-અલગ રૂપોની પૂજા કરવામાં આવે છે. આ નવરાત્રિ બાબતમાં એમ કહેવાય છે કે દેવી દુર્ગા પોતાના પિયરમાં જવા અને ભક્તોને આશીર્વાદ આપવામાં માટે પૃથ્વી લોક પર આવે છે, આથી તેને એક મોટા ઉત્સવના રૂપમાં મનાવવામાં આવે છે. દુર્ગાના નવ રૂપ - શૈલીપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રિ, મહાગૌરી તથા સિદ્ધિદાત્રીની પૂજા કરવામાં આવે છે.

**(૨) અષાઢ મહિનાની ગુપ્ત નવરાત્રિ :-** આ વર્ષની બીજી નવરાત્રિ હોય છે. આને ગુપ્ત નવરાત્રિ પણ કહેવામાં આવે છે. તેમાં પૂરા નવ દિવસ સુધી તંત્ર સાધના દ્વારા માતાજીને પ્રસન્ન કરવામાં આવે છે. આમાં ૧૦ મહાવિદ્યાઓ - કાલી, તારા, છિન્નમસ્તા, ષોડશી, ભુવનેશ્વરી, ત્રિપુરભૈરવી, ધુમાવતી, બગલામુખી, માતંગી તથા કમલાની પૂજા કરવામાં આવે છે.

**(૩) અશ્વિન મહિનાની શારદીય નવરાત્રિ :-** આ નવરાત્રિ ખૂબ જ પ્રસિદ્ધ હોય છે અને સમગ્ર દેશમાં મોટા ઉત્સવની જેમ મનાવવામાં આવે છે. આને પ્રગટ નવરાત્રિ અથવા મહાનવરાત્રિ પણ કહે છે. આ નવરાત્રિની સાથે જ ઠંડીની શરૂઆત થઈ જાય

છે. આ નવરાત્રિમાં દુર્ગાના નવ રૂપોની પૂજા થાય છે. આમાં રાસ-ગરબા, ગરબી, દાંડિયા રાસ, ઉત્સવ, મેળા, પ્રાર્થના, કન્યાપૂજન, મૂર્તિ વિસર્જન વિગેરેનું ખૂબ મહત્ત્વ હોય છે. પ્રતિ વર્ષ આસો સુદ એકમથી નોમ સુધીના નવ દિવસો નવરાત્રિ મહોત્સવના નામે ઓળખાય છે. શરદઋતુમાં આવતી હોવાથી તેને શારદીય નવરાત્રિ પણ કહે છે.

**(૪) અંતિમ અને ચોથી નવરાત્રિ (ગુપ્ત નવરાત્રિ) :-** માઘ મહિનામાં આવતી આ નવરાત્રિને માઘ નવરાત્રિ કહે છે. આ ચોથી અને અંતિમ નવરાત્રિ હોય છે, આને ગુપ્ત નવરાત્રિ કહે છે. આ નવરાત્રિમાં ખાસ કરીને ગુપ્ત સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે સાધના કરવામાં આવે છે. આમાં સાધક પોતાની સાધનાથી મા ને પ્રસન્ન કરી ચમત્કારિક શક્તિઓ મેળવે છે. એવું કહેવાય છે કે નવરાત્રિ દરમિયાન શક્તિની આરાધના કરવાથી અપાર શક્તિઓ પ્રાપ્ત થાય છે.

**નવરાત્રિનું મહત્ત્વ :-** નવરાત્રિનો તહેવાર - અનાદિકાળથી ઉજવવામાં આવે છે. નવરાત્રિને 'નવરાત' અથવા 'નોરતા' ના નામોથી પણ જાણીએ છીએ. આ તહેવાર ભારતના લોકો સદીઓથી માતા દુર્ગા પ્રત્યેની તેમની ભક્તિ દર્શાવવા માટે તેમના નવ સ્વરૂપોની પૂજા કરીને ઉજવે છે. જેમાં નવરાત્રિ દરમિયાન લોકો નવ દિવસના ઉપવાસ અથવા નકોરડા પણ રાખે છે, અનિષ્ટ પર સારાની જીતના ઉત્સવ તરીકે ઉજવે છે. એવું માનવામાં આવે છે કે નવરાત્રિનું વ્રત સંપૂર્ણ મનોકામનાઓ પૂર્ણ કરે છે.

**નવરાત્રિનું ધાર્મિક મહત્ત્વ :-** પૌરાણિક કથા અનુસાર મહિષાસૂર નામનો એક રાક્ષસ ખૂબ જ શક્તિશાળી હતો. તે અમર થવા માંગતો હતો. તેની ઈચ્છા પૂરી કરવા માટે તેણે બ્રહ્માજીની કઠોર તપસ્યા કરી હતી. તેની તપસ્યાથી પ્રસન્ન થઈ બ્રહ્માજીએ દર્શન આપ્યા અને વરદાન માગવા કહ્યું. મહિષાસૂરે પોતાને માટે અમર થવાનું વરદાન માગ્યું. મહિષાસૂરની આ વાત સાંભળી બ્રહ્માજી બોલ્યા કે - "જે વ્યક્તિએ સંસારમાં જન્મ લીધો છે તેનું મૃત્યુ નિશ્ચિત છે, માટે કોઈ અન્ય વરદાન માગ." મહિષાસૂરે કહ્યું કે - "પ્રભુ મને એવું વરદાન આપો કે મારું મૃત્યુ ન તો કોઈ દેવતા કે અસૂરના હાથે થાય કે ન કોઈ મનુષ્યના હાથે." મહિષાસૂરની આ વાત સાંભળીને બ્રહ્માજીએ તથાસ્તુ કહ્યું અને અદૃશ્ય થઈ ગયા. ત્યાર બાદ મહિષાસૂર રાક્ષસોનો રાજા બની ગયો અને દેવતાઓ ઉપર આક્રમણ શરૂ કરી દીધું.

દેવતાઓએ સંગઠિત થઈને મહિષાસૂરનો સામનો કર્યો, પરંતુ નિષ્ફળતા મળી. તેથી દેવલોક પર મહિષાસૂરનું આધિપત્ય થઈ ગયું. મહિષાસૂરથી રક્ષણ મેળવવા માટે દેવતાઓએ ભગવાન વિષ્ણુની સાથે શક્તિની આરાધના કરી. એ બધાના શરીરથી એક દિવ્ય રોશની નીકળી, જેમાંથી એક ખૂબ જ સુંદર અપ્સરાના રૂપમાં દેવી દુર્ગાએ સ્વરૂપ ધારણ કર્યું.

# કવર સ્ટોરી

દેવી દુર્ગાને જોઈને મહિષાસૂર તેના પર મોહિત થઈ ગયો અને તેની સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મોકલ્યો. ઘણા પ્રયત્નો પછી દેવી દુર્ગા માની ગયા, પરંતુ એક શરત રાખતાં કહ્યું કે, મહિષાસૂરે તેની સાથે લડાઈમાં જીતવું પડશે. મહિષાસૂર માની ગયો. લડાઈ શરૂ થઈ, જે નવ દિવસ સુધી ચાલી. દસમા દિવસે દેવી દુર્ગાએ મહિષાસૂરનો અંત કરી દીધો અને ત્યારથી નવરાત્રિ પર્વ મનાવવાની શરૂઆત થઈ.

**નવરાત્રિનું વૈજ્ઞાનિક મહત્ત્વ :-** નવરાત્રિ એક વૈજ્ઞાનિક તહેવાર છે. ખૂબ ઊંડી વૈજ્ઞાનિક સમજણ તેની ઉજવણીમાં રહેલ છે. આમ તો દરેક તહેવાર વ્યક્તિમાં શારીરિક અને માનસિક શક્તિનો સંચાર કરે જ છે, પરંતુ નવરાત્રિ એ દૃષ્ટિએ વધારે વિશિષ્ટ છે. સામાન્ય રીતે લગભગ બધા જ તહેવાર દિવસે ઉજવવામાં આવે છે, માત્ર નવરાત્રિની ઉજવણી જ રાત્રે થાય છે, કારણ કે શરદઋતુ સખત ઉકળાટ તથા રોગચાળાની ઋતુ છે. આ ઋતુ જો વ્યક્તિ હેમખેમ પાર પાડી શકે તો સમગ્ર વર્ષ દરમિયાન નિરોગી રહે તેવી માન્યતા છે. આસો માસ શરદી અને ગરમીના સંધિકાળનો સમય છે. સંધિકાળમાં અનેક જીવજંતુઓ અને રોગોના જીવાણુઓનું સર્જન થાય છે. આવા સમયે રોગપ્રતિકારક શક્તિ વધારવા ગરબા અમૃત સમાન બની રહે છે. નવરાત્રિમાં જાપ, ઉપવાસ, સાફ-સફાઈ, ધ્યાન, હવન વગેરે કરવામાં આવે છે. જેનાથી વાતાવરણ શુદ્ધ થઈ જાય છે. પરિણામે આપણે અનેક બિમારીઓથી બચી શકીએ છીએ.

**રાસ-ગરબામાં વૈજ્ઞાનિકતા :-** રાસ-ગરબા જેવી પ્રવૃતિ દિવસની ગરમીમાં ન કરતાં રાત્રિના સમયમાં કરવાની વ્યવસ્થા ખૂબ જ વૈજ્ઞાનિક છે. પ્રદક્ષિણા કરવી એ માત્ર નૃત્યનો એક પ્રકાર નથી, પરંતુ તેના દ્વારા શરીરમાં જમા થયેલો કફ તેમજ પિતરૂપ વિષદ્રવ્યો શરીરની બહાર કાઢવામાં નૃત્ય ખૂબ મદદરૂપ થાય છે. આપણે જાણીએ છીએ કે પૃથ્વી સહિત તમામ ગ્રહો સૂર્યની આજુબાજુ ગોળ - ગોળ ફરે છે અને શક્તિ મેળવે છે. આ જ તર્ક ગરબા રમવાની ક્રિયામાં પણ લાગુ પડે છે. વોશિંગ મશીનમાં ગંદા કપડા ગોળ - ગોળ ફરી મેલ બહાર ફેંકી દે છે, એ જ રીત ગરબા દ્વારા શરીરનો મેલ બહાર ફેંકાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે, સૃષ્ટિના દરેક પદાર્થના અણુમાં એક કેન્દ્ર હોય છે, જેની આજુબાજુ ઈલેક્ટ્રોન્સ ગોળ - ગોળ ફરે છે, તેની શક્તિ અમાપ છે. આ ઈલેક્ટ્રોન્સની શક્તિથી જ ઈલેક્ટ્રોનિક્સ ગેઝેટ્સ ચાલે છે. જો નીર્જિવ ઈલકેટ્રોન્સમાં આટલી શક્તિ હોય તો સજીવ મનુષ્યમાં કેટલી હોય ? અને એ મનુષ્ય જો શ્રધ્ધાથી ગરબા દ્વારા શક્તિનો પ્રાદુર્ભાવ કરે તો શું ન પ્રાપ્ત થઈ શકે ?

મનુષ્યનું શારીરિક સ્વાસ્થ્ય જ નહીં, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય પણ ગરબાથી પ્રાપ્ત થઈ શકે. એમાં પણ જો એ કૃત્રિમ લાઈટ વિના ખુલ્લી હવામાં અને ચંદ્રપ્રકાશની શીતળતામાં ગરબા લેવામાં આવે તો વધારે ફાયદો થઈ શકે. દરેક મનુષ્યમાં શક્તિ પડેલી જ હોય છે, માત્ર તેને ગતિમાં લાવવાનું કામ ગરબા કરે છે. વિજ્ઞાને સંશોધન દ્વારા સાબિત કર્યું છે કે લયબદ્ધ તાળી પાડી તેમજ પગની ઠેસ મારી રમાતા ગરબા શરીરમાં આવેલા શક્તિ કેન્દ્રોને જાગૃત કરે છે, કેમ કે આપણા હાથના પંજા અને પગના તળિયામાં શરીરના દરેક અંગના સંપર્ક કેન્દ્રો આવેલા છે. એટલે તો એક્યુપ્રેશરના ઈલાજોમાં તેનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. જાપાનના નિષ્ણાત ડોક્ટરોનો દાવો છે કે દરરોજ સવારે અને સાંજે સ્વસ્થ ચિત્તે તાળી પાડવાથી શરીર ખૂબજ સ્વસ્થ રહે છે. એટલે જ કદાચ આપણા ધર્મશાસ્ત્રોમાં સવાર - સાંજ કીર્તિનની સલાહ અપાઈ હશે.

ગરમી - ઠંડીના સંધિકાળમાં પિતજન્ય રોગ વિશેષ થાય છે. તેથી જ કદાચ નવરાત્રિના ૧૫ દિવસ પહેલાંથી આપણે ત્યાં શ્રાદ્ધ નિમિત્તે ખીર ખાવાની વ્યવસ્થા છે, જે અતિ વૈજ્ઞાનિક છે, કેમ કે ખીર પિતશામક છે. પશ્ચિમના દેશોમાં સંશોધન થયેલા છે કે માનસિક તનાવ (સ્ટ્રેસ) દૂર કરવા નૃત્ય થેરાપી ખૂબ ફાયદાકારક છે. ગરબા લોહીનું પરિભ્રમણ ઝડપી બનાવે છે, જે લોહીના કણોને જામવા દેતા નથી, જેથી ભવિષ્યમાં હાર્ટએટેકની સંભાવનાઓ ઘટી જાય છે.

**અધ્યાત્મની ખોજ કરનાર માટે નવરાત્રિનું મહત્ત્વ :-** અધ્યાત્મની ખોજ કરનાર માટે નવરાત્રિનું વિશેષ મહત્ત્વ છે. કારણ કે નવરાત્રિ શક્તિતત્ત્વની આરાધના માટેનું પર્વ છે. જેમાં શક્તિના ત્રણ જુદા - જુદા સ્વરૂપોની આરાધના કરવામાં આવે છે. આગમ પ્રમાણે આ ત્રણ શક્તિ એટલે (૧) ઈચ્છા શક્તિ (૨) ક્રિયા શક્તિ અને (૩) જ્ઞાન શક્તિ. એક પૌરાણિક માન્યતા મુજબ આ ત્રણ શક્તિ એટલે (૧) મહાકાલી (૨) મહાલક્ષ્મી અને (૩) મહા સરસ્વતી. આમ નવરાત્રિ એક એવું અનન્ય પર્વ છે કે તે એક તરફથી ઉત્સવ છે તો બીજી તરફથી મનુષ્યના પોતાના અન્વેષણનું પર્વ છે.

નવરાત્રિ એ સંપૂર્ણપણે માતા દુર્ગાને સમર્પિત કરીને લોકો ભક્તિભાવ સાથે ઉજવે છે. દેવી દુર્ગાના નવ સ્વરૂપોની પૂજા કરતી વખતે 'દુર્ગા સપ્તશતી' ના વિશેષ પાઠ કરવામાં આવે છે. જગત જનની મા, મહામાયા, મહાશક્તિ, આદ્યશક્તિ, મા ભગવતી કે અંબિકાની સ્તુતિ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે પણ કરી હતી અને તેના દિવ્ય તેજના અંશમાંથી ભગવતી જગદંબાનું મંગલ પ્રાગટ્ય થયું છે.

**શક્તિની આરાધનાનું પર્વ નવરાત્રિ :-** નવરાત્રી એ માતૃશક્તિની પૂજાનો ધાર્મિક લોક ઉત્સવ છે. શક્તિ એ નારીનું સ્વરૂપ છે. નારી સૂર્યની જેમ શક્તિનું આદ્ય સ્વરૂપ છે. સ્ત્રી સર્જક છે, સંવર્ધક છે અને સંયોજક છે, તેથી સ્ત્રી શક્તિ માતા સ્વરૂપે પૂજનીય અને વંદનીય બની રહી છે. માતા જન્મ આપે છે એટલું જ નહીં પણ તે આસુરી શક્તિથી રક્ષણ આપે છે. માતા તેના દરેક સ્વરૂપમાં દાતા છે. માતા જ માનવીને જીવન જીવવા માટેની ઉષ્મા, પ્રેરણા, આરોગ્ય, ઘી, દૂધ, ધન અને ધાન્ય આપે છે. આમ, નવરાત્રિ એ સાચા અર્થમાં જગત જનની જગદંબાની આરાધના અને ઉપાસનાનું પર્વ છે, એ શક્તિની ભક્તિનો ઉત્સવ છે. ગુજરાતનું અંબાજી ધામ હોય કે પાવાગઢની મહાકાલી, બંગાળની મહાકાલી હોય કે જમ્મુની વૈષ્ણોદેવી, મા નો મહિમા સર્વવ્યાપક છે. એના ગુણલા અપરંપાર છે. દૈવી શક્તિથી મહિષાસૂર હણાયો હતો. વેદોમાં પણ આ શક્તિનું મહત્ત્વ આંકવામાં આવ્યું છે. વ્યાસ મુનિએ પાંડવોને પણ શક્તિનું મહત્ત્વ સમજાવ્યું હતું.

# કવર સ્ટોરી

**या देवी सर्वभूतेषु, शक्तिरुपेण संस्थिता । नमस्तस्यै, नमस्तस्यै, नमस्तस्यै नमो नमः ॥**

**(જે દેવી તમામ જીવોમાં શક્તિ સ્વરૂપે બિરાજમાન છે તે દેવીને નમસ્કાર, નમસ્કાર, વારંવાર નમસ્કાર.)**

**દેવી દુર્ગાના નવ રૂપ :-** નવરાત્રિમાં માતા દુર્ગાની પૂજા કરવામાં આવે છે. દેવી દુર્ગા એ શક્તિનો અવતાર છે, તથા એમના નવ રૂપ છે. આ નવ રૂપ મળીને નવદુર્ગા કહેવાય છે. નવરાત્રિનો એક - એક દિવસ આ રૂપોને સમર્પિત છે. નવરાત્રિ દરમિયાનમાં મા દુર્ગાના નવ જુદા - જુદા સ્વરૂપોનું સન્માન અને પૂજન કરવામાં આવે છે. મા દુર્ગાનું પ્રથમ દેવી સ્વરૂપ એટલે 'શૈલપુત્રી'. તે પર્વતરાજ (કૈલાસ પર્વત) હિમાલયની પુત્રી છે. તેઓ ભગવાન શિવ, વિષ્ણુ તથા બ્રહ્માની શક્તિઓનું રૂપ છે. એમના જમણા હાથમાં ત્રિશૂળ અને ડાબા હાથમાં કમળનું પુષ્પ હોય છે. એમનું વાહન બળદ છે.

દેવીનું બીજું સ્વરૂપ 'બ્રહ્મચારિણી' છે. તેઓ કઠિન તપ તથા આરાધનાના પ્રતીક છે. એમના હાથમાં જપમાળા તથા જળનો કળશ છે. દેવીનું ત્રીજું રૂપ 'ચંદ્રઘંટા' છે. એમના મસ્તક પર અર્ધચંદ્ર સુશોભિત છે. તેઓ શાંતિ તેમજ સૌમ્યતાનું પ્રતિક છે. એમને દસ ભુજાઓ તથા ત્રણ નેત્ર છે. તેઓ વાઘની સવારી કરે છે.

દેવીનું ચોથું રૂપ 'કુષ્માંડા' છે. એમને આઠ ભુજાઓ છે. એમનું વાહન વાઘ છે. દેવીનું પાંચમું રૂપ 'સ્કંદમાતા' છે. તેઓ અગ્નિની દેવી છે તથા પોતાના પુત્ર સ્કંદને ખોળામાં લઈને રહે છે. એમને ચાર ભુજાઓ તથા ત્રણ નેત્ર છે. દેવીનું છઠ્ઠું રૂપ 'મા કાત્યાયની' છે. એમને પણ ચાર ભુજાઓ તથા ત્રણ નેત્ર છે. દેવીનું સાતમું રૂપ 'કાલરાત્રિ' છે તેઓ અંધકાર તથા અજ્ઞાનના નાશક છે. એમના ચાર હાથ છે તથા ગધેડો એમનું વાહન છે. દેવીનું આઠમું રૂપ 'મહાગૌરી' છે. તેઓને આઠ વર્ષીય કન્યાના રૂપમાં પૂજવામાં આવે છે. ચાર હાથોવાળી આ દેવી શાંતિ અને કરૂણાની દૂત છે. તેઓ બળદની સવારી કરે છે. દેવીનું નવમું રૂપ 'સિદ્ધિદાત્રી' છે. તેઓ કમળ પર બિરાજે છે.

આ પ્રમાણે દેવીના નવ રૂપનું પૂજન અત્યંત શુભ માનવામાં આવે છે. દેવી દુર્ગાના આ નવ રૂપોનું પૂજન કરનારા ભક્તો સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને પ્રસન્નતાનું વરદાન મેળવે છે. દેવી દુર્ગા મહિષાસૂર સામે યુદ્ધ કરે છે. મહિષાસૂર દેવીની સામે અલગ - અલગ રૂપ બદલાવીને યુદ્ધ કરે છે. તે ભેંસ, સિંહ, હાથી અને છેલ્લે મનુષ્યના રૂપમાં હાથમાં તલવાર લઈને આવે છે. દેવીએ તેને બધા રૂપોમાં પરાજિત કર્યો અને અંતમાં તેનો વધ કરી દીધો. મહિષાસૂરનું કપાયેલું માથું ધરતી પર આવી પડ્યું. આ નવ દિવસ નવરાત્રિના નામથી ઓળખવામાં આવે છે, તથા દસમો દિવસ 'વિજયાદશમી' કહેવાય છે. બધા દેવોએ મા દુર્ગાના વિજયનો ઉત્સવ મનાવ્યો. દુર્ગાને 'મહિષાસૂર ઘાતી' કે 'મહિષાસૂર મર્દિની' નામ આપવામાં આવ્યું. પૂર્વ ભારતના લોકોની માન્યતા અનુસાર શિવની ધર્મપત્ની દેવી પાર્વતી પ્રતિવર્ષ ગણેશ, કાર્તિકેય, સરસ્વતી, લક્ષ્મી તેમજ પોતાની સખીઓ જયા - વિજયા સહિત આ નવ દિવસ માટે ધરતી પર આવે છે.

**ગરબાનું સ્થાપન :-** ગરબો શબ્દ 'ગર્ભ' શબ્દથી ઉતરી આવ્યો છે. જે રીતે માતાના ગર્ભમાં ઉછરી રહેલું બાળક માતા પાસેથી પોષણ મેળવે છે તે રીતે બ્રહ્માંડરૂપી વિશાળ ઉદરમાં ઉછરી રહેલ મનુષ્યે ગરબા દ્વારા જગત જનની મા અંબે પાસેથી પોષણ મેળવવાનું છે. નવરાત્રિની શરૂઆત ઘટસ્થાપનથી થાય છે. માતાજીની મૂર્તિ સામે માટીથી બનેલો છિદ્રોવાળો ગરબો બાજઠ ઉપર પધરાવવામાં આવે છે, જેમાં ઘીનો દીવો પ્રગટાવીને મૂકવામાં આવે છે. ઘણા લોકો આ દિવસો દરમિયાન અખંડ દિવો પણ રાખે છે. અષ્ટમીએ કે નવમીએ કન્યા-પૂજનની સાથે તહેવારનું સમાપન થાય છે. કન્યાઓને દેવી દુર્ગાનું રૂપ માનવામાં આવે છે. કન્યાઓને પ્રસાદ આપીને વ્રતના પારણા કરવામાં આવે છે. ગરબામાં મૂકેલો અખંડ દીપ એ માનવીના કર્મોના સાક્ષીરૂપ આત્માનું પ્રતીક છે.

**ગુજરાતમાં નવરાત્રિની ઉજવણીનો ઉત્સાહ અને તેની ઝલક :** લોક જીવનમાં શક્તિનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. નવરાત્રિ એટલે દૈવી શક્તિનો આસૂરી શક્તિ પર વિજય. ગરવા ગુજરાતની ગરવી સંસ્કૃતિનો ઈતિહાસ ગુજરાતના ગરબામાં ધરબાયેલો છે. ગુજરાત તેમજ મહારાષ્ટ્રમાં દાંડિયા ઉત્સવ તથા રાસ-ગરબાને કારણે નવરાત્રિની વિશેષ ઝલક જોવા મળે છે. દાંડિયા-રાસ ગુજરાતની નૃત્યકળા છે, જેમાં લોકો સાથે મળીને તાલબદ્ધ રીતે સંગીતના સથવારે નાચે છે. રાસ-ગરબાના મૂળ ગુજરાતમાં રહેલા છે. આ ઉત્સવ દરમિયાન ગુજરાતના તમામ શહેરો અને ગામડાંઓ ગુંજી ઉઠે છે. રાત્રિઓ દાંડિયા-રાસથી ધમધમતી હોય છે.

વિશ્વના સૌથી લાંબા નૃત્ય મહોત્સવ નવરાત્રિને વાયબ્રન્ટ નવરાત્રિના રૂપમાં રજૂ કરીને ગુજરાત સરકારે દેશ-વિદેશથી અનેક પ્રવાસીઓને આકર્ષ્યા છે. નવરાત્રિનો આ ઉત્સવ દશેરા સુધી ઉજવાય છે. મંદિરો, સામાજિક કેન્દ્રો, પાર્ટી પ્લોટ, મેદાનો તથા નિવાસી કોમ્પ્લેક્ષમાં આ ઉત્સવના ભવ્ય આયોજન થાય છે. રંગબેરંગી તથા પારંપરિક પોશાક પહેરીને લોકો સંગીતના સથવારે નાચે છે, જે અડધી રાત સુધી ચાલે છે. રાસ-ગરબા અને દાંડિયાની રમઝટથી વાતાવરણ ગૂંજી ઉઠે છે. ઘણી જગ્યાએ જાહેર મંચ પર રામલીલાના આયોજન પણ થાય છે. ગરબાની સ્પર્ધા પણ ગોઠવાય છે. આપણી નવરાત્રિ અને ગરબા યુ.એસ.એ., યુ.કે., ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, કેનેડા તથા અન્ય ઘણા દેશોમાં પહોંચી ગયા છે. લોકોમાં ગરબે ઘૂમવાનો ખૂબજ ઉત્સાહ જોવા મળે છે. નાનાથી લઈ મોટા સુધી દરેક ઉત્સાહિત હોય છે. ગરબે રમતા આવડતું ન હોય તે પણ જોવા માટે તો અવશ્ય આવે છે. ગરબે રમતા કોઈને થાક લાગતો નથી. એક મહિના અગાઉથી યુવાનો અને યુવતીઓ ગરબે રમવા માટે શું પહેરવું તેની તૈયારીમાં લાગી જાય છે. ગરબા ગુજરાતનું આગવું કલાધન અને સંસ્કાર ગણાય છે. ગરબામાં ગીત, સ્વર, લય અને તાલ મહત્ત્વના છે. ગુજરાતમાં માત્ર નવરાત્રિમાં જ નહીં પરંતુ પ્રત્યેક પ્રસંગોમાં - તહેવારોમાં - નૃત્ય-રાસનું મહત્ત્વ છે.

**સમાપન :** મા જગદંબાની આ ઉપાસના માત્ર નવરાત્રિ પૂરતી સીમિત ન રહે એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે. નવરાત્રિની ઉપાસના માત્ર "ખાઓ, પીઓ, નાચો અને મજા કરો." એટલા માટે જ નથી એનું નિરંતર ધ્યાન રાખીએ. આ દિવસોમાં એકત્રિત થઈ મા ને પ્રાર્થના કરીશું કે - "હે મા ! તું અમને બુદ્ધિ, શક્તિ, શ્રધ્ધા, આરોગ્ય, ઐશ્વર્ય, સુખ, શાંતિ અને સફળતા આપ." આવો આ મંગલ અવસર પર સહુ સાથે મળીને દેવીનું પૂજન - અર્ચન કરીએ.

# શિક્ષણ સૃષ્ટિ



**ગુલાબભાઈ જાની**
લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.

# શિક્ષકો : વિશ્વશાંતિનું વાવેતર કરનારા

સાંપ્રત સમયમાં શિક્ષકનું સ્થાન ગણનાપાત્ર નથી. આપણા સહુનો ભ્રમ છે કે બાળક એટલે ગણતરીમાં નહી લેવાની બાબત. ખરેખર તો બાળકોની સંભાળવાં તે અઘરામાં અઘરું કાર્ય છે. તે કાર્ય કરતા શિક્ષકો ધન્યવાદને પાત્ર છે.

બાળકોને ભણાવવાં તેમ કહેવું તે કરતાં બાળકોને કેળવવાં એમ કહેવું વધુ સારું છે. ભણાવી શકાય તે વિષય, પરંતુ કેળવવું એ વધારે અગત્યનું છે. બાળકમાં સુટેવનું ઘડતર કરવું, સંસ્કારસિંચન કરવું તે અગત્યનું છે. સાત વર્ષ સુધી ભણાવવાનું કેવું ? ત્યાં તો માત્ર કેળવણી જ ચાલે. કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શક્તિને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવા દેવાની અનુકૂળતા કરી આપવી તે. પછી તે ઊગશે તો આપમેળે જ . ભીતર બધું પડ્યું જ છે - આપણે તો ખાલી મદદ કરવાની છે. શિક્ષકનું કામ તો માળીનું છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે : 'Every child is potentially divine.' - દરેક બાળકમાં દિવ્યતા રહેલી છે. એ દિવ્યતાનું પ્રકટીકરણ કેળવણી દ્વારા થાય છે.

સાત વર્ષ પહેલાંના ભણતર અને સાત વર્ષ પછીના ભણતરમાં મૂળભૂત તફાવત છે. નાના બાળકો ઈન્દ્રિયો દ્વારા શીખે છે, ભાષાજ્ઞાન દ્વારા નહીં. બાળકને Symbol સંજ્ઞા ન ચાલે, તેને પ્રત્યક્ષ મૂળ ચીજ જોઈએ.

બાળક અનુભવથી શીખવા માંગે છે. બાળપણમાં આપણે બાળકને ઈન્દ્રિયગત અનુભવ આપવાનો છે. બાળપણમાં સંવેદના જગાડવાની છે. બાળકને અનુભવે ભાન થશે કે જગતમાં સજીવ-નિર્જીવ બે વસ્તુ છે. ઝાડને પાણી પાવું પાડે છે. દેડકાં-કીડી-મકોડાને પણ સુખ-દુખનો અનુભવ થાય છે, હું ને આ કૂતરું બંન્ને સમાન છીએ, બંન્નેમાં સુખ-દુઃખ સમાન છે. આવી સંવેદના બાળકમાં જાગશે તો જગતમાં શાંતિ થશે. બાળપણની ઉંમર તે મહત્વની ઉંમર છે. તે વખતે જે છાપ પડી તે અમીટ છે, અટલ છે. એટલે બાળકેળવણીમાં પડેલા શિક્ષકો બહુ અઘરું કામ કરી રહ્યા છે. શાંતિ સ્થાપવાનું કામ કરી રહ્યા છે.

શિક્ષક બાળકની હથેળીમાં મારે, તેનું અપમાન કરે, તેને ઉતારી પાડે ત્યારે બાળકના મનમાં વિદ્રોહનાં બી (basic roots of agression) વવાઈ જાય છે. બાળચિત્તમાં આ રીતે વિદ્રોહનાં બી અને શાંતિ માટે દોડાદોડ કરીએ તે કમ ચાલે ?

યુનેસ્કો અહેવાલમાં જણાવ્યું છે કે યુદ્ધનાં બીજ માણસના મનમાં પેદા થાય છે. તેનું નિવારણ કરવાનું કાર્ય મનમાં સારાં બીજ વાવીને શિક્ષક તથા મા-બાપ કરી શકે. એટલા માટે હિટલરને હરાવનાર સેનાપતિએ શિક્ષકોની એક સભાને સંબોધતાં કહ્યું કે, your business is to put me out of business - **મોટા સેનાપતિને કામધંધા વગરનો કરવાનું કામ શિક્ષકનું છે.** વિશ્વમાં શાંતિ સ્થાપવાનું કામ રાષ્ટ્રના વડાઓ, વડાપ્રધાનો નહીં કરી શકે. તે કામ તો શિક્ષક જ કરી શકે. તેથી જ શિક્ષકો તો શાંતિનું વાવેતર કરવાવાળા છે.

મૅડમ મોન્ટેસોરીને કોઈએ કહ્યું : મૅડમ, ડંખ વગરની મધમાખીની શોધ હમણાં વૈજ્ઞાનિકોએ કરી છે. આ સાંભળી મૅડમ મોન્ટેસોરીએ કહ્યું : 'પણ ડંખ વગરનો માણસ ક્યારે શોધાશે ?' **આ ડંખ વગરનો માણસ બનાવવાનું કામ શિક્ષકોનું છે.**

જીવનનો પોતાનો એક લય છે. બાળકમાં એ લયને એની મેળે લહેરાવા દો. બધું આપમેળે સુંદર સર્જાશે. સંહરાવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. પ્લેટોએ કહ્યું છે કે જે સમાજ યોગ્ય શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરે છે તેને લશ્કર પાછળ ઓછું ખર્ચ કરવું પડે છે. ઓસ્કાર વાઈલ્ડે કહ્યું છે કે, One school opens means one jail closed - **એક શાળા શરૂ થાય ત્યારે એક જેલ બંધ થાય છે.**

આપણી શાળાઓમાં આજે વિષયશિક્ષણની બોલબાલા છે. આ વિદ્યાર્થી હોશિયાર છે કે ઠોઠ છે એમ કોઈ કહે તો તેનો અર્થ આપણે એવો જ કરતા હોઈએ છીએ કે અમુક વિષયમાં હોશિયાર કે ઠોઠ છે. વિદ્યાર્થી પોતે હોશિયાર કે ઠોઠ નથી તે સમજવું જરૂરી છે. વિદ્યાર્થી ગણિતમાં નાપાસ થાય એટલે જીવતરમાં નાપાસ થતો નથી. આઈન્સ્ટાઈન અને ગાંધીજીને તેમના શિક્ષકોએ ઠોઠ કહ્યા હતા.

વસ્તુતઃ વિષયો તો સાધન છે. સાધનનું મહત્વ વાપરનારા પર આધાર રાખે છે.

કમભાગ્યે આજે વિષયશિક્ષણે વિદ્યાર્થીને હડસેલી દીધો છે. મા-બાપ, શિક્ષકો બધાં જ વિષયશિક્ષણને મહત્વ આપે છે, જીવનશિક્ષણને નહીં.

**જીવન શિક્ષણમાં મહત્વનું શું છે ?**

વિદ્યાર્થીનું આરોગ્ય, આત્મવિશ્વાસ, આત્મસંતોષ.

આ આત્મવિશ્વાસ કેમ વધે ? જીવનનું પ્રાણબળ કેમ વિકસે ? આ માટે બે ચાવી છે.

(૧) બાળકને અપમાન અને નિરાશા ન મળવાં જોઈએ.

(૨) નાનાં-નાનાં કામો દ્વારા આત્મવિશ્વાસ કેળવાય છે.

# શિક્ષણ સૃષ્ટિ

માણસ જ્યારે મનગમતી પ્રવૃત્તિમાં રોકાયેલો રહે છે ત્યારે અંદરથી આનંદના ઘૂંટડા આવે છે. તેની તોલે કશું ન આવે. માટે આપણે શિક્ષકોએ આવું વાતાવરણ શાળામાં સર્જવાનું છે. બાળકનું ઊંચુ આભ અને આત્મવિશ્વાસ આપો.

બાળકના વિકાસમાં સદ્‌વાચન અને સત્સંગ મહત્વનો ભાગ ભજવે છે. નાનપણથી જ પુસ્તક પ્રીતિ કેળવાવો.

**શિક્ષકનું ધ્યેય -** (૧) સારો માણસ બનાવવાનું, (૨) સારો નાગરિક બનાવવાનું, (૩) સારો ભાવક બનાવવાનું અને (૪) સારો સર્જક બનાવવાનું છે.

આ સર્જનાત્મકતા પ્રગટાવવાનું કાર્ય શિક્ષક ત્યારે જ કરી શકે જ્યારે તે સાચા અર્થમાં ગુરુ બને, કર્મચારી નહીં.

વિદ્યાર્થીઓને આપણે ચાર 'સ' કાર શીખવવાના છે

(૧) સાદાઈ, (૨) સંયમ, (૩) સ્વાશ્રય અને (૪) સંસ્કાર.

આ ચાર આધ્યાત્મિક શિક્ષણના પાયા છે.

**આપણાં શાસ્ત્રોમાં આચાર્યની પાંચ જવાબદારી દર્શાવી છે. આચાર્યે શું કરવાનું છે ?**

| | |
|---|---|
| ૧. યમાન્તુઃ બ્રહ્મચારિણામ્ | વિદ્યાર્થીઓને આવકારીશું |
| ૨. વિમાયન્તુંઃ બ્રહ્મચારિણામ્ | વિદ્યાર્થીને ઘડીશું |
| ૩. પ્રયાન્તુંઃ બ્રહ્મચારિણામ્ | વિદ્યાર્થીને બરાબર ભણાવીશું |
| ૪.દમાયાન્તુ : બ્રહ્મચારિણામ્ | વિદ્યાર્થીઓને નૈતિક મૂલ્યો શીખવીશું |
| ૫. શમાયન્તુઃ બ્રહ્મચારિણામ્ | વિદ્યાર્થીને આંતરિક વાસ્તવિકતાની અનુભૂતિ કરાવવી |

જેથી વિદ્યાર્થી સારો માણસ બને. આપણે વિદ્યાર્થીને માહિતીમાંથી જ્ઞાન તરફ અને અંતે ડહાપણ તરફ લઈ જવાના છે.

બીજા વિશ્વયુદ્ધમાં યહૂદીઓ, વૃદ્ધો, અપંગો, માંદાઓ વગેરે કરોડો લોકો પાસે કેદીઓને છાવણીમાં વેઠ-મજૂરી કરાવીને ઝેરી વાયુથી જર્મનીના એકાધિપતિ એડોલ્ફ હિટલર અને એમના નાઝી સાગરીતોએ ૬૦૦,૦૦,૦૦૦ (છસો લાખ) લોકોને મારી નાખ્યા હતા. એમાં ૧૯૪૫માં ઓચિંતા વિશ્વમહાયુદ્ધનો અંત આવવાથી એક યહૂદી આચાર્ય વેઠ-મજૂરીની છાવણીમાં રહી ઝેરી વાયુનાં મોંમાથી બચી ગયા હતા. ત્યાંથી છૂટીને તેમણે એક શાળા શરૂ કરી. પ્રથમ દિવસે પોતાના શિક્ષકગણને પાઠવેલા પત્રમાં લખ્યું.

હું નાઝી લોકોની વેઠ-મજૂરીની છાવણી અને ઝેરી વાયુની કોટડીમાંથી બચી જનાર માણસ છું. કોઈ માણસે કદી જોયાં ન હોય તેવા દ્રશ્યો મારી આંખે જોયા છે. ખૂબ ભણેલા ઈજનેરોએ બનાવેલી ઝેરી વાયુની કોટડીમાં હજારો લોકોને તરફડતા જોયા છે. વિદ્વાન દાક્તરોને ઝેરી વાયુથી બાળકોને મૃત્યુના મુખમાં નાખતાં દશ્યો મારી આંખો સામે તરવરે છે. દાક્તરી તાલીમ પામેલી પરિચારિકાઓએ જીવ લીધા છે એનો હું સાક્ષી છું. સ્કૂલ અને કોલેજમાં ભણેલા યુવાનોને સ્ત્રીઓ પર ગોળી છોડતા અને નાનાં બાળકોને બાળી મૂકતા મેં જોયા છે.

એટલે હું શિક્ષણથી ડરું છું. **મારી તમને વિનંતી છે કે તમે તમારાં બાળકોમાં માનવતા રેડો.** તમારું કામ કદી ખૂબ વિકરાળ રાક્ષસોને સર્જવાનું ન હોય. વાચન, લેખન અને ગણિત ખૂબ મહત્વનું છે, જો તે બધું તમારા વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને વધારે માનવ બનાવે તો જ.

સત્કર્મના વડલાને ઊગતાં તો વર્ષો લાગે છે, પણ ઊગ્યા પછી સેંકડો વર્ષો સુધી શીતળ છાયા તે આપ્યા કરે છે. **શિક્ષકે સત્કર્મના વડલા ઉગાડવાનું કાર્ય કરવાનું છે.**

વ્યક્તિ કારકીર્દિનો પ્રારંભ શિક્ષક તરીકે કરે અને ઢળતી સંધ્યાએ શિક્ષક તરીકે અખંડ રાખી શકે એ ભરપૂર સાર્થકતા. આ દીર્ઘ સમયપટ જો શિક્ષકત્વની સાધના અને સુગંધથી ભરપૂર હોય તો એ તપ શુષ્ક મટી મધુર બની જાય છે. તેમાં ઉંમર વધે છે, પણ યૌવન અખંડ રહે છે. તેમાં ચહેરા પર કરચલીઓ તો પડે છે, પણ હૈયું તાજા પુષ્પ જેવું હોય છે. તેમાં અભાવ કે એકલવાયાપણાની જગ્યાએ સખ્યની સભરતા મ્હોરી ઊઠે છે.

ઈંગ્લૅન્ડની એક શાળામાં શિક્ષકે વિદ્યાર્થીઓને નિબંધ લખવા આપ્યો. વિષય આપ્યો.

What can I do do that you can grow ?

બ્રેડલે નામના વિદ્યાર્થીએ લખ્યું -

"If you look at me gently,
If you look at me and smile, and smile at me
I will grow, I will grow."

આપણે આ કરવાનું છે. આટલું કરીશું તો શિક્ષક તરીકે આપણું જીવન સફળ થયું ગણાશે. ઉશનસે કહ્યું છે તેમ -

'કો'ક જણે તો કરવું પડશે, ભાઈ,
એક જણે તો કરવું પડશે, ભાઈ,
કશુંયે ન કરવાની કેવી તામસ આ હરીફાઈ?

આપણે કવિએ કલ્પેલા "કો'ક" બની **વિદ્યાર્થીના જીવન-ઘડતરમાં આપણો ફાળો આપીએ એ જ અભ્યર્થના.**



**ડૉ. નરેભરામ જે. રાંકજા**
મેમ્બર ફોર બોર્ડ ઓફ સ્ટડીઝ,
મારવાડી યુનિવર્સિટી, રાજકોટ અને પૂર્વ પ્રોફેસર,
જુનાગઢ કૃષિયુનિવર્સિટી, જુનાગઢ

# એક સળગતી સમસ્યા : શિક્ષણનું માધ્યમ

ઘણી વખત ઉપસ્થિત થાય અને ચર્ચાનો વિષય બની જાય છે કે શિક્ષણનું માધ્યમ ક્યું હોવું જોઈએ ? મોટા ભાગના લોકોનો અભિપ્રાય અંગ્રેજી હોવું જોઈએ તેવો હોય છે. ઘણા બધા લોકો માતૃભાષાને શિક્ષણના માધ્યમ તરીકે પસંદ કરતા હોય છે. આમા શું સાચું કે શું ખોટું છે, એવો સવાલ નથી તેમજ કોઈ એક ગ્રૂપ કે એક વ્યક્તિ નો અભિપ્રાય સર્વમાન્ય માની ન શકાય. આ એક વ્યક્તિગત વિચારસરણી છે અને તેમની આ વિચાર સરણીને ખોટી પણ ન કહી શકાય. આ લેખના લેખક તરીકે અને એક કોલેજના પ્રોફેસર તરીકે હું મારો અભિપ્રાય આપું તો પ્રાયમરી, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાએ શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવી જોઈએ અને મહાવિદ્યાલય (કોલેજ) કક્ષાએ માધ્યમ અંગ્રેજી હોવું જોઈએ. પ્રાયમરી કક્ષાએ કે માધ્યમિક કક્ષાએ બાળકનું મન વિકસિત થવું વધારે જરૂરી છે. દરેક વ્યક્તિ તેમની માતૃભાષા માંજ વિચારે છે જેનો ઉપયોગ દર વખતે થાય છે. હાલના આધુનિક યુગમાં તેમજ અંતર રાષ્ટ્રીય કક્ષાએ હરીફાઈ ને લીધે, અંગ્રેજીની આવશ્યકતા ડગલે ને પગલે પડે છે પરંતુ અંગ્રેજી ભાષા તો સ્પોકન ઈંગ્લીશ ક્લાસમાં જઈને પણ શીખી શકાશે પરંતુ અંગ્રેજી ભાષા દ્વારા બાળકોના વિચારોને વિકસાવી શકતા નથી. તે ફક્ત તેમની માતૃભાષાને મદદરૂપ બને છે.

માતૃભાષા ઘરના બધા જ સભ્યો જાણતા હોવાથી તેઓ બાળકને અભ્યાસમાં મદદરૂપ પણ થઈ શકે છે તેમજ બાળકનો અભ્યાસમાં કેટલો વિકાસ થયો છે તે પણ જાણી શકે છે. ભાષા એ એક અભિવ્યક્તિનું માધ્યમ છે. ભારતીય પ્રણાલી મુજબ, અંગ્રેજી ભાષા આપણી માતૃભાષાની જેમ ભાવનાઓનો જાદુ કરી શકે નહી. માતૃભાષા દ્વારા આપણે આપણા વિચારો અને જાતને વધુ સારી રીતે સ્પષ્ટ કરી શકીએ છીએ. આપણા મહાપુરુષોએ પણ કહ્યું છે કે, **માં, માતૃભાષા અને માતૃભુમિનો અન્ય કોઈ વિકલ્પ નથી.** આજે આપણે જોઈએ છીએ કે બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની હરીફાઈ થતી જોવા મળે છે. શું ગુજરાતી કે અન્ય માતૃભાષાના માધ્યમ દ્વારા ભણેલ બાળક તેમની પ્રગતી કરવામાં કે કેરીયર બનાવવામાં નિષ્ફળ જાય છે ? આજે બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાનું કોઈ ખાસ કારણ આપી શકતા નથી પરંતુ એટલું જણાવે છે કે અમારા પાડોશી કે સગા સંબંધીઓના બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણે છે એટલે મેં પણ આ નિર્ણય કરેલ છે. આજે એવું પણ જાણવા મળે છે કે કેટલાક વાલીઓ માત્ર ને માત્ર દેખા દેખી અને સામાજિક સ્ટેટસ માટે પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવે છે. માધ્યમમાં ભણવાની બાબત માટે આર્થિક પાસુ પણ ન હોવું જોઈએ એટલે કે અમીર લોકોના બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણવાનું ને ગરીબ ના બાળકોને માતૃભાષામાં ભણવનું તેવું પણ ન હોવું જોઈએ.

આજે સંસ્કૃતિ અને બાળકોમાં સંસ્કાર ટકાવવા માટે પણ માધ્યમ તરીકે માતૃભાષા જરૂરી છે. બાળકોની વૈચારિક પ્રક્રિયા પણ માતૃભાષાના માધ્યમ દ્વારા શિક્ષણથીજ વિકાસ પામે છે. જન્મથી આપણે જે ભાષાનો ઉપયોગ કરીએ છીએ તે આપણી માતૃભાષા. આપણે અત્યારે ગુજરાતી ભાષાનો ઉપયોગ કરીએ છીએ તેથી ગુજરાતી આપણી માતૃભાષા કહેવાય. આજે પરીસ્થિતી એવી આવી ગઈ છે કે બાળકો તેમની માતૃભાષામાં ગણતરી કરવાનું પણ ભુલી ગયા છે. લોકસાહિત્ય, લોકગીત, ભજન કે લોકવાર્તાઓ પણ આપણે ત્યાં જે તે વિસ્તારની માતૃભાષા માંજ યોગ્ય રીતે અભિવ્યક્ત કરી શકાય છે. આપણે ત્યાં કોલેજ સુધીનો અભ્યાસ માતૃભાષામાં કરેલ હોય છતાં પણ વિદેશમાંથી, ભાષાને લીધે પરત આવવું પડ્યું હોય તેવું લગભગ બનતુ નથી. આપણો દેશ એક બહુભાષી દેશ છે જેમાં જે ભાષામાં બોલે છે તેને માતૃભાષાની સંજ્ઞા આપવામાં આવે છે. **માતૃભાષામાં શિક્ષણ આપવાથી બાળકો સમાજ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા રહે છે તેમજ બાળકોમાં સર્જનાત્મક ક્ષમતા અને તાર્કિક શક્તિ નો વિશેષ વિકાસ થાય છે.** અગાઉથી જ આપણને મગજમાં એવું બેસી ગયું છે કે બેસાડી દેવામાં આવેલ છે કે અંગ્રેજીથી જ આપણા બાળકોની પ્રગતિ થાય. એવુ પણ ઠસાવવામાં આવેલ છે કે અંગ્રેજીમાં ભણવાથી જ ઉચ્ચકક્ષાની નોકરી કે રોજગાર મળી શકે છે અને ભારતીય ભાષાથી કે માતૃભાષાથી આ શક્ય નથી. એટલા માટે તો આપણે ત્યાં ઈંગ્લીશ સ્કુલમાં ભણવાની હોડ લાગી છે.

# શિક્ષણ સૃષ્ટિ

દુનિયાના વિકસિત દેશો જેવા કે, ફ્રાન્સ, જર્મની, રશિયા, ચીન વગેરે દેશોમાં સંપુર્ણ શિક્ષણ પોતાની માતૃભાષામાં આપવામાં આવે છે, કારણ કે પોતાની માતૃભાષા ઉપર કાબુ હોય તો દરેક ભાષાઓ, વિષયો શીખવા સરળ પડે છે. ઘણી વખત એવા સવાલો આવે છે કે ગુજરાતી માધ્યમમાં કે કોઈ પણ માતૃભાષામાં અભ્યાસ કરેલ બાળકને આગળ જતા ઉચ્ચ શિક્ષણમાં અંગ્રેજી માધ્યમને કારણે મુશ્કેલી પડે છે. પરંતુ આ માન્યતા ખોટી છે. પ્રાયમરી અને માધ્યમિક શિક્ષણ દરમ્યાન અંગ્રેજીને એક વિષય તરીકે રાખીને પણ અંગ્રેજી શીખી શકાય છે.

સમાજમાં ઘણા બધા દાખલાઓ છે કે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં ભણેલ હોય તો પણ તેમને આગળ જતા કોઈ પણ જાતની તકલીફ પડતી નથી. બાળક મોટું થઈ કોલેજમાં જશે ત્યારે આપ મેળે અંગ્રેજી શબ્દોથી પરિચિત થઈ જશે. આપણે જાણીએ છીએ કે બાળકોને ફક્ત ભણવાનું જ નથી પણ કેળવણી પણ આપવાની છે અને કેળવણી માટે માતૃભાષાનું માધ્યમ જ યોગ્ય છે. આપણે ત્યાં એક કહેવત છે કે **જે ભાષામાં સપનું આવતું હોય તે ભાષામાં બાળકને ભણવા મુકવું તે બાળકના હિતમાં છે.** બાળકને પોતાની માતૃભાષાના માધ્યમમાં ભણાવવામાં આવે છે ત્યારે તે મોટા ભાગના શબ્દ ભંડોળથી પરિચિત હોય છે, તેને કશું નવું નથી લગતું. જન્મ પહેલા, ગર્ભકાળથી જ તે માતૃભાષામાં સાંભળે છે અને એક વર્ષનું થાય ત્યાં બોલવાનું શરૂ કરી દે છે. તેને વ્યાકરણ શીખવવું પડતું નથી. તેનું ભાષા બોલવા અને સાંભળવા ઉપર પુરતું ધ્યાન હોય છે, કારણ કે તેની આસપાસનું બધું જ વાતાવરણ તેની સમજણને અનુરૂપ હોય છે. તેને તો ફક્ત બાકીનું વાંચવા કે લખવાનું જ શીખવાનું હોય છે. ઉચ્ચ શિક્ષણ શરૂ થાય ત્યારે ગુજરાતી કે અન્ય માતૃભાષામાં ભણેલો વિદ્યાર્થીને એક કે બે સત્ર સુધી થોડી મુશ્કેલી પડશે પરંતુ પછીથી બધુ જ શીખી જશે, કારણ કે માતૃભાષાના માધ્યમથી ભણવાને લીધે એની ગ્રહણ શક્તિનો વિકાસ થયેલ હોય છે, જેને લીધે નવું શીખવામાં એ કામ લાગે છે. માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ મેળવવાથી બાળકનો પાયો પાકો થાય છે તેમજ યોગ્ય વિકાસ થાય છે. દરેક વિષય તે સારી રીતે સમજી શકે છે, ભણતર તેને બોજા રૂપ લાગતું નથી. **મગજના વિકાસ માટે પણ માતૃભાષામાં શિક્ષણ જરૂરી છે. માતૃભાષાનો પાયો સંગીન હશે તો કોઈ પણ ભાષાનું જ્ઞાન સહજતાથી મેળવી શકાશે.** બાળકનો સહજ અને સ્વભાવિક વિકાસ માતૃભાષાના વાતાવરણ માંજ થાય છે.

માતૃભાષા અને સંસ્કૃતિ એક બીજા સાથે જોડાયેલ છે, એક જાય તો તેની સાથે બીજી પણ જાય. જો આપણી માતૃભાષા જતી રહેશે તો તેની સાથે આપણને આપણા ઋષિમુનિઓ તરફથી મળેલ સંસ્કાર અને સાંસ્કૃતિક વારસો પણ જતા રહેતા વાર લાગશે નહી. આપણને અંગ્રેજી ભાષાનો વિરોધ નથી. અંગ્રેજી ભાષા શિખવી, બોલવી કે લખવી ખુબ જ જરૂરી છે, તેના વિના ચાલશે પણ નહીં પરંતુ તે માટે શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હોય તો જ બધુ થઈ શકે તે માન્યતા ખોટી છે. ઘણા માતૃભાષાના માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓ કહેતા હોય છે કે મને અંગ્રેજી બરાબર આવડતું નથી કેમ કે હું ગુજરાતી માધ્યમ વાળી સ્કુલમાં ભણું છું કે ભણેલ છું. આ એક આપણોજ દોષ છે અને તે માધ્યમ ઉપર ઢોળી દઈએ છીએ. ખરેખર અંગ્રેજી શિખવુંજ હોય તો આપણી મેળે પણ શીખી શકીએ પણ તેને માટે શ્રમ કરવો પડે છે. આપણે ત્યાં એવી પ્રથા છે કે સ્કુલમાં જે કંઈ ભણાવે તે સિવાય બીજુ જાણવાની કે શીખવાની ટેવ નથી એટલા માટે પણ ઘણાનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન કાચું છે. આતરરાષ્ટ્રીય ભાષા તરીકે અંગ્રેજીનો અભ્યાસ જરૂરી છે અને માટે એક વિષય તરીકે અંગ્રેજી ને ફરજીયાત કરીને તેમજ વિદ્યાર્થીઓ તેમની સ્કુલ કે હાઈસ્કુલમાં તેનો પ્રાથમિક પરિચય મેળવ્યા પછી એની રીતે જ અંગ્રેજીનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. અત્યારે તેમની પાસે પુરતા સાધનો છે, બુદ્ધિ છે અને કાઢી શકે તો સમય પણ છે. આ બધી બાબતોનો ઉપયોગ કરીને અંગ્રેજી શીખી શકાય છે.

આજના યુગમાં તો ઈન્ટરનેટ તેમજ વિડીયોગ્રાફીના માધ્યમ દ્વારા આ બધું કરવું ખુબ જ સરળ છે. તાજેતરમાં એક ગુજરાતી દૈનિક અખબારના સર્વેક્ષણમાં હતું કે ગુજરાતની ૮૨.૬૦ ટકા વિદ્યાર્થીઓના અભ્યાસનું માધ્યમ માતૃભાષા ગુજરાતી છે જે એક ગુજરાત માટે ગૌરવની વાત છે. એવું પણ સર્વેક્ષણનું તારણ હતું કે માતૃભાષામાં સૌથી વધુ અભ્યાસ કરતા હોય તેવા રાજ્યોમાં ગુજરાતનો સાતમો ક્રમ છે. જો આમજ હોય તો શું આ બધા વિદ્યાર્થીઓ માધ્યમને લીધે રોજગારી કે આંતરરાષ્ટ્રિય કક્ષાએ હરીફાઈમાં પાછળ રહી જશે? આમ હાલના યુગમાં આ એક સળગતી સમસ્યાનું નિરાકરણ લાવવું જરૂરી છે.

મો. ૯૮૨૫૯ ૫૦૪૬૨



**ડો. ભાવેશ જેતપરિયા**
કવિ, લેખક, સંશોધક અને પૂર્વ પ્રોફેસર
જે. એ. પટેલ મહિલા કોલેજ, મોરબી

# શિક્ષક : જગત ઉપવનનો માળી

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ અને શિક્ષક વિશે ખૂબ ગંભીરતાથી વિચારવામાં આવ્યું છે. ' શિક્ષક ' નો શાબ્દિક અર્થ જોઇએ તો શિક્ષણ આપનાર, વિદ્યાલયમાં ભણાવનાર, કેળવણી આપનાર, બાળકને શીખવનાર, બાળકનું ઘડતર કરનાર, અભ્યાસ કરાવનાર વગેરે અર્થ મળે છે. અંગ્રેજી શિક્ષણ પ્રણાલી મુજબ ટીચર, મેડમ અને સર કહીએ છીએ. શિક્ષણ આપવું એ શિક્ષકનો ધર્મ છે. શિક્ષકના સંપર્કથી બાળકમાં ચૈતન્ય ઊભરી આવે છે એટલે તેને પારસમણિ કહી શકાય.

આજે માર્કશીટ, ડિગ્રી, મેરીટની પરંપરા છે. નિયત અભ્યાસક્રમનું ખોખું છે. એ ખોખાંમાં ફીટ બેસે એટલે શિક્ષક કહેવાય. નિયત ખોખાંમાં લેવાતી પરીક્ષામાં પાસ થઈ જાય એટલે વિદ્યાર્થી કહેવાય. નિયત અભ્યાસક્રમ નિયત સમયમાં પૂર્ણ કરવાની ફરજ સાથે ભણાવવામાં આવે છે. એમાંથી ચલિત થાય તો ન ચાલે. એ સિવાય શિક્ષકની ઘણી ફરજો અને જવાબદારીઓ છે. શિક્ષકને કેળવણીકાર કહીને આપણે એને મોટું માન આપીએ છીએ. કેળવણી ક્ષેત્રે નવા આયામો રચીને પરંપરા ઊભી કરી હોય તેને કેળવણીકાર કહેવાય. મહાત્મા ગાંધીજી, દર્શક, સ્વામી આનંદ, ગીજુભાઈ બધેકા, રવીન્દ્રનાથ ટાગોર, રાધાકૃષ્ણન, વિનોબા ભાવે, રવિશંકર મહારાજ વગેરે. જેને કેળવણી માટે જીવન ખર્ચીને વિદ્યાર્થીઓનું ઘડતર અને ચણતર કરીને માનવજાતના કલ્યાણ માટે કામ કરેલું હોય તેના માટે આ વિશેષણ પ્રયોજી શકાય. ભાડુતી ટટ્ટુઓ દ્વારા' કેળવણીકાર' વિશેષણ ધંધાદારી ડફોળ ડફેરો માટે પ્રયોજવામાં આવે ત્યારે હસવું આવે છે.

શિક્ષણ એટલે વિકસિત થવું, પ્રજ્ઞાવાન થવું, જાગૃત થવું, સ્વચ્છ અને સ્વસ્થ થવું. **માનવીના જીવનને સુંદર અને જીવવાલાયક બનાવવાની કામગીરી જે કરે તે શિક્ષક.** શિક્ષણ માનસિક પ્રક્રિયા છે પછી ક્રિયાન્વિત થતી પ્રક્રિયા છે એટલે એ.સી. રૂમમાં શૂટબૂટમાં સાચી દિશાનું શિક્ષણ ન અપાતું હોય એવું પણ બને અને ઝભ્ભો લેંઘો પહેરેલા વૃક્ષના છાંયે ઉત્તમ કેળવણી આપતા હોય એવું પણ બને.

**શિક્ષક સરસ્વતી મંદિરનો પુજારી છે. સમાજને જ્ઞાન, વિદ્યા, જીવનમૂલ્યો અને સંસ્કારિતાનો વારસો જાળવી રાખવાનું કાર્ય કરે છે.** ભગવાન શ્રીરામે ગુરુ વશિષ્ઠ પાસેથી અને ભગવાન શ્રીકૃષ્ણે ગુરુ ઋષિ સાંદીપનિ પાસેથી જે મેળવ્યું એવું કંઈક આપવા માટે વિદ્યાલયો છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન હંમેશાં સર્વોચ્ચ રહ્યું છે. ગુરુના ગૌરવવંતા ઇતિહાસ પણ છે. આજે પણ એ પરંપરાને સમર્થ શિક્ષકો ઊજળી કરી રહ્યા છે. દરેક યુગમાં પરિવર્તન આવે છે. જીવનમૂલ્યો ગૌણ ન બને એ વિશે સતર્ક રહેવું પડે. શિક્ષણની નવક્રાંતિની સાથે કદમતાલ જાળવીને વિદ્યાર્થીઓનું ઘડતર કરવાનું કામ શિક્ષકનું છે.

આજે જ્ઞાનવિશ્વ વિસ્તરતું જાય છે એટલે મેળવેલી પદવીથી જિંદગીભર શિક્ષણકાર્ય કરી શકાશે એવું માનવું ભૂલભરેલું છે. હવે નિવૃત્તિ સુધી એક જ નોટ નહિ ચાલે. જૂની નોટનાં દરેક પાનાં પાસે નવાં પાનાં ઉમેરતાં જવા પડશે. શિક્ષક બંધિયાર નાલું નથી પણ સતત વહેતી જ્ઞાનધારા છે. સિમિત અભ્યાસક્રમ, નિયત સમયમાં પરીક્ષા એ બધું નિમિત્ત છે, એક ટેકણ છે જેનાથી બાળકમાં પ્રવેશ કરી શકાય. **બાળક છોડ છે અને શિક્ષક માળી છે. માળીએ ઉપવનને સતત અપડેટ કરવાનું કામ કરવું જોઈએ. શિક્ષક વિદ્યાની અખંડ સાધના કરતો સાધક છે.**

શિક્ષક માસ્તર છે ? પંતુજી છે ? ટીચર છે ? નોકરિયાત છે ? ગુરુ છે ? ભણાવનાર છે ? સાહેબ છે ? કેળવણીકાર છે ? નોકરિયાત છે ? એ પોતે જ પોતાની ઓળખ વિશે સાશંક હોય એવું લાગે છે. જે શિક્ષકત્વ સિદ્ધ કરે તે શિક્ષક છે. એ જ એનું કર્તવ્ય છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે પવિત્ર સંબંધ છે. વિદ્યામંદિર જ્ઞાન, સંસ્કાર અને નૈતિકતાનું પ્રતીક છે. શિક્ષક વિદ્યાર્થીને ગુણીયલ બનાવે છે. મહાન શિક્ષકોએ સંસ્કાર સાથે જ્ઞાન, વિદ્યા, જીવનમૂલ્યોનો વારસો જગતને આપ્યો છે. જગત એવા શિક્ષકોને વંદન કરે છે. બાળકમાં સંસ્કાર નહિ ઊગે તો રાષ્ટ્રનું ભવિષ્ય ધૂંધળું બનશે.

શિક્ષકની ભૂમિકા સંસ્કૃતિઓ મુજબ બદલાતી હોય છે. શિક્ષક વિદ્યાર્થીઓની પાલક માતા, નીકટનો મિત્ર, જ્ઞાનનું અજવાળું કરનાર સંનિષ્ઠ માર્ગદર્શક છે. **ગ્રંથ, કલમ અને ખૂદનાં ચારિત્ર્યથી શિક્ષક વિશ્વને બદલવાની શક્તિ ધરાવે છે.** તે શિસ્ત, ક્ષમા અને કરૂણાથી બાળકને બદલી શકે છે. જીવનને પ્રગતિશીલ અને મહાન બનાવવા પાછળ પાછળ શિક્ષકનો પુરુષાર્થ રહેલો હોય છે. વિદ્યાલયોની ફેક્ટરીમાંથી બાળકને ધનકમાઉ માણસ સર્જવાની તાલીમ આપવામાં આવતી હોય એવું લાગે છે. વાલી એવાં જ સપનાંઓ આંજીને બેઠાં હોય છે.

બાળક સારો નાગરિક બને, સારો માણસ બને, તેનો સર્વાંગી વિકાસ થાય અને આખરે રાષ્ટ્ર સર્વાંગસંપૂર્ણ બને છે. પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન રહીને રાષ્ટ્રની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સ્વાસ્થ્યની જવાબદારી અદા કરે તે શિક્ષક છે. આજે શિક્ષણ વર્ગની ચાર દીવાલો વચ્ચે અપાય છે. બીજી બાજુ બાળક ઘણુંબધું સાથે લઈને આવે છે. માનસની કોઠીમાં સાફસફાઈ કરીને વિદ્યાર્થી જાતે શીખતો થાય એવા પ્રયાસો શિક્ષકે કરવાના છે. શિક્ષકે અભ્યાસક્રમનાં વર્તુળમાંથી બહાર નીકળીને બાળકને જીવનમાં ખપ લાગે તેવું જ્ઞાન પીરસવું જોઈએ.

મહાન શિક્ષકોએ સમાજને નવો પંથ બતાવ્યો છે. આ દેશને તેવા શિક્ષકો પર ગૌરવ

# શિક્ષણ સૃષ્ટિ

છે. બાળકોમાં પ્રમાણિકતા, અનુશાસન, રાષ્ટ્રભાવના અને ભાતૃભાવનાનું અમી સિંચન કરે તે શિક્ષક. એનામાં મડદામાં પ્રાણ પૂરવાની આવડત હોય છે. પથ્થરમાં મૂર્તિ થવાની ક્ષમતા રહેલી છે એમ દરેક બાળકમાં મહાન બનવાની શક્યતાઓ છે. એને જરૂર છે માત્ર શિક્ષકરૂપી શિલ્પીની. મહાન શિક્ષકો પ્રેરણા આપીને બાળકનું ઘડતર કરે છે. આદર્શ શિક્ષક બાળકની ભીતરમાં રહેલી સુષુપ્તશક્તિઓનું સન્માન કરે છે. શિક્ષક પ્રેમાળ, વિષયનિષ્ણાંત અને રસમય શૈલીમાં સમજાવવાની ક્ષમતા ધરાવતો હોવો જોઈએ.

'માસ્તર' એટલે માસાન્તે પગાર લેનાર, એના વધતા દરોથી મલકે એ નહિ પણ માતૃસ્થાને જે છે તે માસ્તર. પ્રેમથી વર્તતો, લાગણીથી છલકાતો, સદા મલકતો હોય અને બાળકને સહજભાવે જ્ઞાનનાં દીવા પ્રગટાવે તે માસ્તર. વેદોક્ત પરંપરા શિક્ષકને અત્યંત શકિતશાળી માર્ગદર્શક માને છે. પ્રેરણા પૂરી પાડતો શિક્ષક સાચા અર્થમાં પથદર્શક છે. જે પોતાના ગુણોથી વિદ્યાર્થીઓને પ્રભાવિત કરે છે. શિક્ષક અભેદ અને નિસ્વાર્થ ભાવે જ્ઞાનથી છલકતી સરિતા છે. શિક્ષક પાણીદાર હોવો જોઈએ. વિવિધ પ્રકૃતિ ધરાવતા, એક સાથે ઘણાં બાળકોની સંભાળ લેવાની હોવાથી આ કામ પડકારરૂપ છે.

**શિક્ષક વિદ્યાર્થી માટે આદર્શ છે. શિક્ષક કહે અને વર્તે એમ વિદ્યાર્થી વર્તે છે.** બાળક ઘરની દિવાલને બ્લોક બોર્ડ બનાવી હાથમાં ચોક લઈ ટીચર ટીચર રમે છે. આ નાની ઘટના નથી. વિદ્યાર્થી સતત નિરીક્ષણ કરે છે એટલે જ શિક્ષકે ઉદાહરણરૂપ બનવું પડે. શિક્ષક કોમળ અને કઠોરતાનું અજાયબ મિશ્રણ છે. શિક્ષકે પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન થઈને સમૃદ્ધ અને અસાધારણ શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાના છે. રાષ્ટ્રની સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને આરોગ્ય વિષયક માર્ગદર્શન શિક્ષક આપી શકે છે. એ જાગરૂક પ્રહરી છે. શિક્ષણ પાછળ સરકારશ્રી અને વાલી દ્વારા અઢળક ખર્ચ થાય છે. આજે હક્ક દાવો કરનાર, વ્યક્તિગત સવલતો અભિમુખ નોકરિયાતો વધારે છે અને નખશિખ પ્રમાણિક શિક્ષકો ઓછા છે. શિક્ષક માટે નૈતિક ફરજથી ચલિત થવું પાલવે જ નહિં.

આજે શિક્ષણ વર્ગની ચાર દીવાલોમાંથી બહાર આવીને ઘર, સમાજ અને વિશ્વમાં વિસ્તરી ચૂક્યું છે ત્યારે વિદ્યાર્થીઓ માત્ર નિષ્ક્રિય શ્રોતાઓ નથી. બાળકને એ જ્ઞાન આપીને ક્રિયાન્વિત કરવાનું છે. કોઈપણ બાબતનું જ્ઞાન હોવાથી કશું નહિ વળે. જ્ઞાન શક્તિ છે એ ખરું પણ એ શક્તિનો મહત્તમ ઉપયોગ થવો જોઈએ. કાર વિશે બધી જાણકારી હોય પણ કાર નિયમસર ચલાવતા આવડે એ મહત્વનું છે. વિદ્યાર્થીઓને માન આપવું, બાળકમાં રહેલી અભિયોગ્યતાને પરખવી, શિસ્તના પાઠ શીખવવા, જડતા ખંખેરવી, વિદ્યાર્થીઓના અધિકારોને માન આપવું અને તેની સંવેદનાઓ સમજવી જોઈએ. **શિક્ષકે પ્રેમાળ બનીને માતૃકર્તવ્ય અદા કરવાનું છે.**

**વિદ્યાલયો ઉપવન છે. શિક્ષક માળી છે. વિદ્યાર્થી વિવિધ રંગરૂપના ફૂલછોડ છે.** પ્રેમ અને પ્રેરણાના અમી સીંચનથી તેનાં મૂળ મજબૂત કરીને બીજનું છોડમાં રૂપાંતર કરે છે. શિક્ષણ ધીમી ગતિએ થતી રૂપાંતરની પ્રક્રિયા છે. શિક્ષકોના જ્ઞાન અને વ્યાવસાયિક પ્રતિષ્ઠાને અનુસરે તે શિક્ષક. આપણા દેશના ઘણા શિક્ષકોએ આદર્શ શિક્ષક તરીકે પોતાની જવાબદારીઓ નિભાવી છે. શિક્ષકત્વ સનાતન છે. શિક્ષકધર્મ સનાતન છે. એમાં બાંધછોડ કરવાનું જોખમ વહોરવું ભયજનક છે.

**કેળવણીનું મુખ્ય ધ્યેય માનવઘડતર છે. શિક્ષક એનો ઘડવૈયો છે.** શિક્ષકમાં ચારિત્ર્ય, સદાચાર, સદગુણ હશે અને બાળકોમાં એ ગુણ રોપવાની આવડત હશે તો ખરું કાર્ય થશે. અભ્યાસક્રમ, પુસ્તકો, વર્ગખંડ, બ્લેકબોર્ડ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ માધ્યમ છે. શિક્ષકે એના ઉમદા ગુણોથી બાળકનાં વ્યકિતત્વનું પ્રગટીકરણ કરવાનું છે, એજ કેળવણી છે. બાળક આવનાર સમયમાં ઝંઝાવાતો સામે ટક્કર લઈ શકે એવું ઘડતર કરવાનું છે. ડિગ્રી ધરાવનાર ઘણા જીવનવ્યવહાર અને વ્યવસાયમાં નિષ્ફળ જાય છે. એના કારણો તપાસવા પડે તેમ છે.

અફસર લાગે એવો યુનિફોર્મ, બાળકોથી ખચાખચ ભરેલ વાન, મો માગી ફી, ન ઉંચકી શકાય એવડું આકર્ષક વજનદાર દફતર બાળકની મા ઉંચકીને સુંદર દેખાતા સ્કૂલવાન સુધી આવે, બસમાં બેસે એટલે ' ટાટા... બાય મોમ..! ' કહીને પીંજરામાં પુરાઈ જાય પછી ક્લાસમાં પુરાઈ જાય. બાળકમાં જે સપનાંઓ આંજેલા છે તેનું શું ? જથ્થાબંધ આવતા બાળકોની કોને પડી છે ? મંથલી ટેસ્ટમા માર્ક્સ મળી જાય એટલે પુરું ? બાળક દફતરમાં પૂરાઈ ન જાય અને એના ભારથી દબાઇ ન જાય એ ખેવના શિક્ષકે રાખવાની છે. ભણેલા ડિગ્રીધારી ભ્રષ્ટાચાર, દગાખોરી, કૌભાંડો કરે એ લાંછન છે. યુવાધન રેઢિયાળ હોય કે સમૃદ્ધ હોય તો તેનું કારણ ક્લાસરૂમમાં અપાતું શિક્ષણ છે. અભણ મજૂરના સંતાનો શીલવાન શિક્ષકોના માર્ગદર્શનથી મહાન બન્યા છે.

**શિક્ષક સમાજનો મુખ્ય આધાર છે. રાષ્ટ્રનું ભવિષ્ય વર્ગખંડમાં ઘડાય છે. શિક્ષક વર્ગનો પુજારી છે** એટલે એ સામાન્ય વ્યક્તિ ન જ હોય. ક્લાસરૂમ વ્યક્તિ નિર્માણનું સ્થાન છે. શિક્ષક એનો અધિપતિ છે એટલે સમાજમાં સૌથી વધારે માન, સન્માન અને મોભો એને મળે છે. **ભારતીય સંસ્કૃતિમાં ગુરૂને બ્રહ્માનો દરજ્જો આપવામાં આવ્યો છે.** બ્રહ્મા સૃષ્ટિનું સર્જન છે એમ વ્યક્તિનિર્માણથી રાષ્ટ્રનિર્માણનું કાર્ય શિક્ષક કરે છે. એટલે શિક્ષક અસાધારણ હોવાની અપેક્ષા છે. માનવીના જીવનવિકાસમાં શિક્ષકનું અદકેરું સ્થાન છે. તે જગત ચેતનાનો માળી છે. વ્યક્તિ ઘડતરથી રાષ્ટ્રઘડતરમાં તેનું સવિશેષ યોગદાન છે. 'શિક્ષકદિન'ને દિવસે તેને યાદ કરીને સન્માન આપવામાં આવે છે. ખરેખર ઉત્તમ શિક્ષક સન્માનનો અધિકારી છે.

મો.૯૮૭૯૮૩૫૭૧૭



**પ્રજ્ઞા પટેલ 'પ્રાર્થી'**
નવોદિત લેખિકા અને કવયિત્રી
કલોલ

# શીખવે તે શિક્ષક

શીખવું એ માનવનો મૂળભૂત ગુણ છે. મનુષ્ય જીવન પર્યંત કંઈક નવું નવું શીખતો જ રહે છે. શીખવું એ એક જિજ્ઞાસા આધારિત પ્રક્રિયા છે. સૌ કોઈ પોતપોતાની રુચિ પ્રમાણે સતત શીખતાં જ રહે છે. આમાંથી શિક્ષકો પણ બાકાત નથી. એ પણ વર્તુળના પરિઘમાં સમાવિષ્ટ થયેલ જ છે. તેમના વિશે સુંદર મજાની સ્વર્ણિમ ઉક્તિ જોઈએ તો,

"શિક્ષક, એક આભા અદકેરી, મુજ જીવનમાં સુગંધ રેલાવે એવી,

નથી એ પલાશ કે બારમાસી, પણ ઘસાય ચંદન ને પ્રસરાય જેવી."

શિક્ષક હંમેશા શાળાએ રૂડો લાગે છે. શિક્ષણ એ ઉજ્જવળ ભવિષ્યની ચાવી છે અને એ ચાવીનો રખેવાળ શિક્ષક છે. શાળા એ ગ્રંથાલય અને રમત ગમતનું મેદાન છે. તેનો એ પસાયતો (પહાયતો) છે. શિક્ષણ એ આત્માનો ખોરાક છે. જ્ઞાન એ સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે. અસંભવ ફક્ત એ જ છે, જેની શરૂઆત નથી કરી. અક્ષર અક્ષરનો અર્થ સમજાવે એ શિક્ષક છે. શબ્દ શબ્દ સમજાવે એ શિક્ષક. આ બધું શિક્ષક શબ્દ સાથે અનુબંધિત છે.

**મનુષ્યના જીવનની શરૂઆતનો પ્રથમ શિક્ષક માતા-પિતા જ હોય છે.** જે પાયાનું ઘડતર કરે છે. બાળકની કાલી-ઘેલી ભાષા સમજે અને કંઈક નવું શીખવે છે. બાળકને બોલવું, ચાલવું, ખાવું, પીવું રમવું જેવું પાયાનું શિક્ષણ તો માતા-પિતા થકી જ મળે છે. બાળક જેમ જેમ મોટું થાય તેમ તેમ ઘરના માન-મર્યાદા, મોભો, સંસ્કાર, રીતિરિવાજ, અનુસાશન, ધર્મ અને સંસ્કૃતિની સમજ માતા પિતા, પરિવાર તથા સમાજ દ્વારા મળે છે. માતા વિશે તો કહેવાયું છે કે, **"એક માતા સો શિક્ષકની ગરજ સારે"** ભાઈ બહેન દ્વારા સાથે રહેવાના, વહેંચવાના, સંપીને રહેવાના, સુસંગતતા જેવા ગુણો વિકસે છે. શિક્ષક પોતાના વિદ્યાર્થીઓમાં સદ્ભાવ, સદાચાર, પરોપકાર, સંપ, સહકાર, જરૂરિયાત અને મંદી, સ્વભાવ, સેવા, સમાન ભાવ જેવા ગુણોનું સિંચન કરવા મથે છે. વિચારવા જેવી એક વાત છે કે **"શિક્ષકનો દિવસ ન હોય, પણ શિક્ષક વગર દિવસ ન હોય"** દરેક દિવસની શરૂઆત શીખવાથી થતી હોય છે. આપણા ભગવાન દત્તાત્રેયે ૨૪ ગુરુઓ ગણાવ્યા છે. તેમણે તો કાગડા અને કૂતરાને પણ ગુરુ સ્થાને રાખ્યા હતા.

**શિક્ષક સાચા અર્થમાં શિલ્પી કહેવાય છે.** જેમ શિલ્પી એક પથ્થરના ટુકડાને આકાર આપીને તેને મૂર્તિનું સ્વરૂપ આપે છે. જેમ માટીના પીંડમાંથી કુંભાર નવાં નવાં વળાંકો આપી નવસર્જન કરે છે, એમ શિક્ષક પણ પોતાનું એવું જ પવિત્ર કાર્ય કરે છે. બાળક સમજણું થાય એટલે શાળાએ જાય છે. શાળા પુરી થતાં સુધીમાં બાળક અર્થોપાર્જનના શિક્ષણની સાથે સાથે નીતિમત્તા, સંયમ, શિસ્ત, નિયમ, યોગ, વ્યાયામ અને વ્યવહારિક ભાષાઓ જેવા અગણિત ગુણો વિકસાવે છે. શિક્ષક પોતાના જ સ્થાન પર રહીને સમાજ માટે ઉચ્ચ હોદ્દેદારો, ડોક્ટર, નર્સ, શિક્ષક, વકીલ, પોલીસ, મિલેટ્રીમેન, એન્જિનિયર, લેખક કે નેતાઓ જેવા મહાનુભાવો તૈયાર કરે છે. આમ, **શિક્ષક જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણી સંગમ છે. સમાજનું નવ નિર્માણ કરવામાં તે પાયાના પથ્થર જેવું કામ કરે છે.**

શિક્ષણ બાળકને સીમિત ખાબોચિયામાંથી વિશાળ જ્ઞાન સાગરમાં પરિવર્તિત કરે છે. વિદ્યાર્થીએ શિક્ષકની આંખોનું તેજ છે તેથી જે શિક્ષક પર વિશેષ પ્રેમ હોય તે શિક્ષકનું જ્ઞાન સવિશેષ પ્રાપ્ત થઈ શકે છે. સાચા અર્થમાં શિક્ષક સમાજ માટે દર્પણ સમાન છે. કારણ કે શિક્ષકમાં શીખવવાની નિષ્ઠા હોવી જરૂરી છે. એવાં ગુરુ શિષ્યનાં ઉદાહરણ આપણી ભારતભૂમિ પર અગણિત મળી રહે છે. **શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવા ગુરુ હોય તો સ્વામી વિવેકાનંદ જેવા વિરલ શિષ્ય તૈયાર થઈ શકે.** ધૌમ્યઋષિના શિષ્ય આરુણી એટલાં કર્તવ્યનિષ્ઠ હતાં કે ગુરુજીએ આપેલું કામ પુરું કરવા માટે ખેતરમાં વહી જતાં પાણીને રોકવા આખી રાત જહેમત ઉઠાવી હતી. પાણીનાં વહેરામાં પોતે સૂઈને વહી જતાં પાણીને રોક્યું હતું. આવી નિષ્ઠા ગુરુમાં હોય તો જ શિષ્યોમાં બિંબીત થાય છે. નિપોનદાસ જેવા શિક્ષક મળે તો વિદ્યાર્થીઓમાંથી પ્રતિભા શોધી ખંતપૂર્વક પ્રયત્ન કરીને હિમાદાસ જેવા દોડવીર તૈયાર કરી શકે. સિકંદરના ગુરુ એરિસ્ટોટલ, શિવાજીના ગુરુ રામદાસ સ્વામી, કર્ણના ગુરુ પરશુરામ, શ્રી કૃષ્ણના ગુરુ સાંદીપની, મીરાંબાઈના ગુરુ સંત રોહીદાસ અને સંત કબીરના ગુરુ રામાનંદ આવાં તો ગુરુ શિષ્યના અનેક ઉદાહરણો ઈતિહાસમાં સોનેરી પાને અંકાઈ ગયા છે.

**"શિક્ષક જ્ઞાનનો વિશાળ સાગર છે, અને વિદ્યાર્થી એ સાગરને પીનારો અગત્સ્ય મુનિ છે."**

શિક્ષક જ્ઞાનનો ભંડાર છે. એ જ્ઞાન અક્ષયપાત્ર સમાન ગણાવી શકાય. ગુરુ (શિક્ષક)નો મહિમા બતાવતાં સંત કબીરજીએ પણ કહ્યું છે કે,

**"ગુરૂ ગોવિંદ દોનો ખડે, કિનકો લાગું પાય,
બલિહારી ગુરૂ દેવ કી, ગોવિંદ દીયો બતાય..."**

મો. ૯૬૩૮૦૫૯૫૨૭



મનોજ જે. પટેલ
સામાજિક તથા શૈક્ષણિક લેખનમાં વિશેષ રૂચિ
મુ.પો. : પીંપળ તા. ચાણસ્મા, જી. પાટણ( ઉ.ગુજરાત)

# ભણતર - ગણતરથી થાય ઘડતર...

ભણતર અને ગણતર બંને શબ્દોમાં ઘણી સામ્યતા છે : (૧) બંને કાનો-માત્રા વિનાના છે. (૨) બંનેમાં પ્રથમ અક્ષર સિવાયના બાકીના ત્રણે અક્ષરો સમાન છે. (૩) બન્નેમાં ઘણી શક્તિ છે, જીવનની દિશા-દશા બદલી શકે છે. આમ, **ભણતર અને ગણતર બંને એકબીજા સાથે સંકળાયેલા છે.** અલગ-અલગ નથી તેમજ ભણતર-ગણતરથી માનવીનું ઘડતર થાય છે, ઘડતર થવા માટે બંને જરૂરી છે. સમાજમાં ઘણી વખત વડીલો દ્વારા બાળકોને શિખામણ આપતાં કહેવામાં આવતું હોય છે, “ભણીગણીને હોશિયાર થજે.” આમ, હોશિયાર થવા માટે ભણતર અને ગણતર બંને જરૂરી છે, નહિ કે કોઈ એક.

**ગણતરમાં ભણતરની આવશ્યકતા :**

(૧) ગણતર શિક્ષક, દાક્તર (ડોક્ટર) ઈજનેર (એન્જીનીયર), વગેરે દરેક વ્યવસાયીને પોતાની ફરજને વધુ અસરકારક રીતે બજાવવાનું જરૂર શીખવે છે પણ દરેક વ્યવસાયીને પોતાના વ્યવસાયનું જ્ઞાન તો માત્ર ભણતરથી જ મળે છે.

(૨) ગણતર માનવીને યોગ્ય જ્ઞાનનો, યોગ્ય સમયે, યોગ્ય સ્થળે ઉપયોગ કરતાં જરૂર શીખવે છે પણ ગણતર માટે જરૂરી જ્ઞાન તો ભણતરથી જ મળે છે.

(૩) ગણતર વિચારોનું પૃથક્કરણ કરીને અમલમમાં મૂકતાં જરૂર શીખવે છે પણ ગણતર માટે જરૂરી વિચાર (એટલે કે વિચારતાં) તો ભણતર જ શીખવે છે.

(૪) ગણતર બુદ્ધિનો યોગ્ય માર્ગે ઉપયોગ કરતાં જરૂર શીખવે છે પણ બુદ્ધિનો વિકાસ તો ભણતરથી જ થાય છે.

**ભણતરમાં ગણતરની આવશ્યકતા :**

(૧) ભણતરથી શિક્ષક, દાક્તર (ડોક્ટર), ઈજનેર (એન્જીનીયર), વગેરે દરેક વ્યવસાયીને પોતાના વ્યવસાયનું જ્ઞાન જરૂર મળે છે પણ પોતાની ફરજને વધુ અસરકારક રીતે બજવવાનું તો ગણતર જ શીખવે છે.

(૨) ભણતરથી જરૂરી જ્ઞાન જરૂર મળે છે પણ માનવીને યોગ્ય જ્ઞાનનો, યોગ્ય સમયે, યોગ્ય સ્થળે ઉપયોગ કરતાં તો ગણતર જ શીખવે છે.

(૩) ભણતર જરૂરી વિચાર (એટલે કે વિચારતાં) જરૂર શીખવે છે પણ વિચારોનું પૃથક્કરણ કરીને અમલમાં મૂકતાં તો ગણતર જ શીખવે છે.

(૪) **ભણતરથી બૃદ્ધિનો વિકાસ જરૂર થાય છે પણ બુદ્ધિનો યોગ્ય માર્ગે ઉપયોગ કરતાં તો ગણતર જ શીખવે છે.**

ગણતરમાં ભણતરની આવશ્યકતા તેમજ ભણતરમાં ગણતરની આવશ્યકતા થોડા દૃષ્ટાંતોથી સમજીએ.

ગણિત વિષયના એક શિક્ષક પોતાના વિષયને ખૂબ રસપૂર્વક ભણાવે છે જેને પરિણામે ઠોઠમાં ઠોઠ વિદ્યાર્થીને પણ અન્ય વિષયોની તુલનામાં ગણિતમાં સારું એવું આવડે છે. ગણિતના શિક્ષકની આ સિદ્ધિને ગણતરનું પરિણામ સમજીને તો ગણતરવાળા આ શિક્ષક ઈંગ્લિશ વિષયમાં પણ આવું જ સરસ ભણાવતા હોવા જોઈએ પણ આવું થતું નથી કારણ કે ઈંગ્લિશમાં તેઓનું ભણતર નથી. ગણિત વિષયમાં આવેલ ગણતર તેઓના ગણિત વિષયમાં કરેલા (બી.એસ.સી.ના ત્રણ અને એમ.એસ.સી.ના બે એમ પાંચ વર્ષ અને બી.એડ.નું એક વર્ષ એમ છ વર્ષના લાંબા) ભણતર પછીની પ્રક્રિયા છે. ભણતર પછી જ ગણતર થઈ શકે. **ગણતર એટલે ભણતર પછીનો તબક્કો, ભણતર પછીની ભણતરની વ્યવસ્થિત રજૂઆત.**

**ગણતર વિનાનું ભણતર ક્યારેક દિશાહીન પુરવાર થઈ શકે છે,** ખૂદને તેમજ સમાજને પણ નુકસાનકારક પુરવાર થઈ શકે છે. રાવણના ભણતરમાં ક્યાંય પણ કચાશ ન હતી, અસ્ત્રશસ્ત્ર વિદ્યામાં શ્રેષ્ઠતા હતી પણ અસ્ત્રશસ્ત્ર વિદ્યાનો ઉપયોગ કોની સામે કરવો અને કોની સામે ન કરવો એનું ગણતર ન હોવાને લીધે તેનું ભણતર તેના માટે તેમજ સમાજ માટે નુકસાનકારક પુરવાર થયુ હતું. પાંડવો અને કૌરવોનું ભણતર એક સમાન હતું, બંનેના ગુરુઓ (કૃપાચાર્ય અને દ્રોણાચાર્ય) એક જ હતા પણ યોગ્ય ગણતરના અભાવે કૌરવોનું પતન થયું. એથી ઉલટું, પાંડવો પાસે ભણતર અને ગણતર બંને હતા એટલે તેઓનું યોગ્ય ઘડતર થઈ શક્યું.

“ભણતર”શબ્દની સમજ આપવી હોય તો કહી શકાય કે **“ભણતર”એટલે અભ્યાસ, અધ્યયન, શિક્ષા, શિક્ષણ વગેરે.** ભણતર શાળા અને શિક્ષકો દ્વારા મળતું હોય છે. “ગણતર” શબ્દની સમજ આપવી હોય તો કહી શકાય કે **“ગણતર” એટલે કોઠાસૂઝ, સમજ, શાણપણ, ડહાપણ વગેરે.** ગણતર પરિવારના વાતાવરણ અને સંસ્કારોમાંથી મળતું હોય છે. “ઘડતર” શબ્દની સમજ આપવી હોય તો કહી શકાય કે **“ઘડતર” એટલે કેળવણી.** ભણતર અને ગણતરના સુગમ સમન્વયથી ઘડતર થાય છે. શાળા-શિક્ષકો ભણતર આપે છે અને કુટુંબના વાતાવરણ-સંસ્કારોમાંથી ગણતર મળે છે. છત્રપતિ શિવાજી મહારાજના ઘડતરમાં તેઓના ગુરુ સમર્થ રામદાસ અને માતા જીજાબાઈનું પ્રમુખ યોગદાન હતું. ભણતર અને ગણતર કેવી રીતે ઘડતર કરે છે તે છત્રપતિ શિવાજી મહારાજના દૃષ્ટાંત દ્વારા સમજી શકાય છે. યોગ્ય ભણતર અને યોગ્ય ગણતરથી યોગ્ય ઘડતર થાય છે.

મો. ૯૭૧૨૪૫૭૫૫૯

नारी सृष्टि



**શ્રીમતી ગીતા ઉનડકટ**
નારીવાદી લેખિકા, રાજકોટ

# નારી તું કદી ના હારી

**"નારી જીવન ઝૂલે કી તરહ, ઈસ પાર કભી ઉસ પાર કભી,**
**હોઠોં પે મધુર મુસ્કાન કભી આંખોમેં અસુંવન ધાર કભી..."**

૨૧મી સદીની આધુનિક નારી જીવનના દરેક ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે. સ્ત્રીશિક્ષણનું પ્રમાણ પણ વધી રહ્યું છે જેના લીધે સ્ત્રીની સમજદારી અને જવાબદારી વધી રહી છે. આજ સુધી સ્ત્રી રસોડામાં કુકરની સીટી, ડ્રોંઈગરૂમમાં ફોનની ઘંટી કે ફક્ત ડોરબેલના અવાજ વચ્ચે દોડાદોડી કરતી હતી તે હવે સામાજિક, વ્યવસાયિક કે રાજકીય ક્ષેત્રે પ્રવેશ કરી ચૂકી છે.

આમ પહેલા કરતાં દરેક બાબતમાં સ્ત્રી આગળ છે તેમ છતાંયે એકંદરે જોઈએ તો પરિવારમાં સ્ત્રીનું સ્થાન તો જ્યાં હતું ત્યાં જ છે. સ્ત્રીઓની સમસ્યા પહેલા કરતાં પણ વધી છે કેમ કે પહેલાં સ્ત્રી ફક્ત ઘરનું કામ સંભાળતી અને ઘરમાં જ રહેતી એટલે ઘરની જ સમસ્યા હતી જ્યારે આજે સ્ત્રીને ઘરની સાથે સાથે બહારના કામની જવાબદારી પણ સંભાળવી પડે છે એટલે ઘરની બહાર પણ સમસ્યાનો સામનો કરવો પડે છે.

ભારતીય સમાજના પરિવારમાં લોકોના માનસ પર ધાર્મિક રૂઢિઓ અને પરંપરાગત સંસ્કારોની એટલી અસર છે કે સ્ત્રીના સ્વતંત્ર અસ્તિત્વનો ભાગ્યે જ સ્વીકાર થાય છે. સ્ત્રીઓનું જીવન અકંદરે સંઘર્ષોથી ભરેલું જ હોય છે. પહેલાં પિતા અને પછી પતિની આજ્ઞાધીન રહીને વાસ્તવમાં મર્યાદામાં રહીને જીવન ગુજારે છે. ડગલે ને પગલે કંઈક ને કંઈક સહન કરવાનું જ એના ભાગે આવે છે.

પરિવારમાં લોકો ચાહે છે કે બુદ્ધિશાળી અને ભણેલીગણેલી વહુ ઘરમાં આવે, પણ અપેક્ષા રાખે છે કે એ સંપૂર્ણપણે વડીલોને આધીન રહે અને સાસુ-સસરાની આજ્ઞા પાળે તથા સેવા કરે... એટલે પરણીને આવે ત્યારે ઉમળકાભેર આવકારે તો છે પણ પછી એની કોઈ કદર કરતું નથી. એનું જીવન ફક્ત ઘરકામ કરવામાં અને બાળકોને જન્મ આપવામાં જ પુરું થઈ જાય છે. એનું ભણતર કે બુદ્ધિ કંઈ કામ આવતું નથી. એક પતિ પણ પ્રતિભાશાળી પત્નીની આકાંક્ષા રાખે છે પણ પત્નીની પ્રગતિ સામે એનો અહમ્ ઘવાય છે અને પતિ-પત્ની વચ્ચે ઘર્ષણ થાય છે. અમિતાભ બચ્ચન અને જયા બચ્ચનની ફિલ્મ "અભિમાન" પતિ-પત્ની વચ્ચેના ઘર્ષણનું સચોટ ઉદાહરણ છે. પરિવાર માટે સ્ત્રી કેટલુંયે કરે તો પણ બધાને કોઈ ને કોઈ વાતનો અસંતોષ રહે જ છે. આ અસંતોષમાંથી ઉપેક્ષા જન્મે છે અને ઉપેક્ષાનો ભોગ સ્ત્રી જ બને છે.

**"દિયે કી તરફ ખુદ જલતી હૈ, દુનિયા કો ઉજાલા દેતી હૈ,**
**સુખ મેં ના કભી અભિમાન કરે, દુઃખમેં ના માને હાર કભી"**

**સતયુગના સમયથી સ્ત્રી હંમેશા સહન કરી જ રહી છે, ક્યારેય હારી નથી...** ભગવાન શ્રીરામના સમયથી સ્ત્રીની ઉપેક્ષા થતી આવી છે. સીતાજી રામની પત્ની તરીકે પૂજાય છે પરંતુ ક્યાંયે તેનો વ્યક્તિ તરીકે સ્વીકાર થયો કે? રાજમેહલનો વૈભવ અને જીવનનાં તમામ સુખનો ત્યાગ કરી પતિને સાથ આપવા શ્રીરામની સાથે વનમાં જાય છે ત્યાં રાવણ સીતાજીનું હરણ કરી જાય છે. પછી અગ્નિપરીક્ષા તો સીતાજીને જ આપવી પડે છે ને ! વળી ફક્ત એક ધોબીની શંકાને કારણે સીતાજીને જંગલમાં જવું પડે છે એ પણ કેવી હાલતમાં કે જ્યારે તે મા બનવાનાં હતાં. જે સમયે સ્ત્રીને લાગણીની, સાથની અને રક્ષણની સૌથી વધુ જરૂર હોય એવા સમયે આવી ઉપેક્ષા....! અને એ પણ ભગવાન શ્રીરામ પ્રભુ દ્વારા...!

કવિ શ્રી પરમારે સાચું જ કહ્યું છે કે....

"જન્મોજનમથી એજ દુર્દશા તારી, ઓ નારી તારી વેદના કોણે જાણી?

સદીઓથી બસ એ જ આસુંની લહાણી, ઓ નારી તું તો નારાયણી તારી કેવી આ કરમ-કહાણી...?"

**રામાયણ હોય કે મહાભારત સ્ત્રીને હંમેશા એક ઉપેક્ષિત વ્યક્તિ તરીકે જ બતાવેલ છે ને ?** જો કૌરવોનું રાજ આવે તો સ્ત્રીનું દુઃશાસન કે દુર્યોધન જેવા પુરુષોના હાથે વસ્ત્રહરણ થાય અને પાંડવોનું રાજ આવે તો યુધિષ્ઠિર જેવા ધર્મપુરુષો વડે જુગટામાં ખેલાય અને દ્રોપદી જેવી સ્ત્રીને પણ સહન કરવાનું જ ભાગે આવે. જો ભગવાનને કૃપા જ કરવી હતી તો ભરી સભામાં વડીલો, ગુરુજનો અને પાંચ પતિની હાજરીમાં દ્રોપદીનું ચીરહરણ થવા જ કેમ દીધું?

આધુનિક યુગમાં જોઈએ તો બ્રિટેનના પ્રિન્સ ચાર્લ્સની પત્ની - વિશ્વની એક મહાસત્તાના રાજપરિવારની પુત્રવધૂ - ડાયનાનો શું વાંક હતો ? શું ખોટ હતી ડાયનામાં ? છતાંયે અકસ્માતે મૃત્યુ પામીને...? જો એક રાજ પરિવારની પુત્રવધુના આ હાલ હોય તો સામાન્ય પરિવારમાં તો સ્ત્રીઓની કેવી હાલત હોય?

અમુક પરિવારમાં તો સ્ત્રીઓની હાલત ખરેખર અસહનીય જ છે. એક અશિક્ષિત અને અણસમજુ પતિ આવેશ અને આવેગમાં પત્ની ઉપર કેટલા અત્યાચાર કરે છે? **"નબળો ધણી બૈરી પર શુરો"** એ ન્યાયે દારૂ પીને પત્ની સાથે મારઝૂડ કરે છે. છતાં પત્ની બધું જ સહન કરે છે - હારતી નથી. આ તો ઠીક પરંતુ પરિવારની **એક સ્ત્રી પણ બીજી સ્ત્રીને સમજી શકતી નથી** અને પરિવારમાં આવતી નવી વહુની ઉપેક્ષા કરે છે જે સાસુ-નણંદ કે દેરાણી-જેઠાણી કોઈ પણ રૂપમાં હોય શકે છે. **જો એક સ્ત્રી જ બીજી સ્ત્રીના મનોભાવને સમજી નહિ શકે તો પુરુષો પાસેથી તો શું આશા રાખવાની?**

જિંદગીના ઝંઝાવાતો સામે ઝઝૂમતી સ્ત્રી બસ બધું સહન કર્યે જ જાય એ. પિતા અને પતિના નામ ખાતર - પરિવારની આબરૂ સાચવવા માટે ગમે એવા અન્યાય, અત્યાચાર અને અપમાન સામે પણ ઝૂકતી નથી કે હારતી નથી. પરંતુ માણસને માત્ર હથોડાના ઘા જ તોડે છે એવું નથી, ક્યારેક શબ્દોનાં બાણ અને એક ઉપેક્ષાભરી નજર પણ સ્ત્રીહદયના ટુકડે-ટુકડા કરી શકે છે ? **પરિવારમાં નારી ક્યાં સુધી ઉપેક્ષિત થતી રહેશે ? ક્યાં સુધી સહન કરતી રહેશે ? ક્યાં સુધી?**

"કિતને સુખ દેતી હૈ જગકો, મા-બેટી-બહન પત્ની બનકર,
હૈ કિતના કઠિન જીવન ઈસકા, સમજા ના ઈસે સંસાર કભી.....!!!"

■ ■

## નારી સૃષ્ટિ



**પ્રાગજીભાઈ પટેલ**
લેખક : નારી શક્તિના પ્રખર પક્ષધર છે.

# સ્ત્રી પ્રેમની દેવી છે

સાચો પ્રેમ જાતીય નિર્બળતાને દૂર કરી શકે છે. અને પ્રેમનો અભાવ મર્દને નામર્દ અને એક ઉષ્માભરી નારીને ઠંડી કરી મૂકે છે. ઘણા આશાસ્પદ યુવાનોના જીવનમાં લગ્નજીવન પછી અંધકાર ફેલાઈ જાય છે. અને જાતીય જીવનમાં અતૃપ્ત રહેતી સ્ત્રીઓ તો જીવતું નરક ઊભું કરે છે. વાતવાતમાં ઉશ્કેરાય જતી પોતાની મરજી વિરુધ્ધ કંઈપણ બનતાં વાતાવરણને ગજવી મૂકતી સ્ત્રીઓ પોતાના અને બીજા અનેકના જીવનમાં આગ ચાંપી દે છે.

**પુરુષોમાં પ્રેમ એક ભાવ છે અને સ્ત્રીઓમાં પ્રેમ એક ભાવના છે.** એટલે સ્ત્રીની આંખોને ગમતા પુરુષ કરતાં એના મનને ગમતા પુરુષ તરફ એ વિશેષ ઢળી પડે છે. પોતાને મનગમતા પુરુષ સાથે એ નરકમાં પણ સ્વર્ગનું સુખ મેળવી શકે છે, અને ન ગમતો પુરુષ પછી તે સ્વર્ગનો ઈન્દ્ર કેમ ન હોય ! તે સ્ત્રી માટે યાતના બની જાય છે.

**સ્ત્રી પ્રેમની દેવી છે. એને પ્રેમ કરવાનું અને પ્રેમ આપવાનું ખૂબ ગમે છે.** સ્ત્રીનું મન લાગણીઓ અને ઉમળકાભર્યુ વહાલ ઈચ્છે છે. કોઈ એના વ્યક્તિત્વનો સ્વીકાર કરે, એની શક્તિને વખાણે અને કાર્યની વાહ વાહ કરે તે એને બહુ ગમે છે. સ્ત્રી ગરીબ-મુર્ખ કે રોગી પતિ સાથે ખુશીથી રહી શકશે, પણ સ્વાર્થી સ્વસુખમાં રાચનારા શ્રીમંત, જ્ઞાની કે મહાપુરુષને પણ હૃદયથી ધિક્કરાશે.

સ્ત્રીની પ્રેમની ભૂખ ગજબ હોય છે. એની સાથે કોઈ મધુર વાત કરે, ઉષ્માભર્યું આલિંગન આપે, દૃઢ ચુંબન લઈ પંપાળે તે ખૂબ ગમે છે. જ્યારે પુરુષ નારીના ખરા સ્વરૂપને ઓળખશે ત્યારે પૃથ્વી પર સ્વર્ગ ઊતરશે. જાતીયવૃત્તિના પ્રદર્શનમાં સ્ત્રી પુરુષ જેટલી સ્પષ્ટ અને સ્વાભાવિક નથી હોતી. ગમે તેટલા જોરદાર આવેગમાં પણ પોતે નિષ્ક્રિય રહેવું પસંદ કરે છે.

સ્ત્રી કોઈપણ સમસ્યાને હૃદયના બળ પર કસી જુએ છે. હૃદય, ભાવના, લાગણી અને ભાવુકતાથી કામ લેતી સ્ત્રી બુદ્ધિનો ઉપયોગ બહુ ઓછો કરે છે. સ્ત્રી અનાદર અને થોડોક પણ કઠોર વ્યવહાર સહન કરી શકતી નથી. પોતાનો પતિ બીજી સ્ત્રી સાથે હસે, બોલે તે સ્ત્રીને બિલકુલ પસંદ નથી.

પ્રેમ માટેની ઝંખના લગભગ દરેક સ્ત્રીની નબળી કડી હોય છે. પ્રેમ માટેની ઈચ્છા અને સલામતીની શોધ આ બે બાબતો જ સ્ત્રીની દુર્દશા માટે જવાબદાર હોય છે.

પ્રેમની જરૂરીયાતને કારણે ગમે તેવા માણસમાં હૃદય આરોપી દે છે. કોઈકના પ્રેમ માટે તે ઝૂરે છે. **પ્રેમ વિના તેના હૃદયને તૃપ્તિનો અનુભવ નથી થતો. એકવાર એને એ મળે, તો તે સોળે કળાએ ખીલી ઊઠે છે.** આ એક જરૂરિયાત પૂરી થાય તો પછી સૂકો રોટલો અને થીંગડાંવાળાં વસ્ત્રો તેને ચાલશે. સમસ્ત નારીહૃદયનો આ ધબકાર છે.

(અનુ. પેઈજ ૨૭નું શરૂ) **“સાસુ વહુનો સંવાદ”**

દયામણા.. બચારા..ની વ્યાખ્યામાં મૂકી દઈએ છીએ, આપણું પણ કોઈ વજૂદ હોય છે, અને આ માનસિક ગુલામીના ચક્રવ્યૂહમાંથી આપણે ક્યારેય બહાર નીકળી શકતા નથી, આમાં ગુનેગાર સાસુ છે કે પછી ઘર બચાવવાના ઈરાદાથી ખોટુ સહન કર્યા કરતી વહુ છે? તે પારખવુ મુશ્કેલ બની જાય છે, આ સંવાદમાં વહુ પોતાનું અવમૂલ્યન કરી રહી છે, તે પોતે પોતાનું મૂલ્ય અંકિત કરી શકતી નથી, જ્યારે કોઈ વહુ પોતે પોતાની જોડે હશે ત્યારે દુનિયાની કોઈ તાકાત તેને હેરાન કરી શકશે નહિં, ખાસ વાત એ છે કે આપણે સંસ્કારી જ છીએ, આપમા માં બાપે આપણને જે સંસ્કાર આપ્યા છે તે કોઈ નવલખા હારથી કમ નથી. જ્યારે આપણા સદગુણ.. સારાપણું.. પારિવારિક ભાવના, દરેક મોટા સાથેનો સન્માન પૂર્વકનો વ્યવહાર, સાસરામાં દરેક જણ સાથેનો સૌજન્ય પૂર્ણ વ્યવહાર, વળી આપણી મધુર વાણી સાથે ઘરે આવતા મહેમાન કે કુટુંબી જનોનું સ્વાગત ક્યાંય ઊંચા અવાજે કોઈની પણ સાથે વાતચીત નહિં, આ બધું તમારી પાસે હોય તો દુનિયાની કોઈ તાકાત તમને નીચા દેખાડી નહિં શકે, આ બધા સદગુણ તમારામાં હોવા છતાં તમારે મેણાં ટોણાં કટુ વચનો, તિરસ્કાર... વારંવાર અપમાનિત થવું પડતું હોય, તમને વારંવાર નીચા દેખાડવાની મનોવૃત્તિ ફૂંફાડા મારતી હોય તો તમારે પોતે મનોમંથન કરવું રહ્યું !!.. કે આવું બધું ઘરમાં બની રહ્યું છે તેના માટે આપણે પોતે તો જવાબદાર નથીને ? ક્યાંક આપણું વધારે પડતું સારાપણું તો નડી રહ્યું નથી ને ? સજ્જડ આક્રમકતા પૂર્વકનો વિરોધ જ તમને આમાંથી બહાર કાઢી શકશે તે નક્કી, જો તમે આ નથી કરી શકતા તો જીવનભરની ગુલામીની જંજીરો તમારી રાહ જોઈ રહી છે. દરેક દિરકીઓ ઉચ્ચ કક્ષાનું ભણતર મેળવીને પોતે પોતાના પગ ઉપર ઊભી રહી શકે તેવી સક્ષમતા કેળવવી જોઈએ, આર્થિક ઉપાર્જનની સાથે પોતાના બાળકોની ઉન્નતિ માટે પણ પોતાનું ભણતર હોવું તે આજના સમયની તાતી જરૂરીયાત છે અને કડવી વાસ્તવિકિતા પણ.

મો. ૯૮૨૫૦૦૧૪૦૬૩



**રસિક પટેલ**
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.
અમદાવાદ

# "સાસુ વહુનો સંવાદ" (અપવાદ હોઈ શકે)

**વહુ :** મમ્મી હું થોડાક દિવસ પિયર જઈ આવું ?? મમ્મી પપ્પા અને મારા વ્હાલા નાના ભાઈની બહુ યાદ આવે છે.

**સાસુ :** કોઈ જવાબ નહિ

**વહુ :** મમ્મી હું થોડાક દિવસ પિયર જઈ આવું ? બધાની બહુ યાદ આવે છે.

**સાસુ :** વહુ બેટા હવે તમે સાસરામાં છો ધીરે ધીરે પિયરનો વળગાડ ઓછો કરો... પિયરનો આટલો બધો મોહ સારો નહિં.. લગ્ન પહેલા પિયરમાં રહ્યા જ છોને ?

**વહુ :** મમ્મી ખાલી બે દિવસ મને જવા દો ને !! મને મારા નાના ભાઈની બહુ યાદ આવે છે.

**સાસુ :** તું જાય એટલે અમારું જમવાનું શું કરવાનું ? મારે અહીં રસોઈને બીજું ઘણું બધું કામ હોય છે, સારું સારું હવે.. બહુ દયામણી અને બચારી બાપડી થવાના ઢોંગ ના કરીશ, સવારે નિકળજે.... બપોર થતા આવી જજે

**વહુ :** મમ્મી પિયર જતા મારે ક્લાક તો જતા આવતા થશે. બે ઘડી હળવાશથી હું બેસી પણ નહિં હોવું ત્યા તો બપોર થઈ જશે...

**સાસુ :** સારું બહુ લબ લબ ના કર.. સામું બોલશ પાછી.. તારા માં બાપે સંસ્કાર આપ્યા છે કે નહિં ? આટલો બધો પિયરનો મોહ હતો તો આજીવન રહેવું હતું ને પિયરમાં !!... શું કરવા મારા દિકરાની જિંદગી બગાડી ? મારો દિરકો કંઈ પરણાવ્યા વગરનો ના રહેત.. એક તો કશું પિયરમાંથી લાવી નથી અને પાછી સામુ બોલશ, જવું હોય તો જા... સાંજે આવતી રહેજે.. પાછો ફોન બોન હું નહિ કરું યાદ રાખજે.. કોઈ લેવાય નહિ આવે અને કોઈ મુકવાય નહિ આવે.. તારી જાતે જવાનું અને આવતા રહેવાનું.

**વહુ :** રડતા રડતા વહુ બોલી આ મમ્મી.. મારા પપ્પાને વચ્ચે ના લાવો એ બચાડા ગાય જેવા છે, મારા પપ્પા તો મને જોઈને જ રડી પડે છે... હું આવતી રહશી મારી મેળાય... હું જવું મમ્મી ?

**સાસુમા :** કોઈ જવાબ નહિ

**વહુ :** હું જઈ આવું મમ્મી ?

**સાસુમા :** હમમ...

**વહુ :** મમ્મી હું શાક રોટલી દાળ ભાત બનાવી દઉં ? શાક શાનું બનાવું ?

**સાસુમા :** કોઈ જવાબ નહિ

**વહુ :** મમ્મી શાક શાનું બનાવું ? બટાકાનું રસાવાળું બનાવું ?

**સાસુ :** બટાકાથી મને ગેસ થાય છે.

**વહુ :** તો મમ્મી શાનું શાક બનાવું ?

**સાસુમા :** કોઈ જવાબ નહિ.

**વહુ :** કોબીનું શાક સુધારવા બેઠી.

ત્યાં જ સાસુનો હુકમ થયો : અલી મેં કહ્યું તને કોબીનું શાક બનાવવાનું ?

**વહુ :** મમ્મી મેં તમને ત્રણ વખત પૂછ્યું તમે જવાબ જ નથી આપતા ?

**સાસુ :** પાછી સામુ બોલશ... મારી સામે લબ લબ નહિ કરવાનું.. હું તો મારી સાસુને પૂછ્યા વગર પાણી પણ નહોતી પીતી.. બનાય તારે જે બનાવવું હોય તે... મારું કહ્યું ના કરવું હોય તો મને પૂછવાનું નહિં... કહી દઉં છું તને !!

૨૩..૨૪ વર્ષની બાપની લાડકી ધુસ્કે ધુસ્કે રડવા માંડી.. જે દિકરી પપ્પાના ઘેર જાતે પાણી પણ નહોતી પીતી તે અચાનક જવાબદારીઓના બોજામાં દટાઈ ગઈ હતી, હજુ તો કોઈ પુષ્પની ઉગીને બહાર નીકળેલી કોમળ કુંપણ જેવી દિકરી સાસરામાં મુરઝાઈ રહી હતી, ચિમળાઈ રહી હતી, કોઈ ગભરુ હરણીની જેમ ફફડતી ફડફડાઈ રહી હતી, સાસરાના ગભરાટે તેના સમગ્ર વ્યક્તિત્વનો અજગરની જેમ ભરડો લીધો હતો, હજુ તો ગઈ કાલ સુધી પોતાના નાના ભાઈ સાથે પાંચીકા રમતી.. કુંડાળા દાવ રમતી.. હતી, અને અચાનક દિકરી મોટી બની ગઈ હતી, પપ્પાની સામે જોરદાર દલીલ કરી પોતાની વાતને સાચી ઠેરવતી દિકરી સાસરામાં મોઢું સીવી લેતી થઈ ગઈ હતી, દાડમનો વાડકો ભરીને પતંગિયાની જેમ ટેલતા ટેલતા ગીતો ગાતી દિકરી અચાનક છાશમાં પાણી નાખીને પીતી થઈ ગઈ હતી, સવારે ૧૦ વાગે ઉઠતી દિકરી સવારે ૬ વાગે ઉઠતી થઈ ગઈ, ઘરના બાથરૂમમાં શેમ્પૂ ના હોય તો બૂમાબૂમ કરી મૂકતી દિકરી સાસરામાં સાબુથી ચલાવી લેતી થઈ ગઈ..

### બીજા દિવસની સવાર :

**વહુ :** મમ્મી હું પિયર જાઉં છું... આવતી કાલે સવારે આવી જઈશ.

**સાસુ :** સાંજે મામા આવવાના છે તો સાંજે આવતી રહેજે. મામા નું જમવાનું બનાવાનું છે. મારે રસોઈ બનાવવાનો વેત નથી. મૂઈ શી ખબર રસોઈ બનાવવા જાઉં અને મારા હાથની નસો ચડી જાય છે.. ખાલી ખાવા બેસું એટલે નસો ખુલી જાય પાછી..

આ સંવાદ સાંભળી એવું લાગે છે કે જાણે સાસુમા કોઈ જેલર અને વહુ તેમનો કેદી હોય, સરેરાશ દરેક ઘરમાં વહેતો આ સંવાદ છે. (અપવાદ બધે હોઈ શકે)

ઢંગધડા વગરની... બોદી આજ્ઞાનું પાલન કરીને શું તમે તમારી જાતને સંસ્કારિતાની વ્યાખ્યામાં મૂકો છો? મૂકતા હોય તો તે તમારી ભૂલ છે, **આજ્ઞાકિંત બનવું અને બેબુનિયાદ આજ્ઞાનું પાલન કરવું તે બંન્નેમાં બહુ મોટો ફરક છે,** આવી આજ્ઞાઓનું પાલન કરીને આપણે ખુદ આપણી જાતનું અવમૂલ્યન કરી રહ્યા છીએ, આપણે જ આપણી જાતને ગુનેગારના કઠેડામાં મૂકી દઈએ છીએ, જાણે અજાણે આપણે આપણી જાતને ઓશિયાળા..

(અનુ. પેઈજ ૨૬ ઉપર)



BIS
HUID JEWELLERY
JC™
SONI
JEWELLERS
PVT.LTD
INDIA | USA
Soni Jayendrakumar Chunilal
(Paliyadwala)
Pride of The Bride
WEDDING COLLECTION
OPP. HARIDARSHAN SOCIETY, RAMJI MANDIR, RANIP, AHMEDABAD 382480
+91 97129 73101
412, HARDING PI ST 103, NASHVILLE, TN 37211
+1 615 802 8650
12197 LEBANON RD, SHARONVILLE, CINCINNATI, OH 45241
+1 224 415 4678

## સમાજ સૃષ્ટિ




**રમેશ પ્રભુરામ તન્ના**
સુપ્રસિધ્ધ લેખક, પત્રકાર અને વક્તા


# આજની પૉઝિટિવ સ્ટોરી

**ગુજરાતી પત્રકારત્વની સીમાચિહ્નરૂપ ઘટનાઃ** લેખક-ચિંતક **શ્રી કુમારપાળ દેસાઈએ** ભારતની સૌથી લાંબી (પ૬ વર્ષ) કૉલમનો રાષ્ટ્રીય વિક્રમ કર્યો. ડો. કુમારપાળ દેસાઈ જેવા ધુરંધર અને ગૌરવવંતા લેખક **"ઉમાસૃષ્ટિ"** સામયિકના પરામર્શક અને નિયમિત લેખક છે જેનું અમને ગૌરવ છે. આ સિદ્ધિ બદલ અમે તેમને હાર્દિક અભિનંદન આપીએ છીએ. આ ઘટનાને વાચકો સુધી પહોંચાડવા બદલ **સુપ્રસિધ્ધ લેખક રમેશ પ્રભુરામ તન્નાને પણ અભિનંદન.**

પાંચમી જૂન, ૨૦૨૫, ગુરુવારના રોજ 'ગુજરાત સમાચાર'ના તંત્રી પાના પર કુમારપાળ દેસાઈ લિખિત 'ઈંટ અને ઈમારત' કૉલમ પ્રકાશિત થઈ છે. આ સાથે આ કૉલમે લાગલગાટ, અવિરત, સળંગ ૭૧ વર્ષ પૂર્ણ કર્યાં છે, અને તે ૭૨મા વર્ષમાં પ્રવેશી છે.

**પાંચમી જૂન, ૧૯૫૪ના રોજ 'જયભિખ્ખુ' (બાલાભાઈ દેસાઈ)એ આ કૉલમનો પ્રારંભ કર્યો હતો.** ૧૯૬૯માં 'જયભિખ્ખુ'નું અવસાન થયા પછી, 'ગુજરાત સમાચાર'ના તત્કાલીન તંત્રી શાંતિલાલ શાહે આગ્રહપૂર્વક કુમારપાળ દેસાઈ પાસે આ કૉલમ ચાલુ રખાવી. પિતા 'જયભિખ્ખુ'એ ૧૯૫૪ થી ૧૯૬૯ આશરે ૧૫ વર્ષ અને પુત્ર કુમારપાળ દેસાઈએ ૧૯૬૯થી ૨૦૨૫ આશરે ૫૬ વર્ષ સુધી આ કૉલમ ચલાવી છે.

**કોઈ કૉલમ એક વખત શરૂ થયા પછી સતત ૭૨ વર્ષ ચાલુ રહી હોય તેવી ગુજરાતી પત્રકારત્વની આ પ્રથમ અને એકમાત્ર ઘટના છે.**

વ્યક્તિગત વાત કરીએ તો કુમારપાળ દેસાઈ સતત ૫૬ વર્ષથી 'ઈંટ અને ઈમારત' કૉલમ લખી રહ્યા છે. તેનો એક પણ હપ્તો પડ્યો નથી. 'ગુજરાત સમાચાર'માં જ (પહેલાં) પ્રકાશિત થતી બકુલ ત્રિપાઠીની 'સોમવારની સવારે' કૉલમનો ૫૩ વર્ષનો વિક્રમ હતો. (જુલાઈ, ૧૯૫૩થી જુલાઈ, ૨૦૦૬ સુધી) આ વિક્રમ 'લિમ્કા બુક'માં પણ નોંધાયો છે.

**સમગ્ર ભારતમાં સૌથી લાંબો સમય, સળંગ ચાલેલી કૉલમનો વિક્રમ અત્યારે હવે શ્રી ડૉ. કુમારપાળ દેસાઈના નામે છે.** પુત્રો પિતાનો સંપત્તિનો વારસો સંભાળતા હોય છે, પણ કોઈ પુત્રએ સત્ત્વશીલ કૉલમનો વારસો સંભાળીને તેને દીપાવ્યો હોય તેવી પણ આ પહેલી ઘટના છે. કવિ દલપતરામ-ન્હાનાલાલ અને મહાદેવભાઈ દેસાઈ- નારાયણ દેસાઈ જેવા સાહિત્યના ક્ષેત્રમાં પિતાપુત્ર જોવા મળે, વિજયગુપ્ત મૌર્ય-નગેન્દ્ર વિજય જેવા પિતા-પુત્ર પત્રકારત્વમાં જોવા મળે, પરંતુ કોઈ પિતા-પુત્રએ સાહિત્ય અને પત્રકારત્વ બન્ને ક્ષેત્રમાં એકસાથે નોંધપાત્ર પ્રદાન કર્યું હોય અને ૭૨ વર્ષ સત્વશીલ અને મૂલ્યનિષ્ઠ કૉલમ ચલાવી હોય તેવું તો 'જયભિખ્ખુ' અને કુમારપાળ દેસાઈના કિસ્સામાં જ બન્યું છે.

**'ઈંટ અને ઈમારત' કૉલમનો મિજાજ અને તેનું મહત્ત્વઃ** ગુજરાતી અખબારોમાં હજારો કૉલમો પ્રકાશિત થાય છે. ૨૦૪ વર્ષમાં ગુજરાતી દૈનિક વર્તમાનપત્રો કે સામયિકોની અનેક કૉલમો પ્રકાશિત થઈ છે. ઘણી કૉલમોએ ૨૫-૩૦-૩૫ વર્ષની મજલ કાપી હશે, પણ 'ઈંટ અને ઈમારત' કૉલમ તો અમૃત મહોત્સવ તરફ આગળ ધપી રહી છે. **આ કૉલમ 'રંજન'ની નહીં 'મંથન'ની કૉલમ છે.** રાજકારણની ઉથલપાથલ, હત્યા-બળાત્કારો કે હાડમારીની પ્રચુર ઘટનાઓ, મનોરંજનની લોભામણી અને ઉપરછલ્લી વાતો, સમાજના પોતને પાતળું કરે તેવા બનાવોની વચ્ચે કોઈ કૉલમ એકધાર્યું ૭૨ વર્ષ વાચકોને સાત્વિક વાંચન પૂરું પાડે અને સમાજઘડતરની ભૂમિકા સાતત્ય સાથે નિભાવે એ ઘટના પત્રકારત્વને જ નહીં માનવતાને પણ ગૌરવ અપાવે તેવી છે.

આ કૉલમની પાછળ છે એક ખાસ અને ઠોસ પ્રયોજન પ્રજાની સંસ્કારિતામાં વૃદ્ધિ કરવી, ભાષાની ગરિમા જાળવવી અને વધારવી, પ્રજાજીવનને ઉર્ધ્વગામી બનાવવું, પ્રજાના સંસ્કારીજીવનનું સંવર્ધન કરવું અને એ રીતે સ્વસ્થ સમાજના નિર્માણમાં પોતાના ભાગે આવતી ભૂમિકા અદા કરવી એ છે આ કૉલમની વિશેષતા.'ઈંટ અને ઈમારત' માત્ર કૉલમ નથી એ તો છે સમાજજીવનનાં મૂલ્યોનો મજબૂત પાયો તૈયાર કરી તેના પર એક પછી એક સંસ્કારની ઈંટ મૂકી અને સ્વસ્થ સમાજની ઈમારત તૈયાર કરતી શબ્દયાત્રા.

'ઈંટ અને ઈમારત' કૉલમ વાચકોમાં તરત લોકપ્રિય થઈ તેનાં અનેક કારણો હતાં. 'જયભિખ્ખુ' નીવડેલા લેખક હતા. અભ્યાસી હતા. ધર્મ ઉપરાંત ઈતિહાસમાં તેમને રૂચિ હતી. સાંપ્રત બનાવો સાથે સંપર્ક ઉપરાંત વાચકો સાથેની મજબૂત નિસબત તેમના શબ્દોમાં પ્રાણ પૂરતી. તેમણે આ કોલમ દ્વારા પ્રજાની વેદનાને વાચા આપી અને વાચકોની સંવેદનાનું સંવર્ધન પણ કર્યું. તેમણે માનવમૂલ્યોની હિફાજત કરી તો વ્યક્તિઘડતર પણ કર્યું.

**બાબા, તારે આ કૉલમ લખવાની છે હોં... :** ૨૪મી ડિસેમ્બર, ૧૯૬૯ના રોજ 'જયભિખ્ખુ'નું હૃદયરોગના હુમલાને કારણે અણધાર્યું નિધન થયું. ૨૭મી ડિસેમ્બર, ૧૯૬૯ના રોજ 'ઈંટ અને ઈમારત' કૉલમ તેમના મૃત્યુની અંજલિનોંધ સાથે પ્રકાશિત થઈ. ચારેક દિવસ પછી શાંતિલાલ શાહ 'જયભિખ્ખુ'ના ઘરે આવ્યા અને તેમણે યુવાન કુમારપાળને કહ્યું કે, બાબા તારે આ કૉલમ લખવાની છે. યુવાન કુમારપાળ દેસાઈ માટે આવી દરખાસ્ત કે આદેશ જેમ નવાં કે અણધાર્યાં હતાં તેમ પડકારરૂપ પણ હતાં. તેમણે કહ્યું કે મારાથી એ શક્ય નથી. જોકે શાંતિભાઈએ કહ્યું કે, નહીં, આ કૉલમ તારે જ લખવાની છે.

૨૭ વર્ષના યુવાન કુમારપાળ દેસાઈ માટે 'ઈંટ અને ઈમારત'નો વારસો સંભાળવાનું ખૂબ કપરું હતું. પિતાના પેંગડામાં પગ નાખવાનો હતો. વળી, એ વખતે પિતાજીનું અચાનક નિધન થતાં તેની મન પર ઘેરી અસર પડી હતી. હૃદયમાં ઊંડો ઘા લાગ્યો હતો. મેં એવી શરત સાથે આ કૉલમ લખવાનું સ્વીકાર્યું કે કૉલમનું નામ આવે પણ નીચે લેખકનું નામ ના મૂકવું. આની પાછળ મારો આશય એવો હતો કે કે કદાચ કૉલમ બંધ કરવી પડે તો પણ ઉભય પક્ષે કોઈ સંકોચ ના રહે.

કુમારપાળ દેસાઈ વહેલી સવારે ઊઠીને કૉલમ લખતા. લખતા હોય અને તત્ક્ષણ તેમને પિતા બાલુભાઈનું સ્મરણ થાય, મનમાં વિચારો અને ભાવો ઊભરાય, 'જયભિખ્ખુ'ની શૈલીનું મનમાં અવતરણ કરતા હોય અને આંખમાંથી આંસુની ધારા વહે. કુમારપાળ આંસુ લૂછતા જાય અને કૉલમ લખતા જાય. આ રીતે 'ગુજરાત સમાચાર'ના તંત્રી પાના પર દર ગુરુવારે 'ઈંટ અને ઈમારત' કૉલમ પ્રકાશિત થવા લાગી. આજે આ ગુરુવારે એને ૭૨મું વર્ષ બેઠું છે.

**કેવી રીતે દીપાવ્યો કુમારપાળ દેસાઈએ કૉલમ વારસો :** 'જયભિખ્ખુ' જુદા

મિજાજના લેખક હતા તો તેમના વાચકોનાં રસ-રુચિ જુદાં હતાં. કુમારપાળ દેસાઈએ 'ઈંટ અને ઈમારત'ના મૂલ્યનિષ્ઠ અને લોકઘડતરના પ્રયોજનને બરકરાર રાખીને તેમાં પોતાની રીતે ફેરફાર કર્યા. કુમારપાળ દેસાઈએ પરદેશના અનુભવો, આપબળે ઝઝૂમીને સિદ્ધિ મેળવનારી વ્યક્તિઓ, દિવ્યાંગોની સિદ્ધિઓ, જીવંત વ્યક્તિના પ્રેરક પ્રસંગો, સાફલ્ય ગાથાઓને સ્થાન આપ્યું. સમયને અનુરૂપ તેમણે નવા નવા વિષયો ખેડ્યા અને વિકસાવ્યા. તેને કારણે 'ઈંટ અને ઈમારત' કૉલમનો જૂનો વાચક વર્ગ તો સચવાયો જ, પણ તેમાં નવો વાચક વર્ગ ઉમેરાયો.

**'ઈંટ અને ઈમારત' કૉલમમાં ઘણા વિભાગો છે. :** તેનો એક વાચકપ્રિય વિભાગ છે 'પ્રસંગ કથા'. અકબર અને બિરબલનાં પાત્રો દ્વારા સાંપ્રત સ્થિતિની કથા તેમાં કહેવાય. એ જ રીતે 'આજની વાત' વિભાગમાં લેખક વર્તમાન વાતને રજૂ કરીને ધારદાર નિરીક્ષણ કે તારણ આપે. તેમાં વ્યંગ પણ હોય. કુમારપાળ દેસાઈ કહે છે, આ બધાના લેખન પાછળ પ્રયોજન એ કહે કે લોકોની વાત, તેમનો મનોભાવ અને આક્રોશ બહાર આવે. લોકો જાતને કૉલમ સાથે જોડીને સ્થિતિ બદલવાનો માર્ગ પણ કૉલમમાંથી શોધી લે.

બે પંક્તિની ઉર્દૂ શાયરી પણ 'ઈંટ અને ઈમારત' કૉલમની એક વધુ વિશેષતા છે. વાચકોને એ જાણીને નવાઈ લાગશે કે આ શાયરીના સર્જક પણ 'ઈંટ અને ઈમારત' કૉલમના લેખક કુમારપાળ દેસાઈ પોતે જ છે. ૫૨ વર્ષની ૫૨ કૉલમો લેખે તેમણે આશરે ૨૭૦૦ શાયરીઓ લખી હશે. જે વાચકો તેમની આ શાયરી વાંચતા હશે તેમને તેના સ્તરનો ખ્યાલ હશે. (આમેય કુમારપાળ દેસાઈ ગુણવત્તાના ભારે આગ્રહી લખવા ખાતર કશું લખે જ નહીં, એક-એક શબ્દ વિચારીને જ લખે.) એ રીતે જોઈએ તો કુમારપાળ દેસાઈને 'ઉર્દૂ શાયર' પણ ગણવા પડે.

**એક પણ હપ્તો પડ્યો નથી. :** ૫૬ વર્ષમાં 'ઈંટ અને ઈમારત'નો એક પણ હપ્તો પડ્યો નથી. તેઓ પરદેશ ગયા હોય તો આગોતરા લેખો આપીને જ જાય.

**'ગુજરાત સમાચાર'ના પીઢ અને અભ્યાસી સંપાદક મહેશ ઠાકરે એક વખત લખ્યું હતું** કે કુમારપાળ દેસાઈ વ્યવસાયે અધ્યાપક છે, પણ તેમણે ફ્રિ લાન્સ પત્રકાર તરીકે જે કૌશલ્ય પ્રાપ્ત કર્યું છે તે વ્યવસાયી પત્રકાર કરતાં પણ વિશેષ છે. તેમના લેખોનું સંપાદન કરવાની મને તક મળી છે. તેમના લેખોની વિશેષતામાં સ્પષ્ટ અને સુઘડ લખાણ, સરળ પણ સુયોગ્ય શબ્દોનો પ્રયોગ, પ્રાસંગિકતા, નાવીન્ય, ઉપદેશ નહીં પણ બોધ, ચોકસાઈ અને ચીવટ તથા નિયમિતતાનો સમાવેશ થાય છે. તેમણે સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે ક્યારેય પ્રયાસ કર્યો નથી. તેઓ પોતાના લખાણને ધારદાર બનાવવા જોશીલા, ઉગ્ર કે કટુ શબ્દોનો સહારો પણ ના લે. તેઓ સરસ્વતીના ઉપાસક હોવાથી પોતાની કૉલમમાં એક પણ અનુચિત શબ્દ જાણે-અજાણે લખાણમાં સરી ના જાય તેની કાળજી રાખે.

'ઈંટ અને ઈમારત' કૉલમની સફળતા અને સાતત્ય પાછળ કુમારપાળ દેસાઈનો પરિશ્રમ છે. કૉલમનું સ્તર ઊંચું રાખવા સાથે સાથે તેમણે પોતાની કૉલમને લોકભોગ્ય અને લોકપ્રિય બનાવી છે. આવું ઘણા ઓછા લેખકો કરી શકતા હોય છે. એકસાથે અનેક વિષયો પર લખવા માટે પરિશીલન અને પરિશ્રમ જરૂરી હોય છે, તેમાં તેઓ ક્યારેય ઊણા ઉતર્યા નથી. ગુજરાતી ભાષામાં તો ઠીક પણ રાષ્ટ્રભાષા હિન્દી કે અંગ્રેજી ભાષામાં પણ હજી સુધી આવા બહુમુખી પ્રતિભાસંપન્ન કટારલેખક જોયા-જાણ્યા નથી. અત્યારે 'ગુજરાત સમાચાર'માં કામ કરતા **હર્ષ મેસવાણિયાએ પણ કહ્યું કે અમે** 'ગુજરાત સમાચાર'ના કૉલમલેખકોની ભાષા-જોડણી વિશે વચ્ચે સંશોધન કર્યું હતું તો 'ઈંટ અને ઈમારત' એવી કૉલમ જોવા મળી જેમાં જોડણીની એક પણ ભૂલ નહોતી.

**૫૬ વર્ષના આશરે ૨૯૦૬ લેખોમાંથી પુસ્તકો કેટલાં થયાં ? શૂન્ય. વર્ષોથી કૉલમના લેખોમાંથી જ પુસ્તકો પ્રકાશિત કરવાની ચાલ છે.**

મોટાભાગના લેખકો પોતાની કૉલમના લખાણની એક પ્રત અખબારમાં મોકલે તો બીજી કોપી પ્રકાશકને ત્યાં પહોંચાડી દે. આવા માહોલમાં 'ઈંટ અને ઈમારત' કૉલમના ૨૯૦૬ જેટલા હપ્તામાંથી લેખક કુમારપાળ દેસાઈએ એક પણ પુસ્તક પ્રકાશિત કર્યું નથી. જે લેખક પોતાની કૉલમમાં એક પણ શબ્દ વગર વિચારે ના લખતો હોય તે લેખક પણ પુસ્તક પ્રકાશનમાં આટલી કાળજી રાખે તે વાત પૂરવાર કરે કે લેખક કે સર્જક તરીકે કુમારપાળ દેસાઈ કેટલા (અથવા વધારે પડતા) ગંભીર છે. બીજો કોઈ લેખક હોત તો દૈનિક અખબારમાં પ્રકાશિત થતી પોતાની **કૉલમમાંથી ૯૦-૧૦૦ પુસ્તકો તો સહજ રીતે પ્રકાશિત કર્યાં હોત !**

કુમારપાળ દેસાઈ અત્યંત ચીવટવાળા અને ગુણવત્તાના જબરજસ્ત આગ્રહી છે. પોતાના એક-એક પુસ્તક પાછળ તેઓ વર્ષો સુધી સાધના કરે. જેમ કે 'અનાહતા' નામની નવલકથા માટે તેમણે પાંચ વર્ષ પરિશ્રમ-સ્વાધ્યાય કર્યો હતો.

**'ઈંટ અને ઈમારત' ઉપરાંત તેમણે 'જયભિખ્ખુ'ની અન્ય એક કૉલમ 'જાણ્યું છતાં અજાણ્યું'** ('મુનિન્દ્ર' લેખકના નામે)નો વારસો પણ સંભાળ્યો છે. તેને પણ લગભગ ૭૧ વર્ષ થયાં છે. એ જાણીને નવાઈ લાગશે કે એ કૉલમનો પણ આજ સુધી એક પણ હપ્તો પડ્યો નથી. 'ગુજરાત સમાચાર'માં એ કૉલમ પણ છેલ્લાં ૭૧ વર્ષથી નિયમિત ચાલી રહી છે. તેઓ 'ગુજરાત સમાચાર'ની રવિવારની પૂર્તિમાં પારિજાતનો પરિસંવાદ નામની કૉલમ પણ વર્ષોથી (આશરે ૩૧ વર્ષથી) નિયમિતપણે લખે છે. જેમાં 'ક્ષણનો સાક્ષાત્કાર' અને 'મનઝરુખો' જેવા (પેટા) વિભાગો હોય છે. દર ગુરુવારે તેઓ 'આકાશની ઓળખ' કૉલમ પણ લખે છે. એક અઠવાડિયામાં પાંચ-પાંચ કૉલમ !

લેખક અઠવાડિયે એક કૉલમ લખીને નીચોવાઈ જતો હોય છે. થોડા સમયમાં જ તેના લેખનનું પોત પાતળું થઈ જતું હોય છે, સ્તર કથળતો હોય છે પણ આ એક એવા લેખક છે કે ગુણવત્તામાં સહેજ પણ બાંધછોડ ચલાવી લેતા નથી. તેઓ અપાર વિષય વૈવિધ્ય ધરાવે છે. રમતગમત પર તો તેમની મહારથ છે. તેઓ કોઈ પણ વિષયને સ્પર્શે કે છેડે, તળિયે પહોંચે અને મોતી લઈને જ આવે. શબ્દનિષ્ઠા, વિચારનિષ્ઠા, વ્યવસાય માટેની પૂર્ણ સજ્જતા, પાકું ઘરકામ... તેમના કૉલમલેખનને સ્તરીય અને લોકભોગ્ય બનાવે છે. **૫૬ વર્ષની કૉલમલેખન યાત્રામાં તેમને સેંકડો વાચકોનો પ્રેમ અને પ્રતિસાદ મળ્યો.** તેમના પર આવતા વાચકોના પત્રોને પણ તેમણે કાયમ ગંભીરતાથી લીધા છે.

'ઈંટ અને ઈમારત' કૉલમ ગુજરાતી પત્રકારત્વનું સીમાચિહ્ન છે તો તેના લેખક કુમારપાળ દેસાઈ યુવા કોલમ લેખકો માટે આદર્શ ! **આવી કોલમ આપવા માટે ગુજરાતી પત્રકારત્વ અને ગુજરાત 'જયભિખ્ખુ' તથા કુમારપાળ દેસાઈનું સદાય ઋણી રહેશે.** ■

## સમાજ સૃષ્ટિ



**કૌશિક મહેતા**
સુપ્રસિદ્ધ લેખક, પત્રકાર, કોલમિસ્ટ અને ફૂલછાબ દૈનિકપત્રના પૂર્વ તંત્રી.
૩૦ જેટલા પુસ્તકો પ્રકાશિત, હરીન્દ્ર દવે એવોર્ડ,
નારદ એવોર્ડ તથા નચિકેત એવોર્ડથી સન્માનિત.

# ધાર્મિક સ્થળોએ અને યાત્રામાં આ કચરો તો ન કરો

હિમાલયથી પણ જે જૂનો છે એ ગઢ ગિરનારને ફરતે પરિક્રમાનું ધાર્મિક મહત્વ છે. ચોમાસું પરુ થતાં જ આ પરિક્રમા શરૂ થાય છે પણ હવે તો નિશ્ચિત દિવસ પહેલાં આ યાત્રા શરૂ થઈ જાય છે અને આગલી રાતે લોકો આવી જાય છે અને આગલી રાત્રે જ કેટલીક સામાજિક સંસ્થાઓનાં કાર્યકરો પણ આવીજાય છે. આ કાર્યકરો પરિક્રમા શરૂ થાય ત્યાં જ ઊભા રહે છે અને આવનારા યાત્રિકોને વિનંતી કરે છે કે, તમારી પાસે કોઈ પ્લાસ્ટિકની વસ્તુઓ, કોથળી કે બોટલ હોય એ અમને આપી દો. અમે તમને કાપડની થેલી આપીશું... કેટલાક યાત્રિકો એમની પાસે રહેલી પ્લાસ્ટિકની વસ્તુઓ આપી દે છે, કેટલાક નથી આપતા, કેટલાક આ કાર્યકરો સામે નાકનું ટીચકું ચઢાવે છે... કેટલાક....

પણ તોય આ કાર્યકરો થાકતા નથી, કોઈનું ખોટું લગાડતા નથી અને ગિરનારમાં કોઈ ગંદકી ના થાય એ માટે કામ કરતા રહે છે. અને પરિક્રમા પૂરી થાય ત્યાં સુધીમાં ટનબંધ આવો કચરો ભેગો થાય છે. અને યાત્રિકો યાત્રામાં લઈ ગયા હોય અને રસ્તામાં એ નાખી દે એ કચરો તો જુદો. અને બધાનો સરવાળો કરીએ તો ૧૫૦ ટન સુધી વાત પહોંચી જાય છે અને પરિક્રમા બાદ ૩૬ કિલોમીટરનાં યાત્રાના રૂટમાં સફાઈ અભિયાન અઠવાડિયું ચાલે છે. સરકારી તંત્ર અને ડઝનેક સંસ્થાઓનાં કાર્યકરો આ કામમાં જોડાય છે.

સવાલ એ છે કે, ધાર્મિક સ્થળ હોય કે પછી ધર્મસ્થાન... ત્યાં ગંદકી કેમ થાય છે ? ગંદકી કોણ કરે છે ? જવાબદાર કોણ છે ? જે લોકો ધર્મમાં અતૂટ શ્રધ્ધા રાખે છે એમની જાણ ખાતર કે **દેશમાં અંદાજે ૭ લાખ ધર્મસ્થાનો છે અને ત્યાં ફૂલોનો અને પૂજાની સામગ્રીમાં વપરાતી ચીજોનો કચરો વર્ષે ૮૦૦ મિલિયન ટન થાય છે. અને આ કચરો પાછો નદીમાં પધરાવાય છે કે ફેંકવામાં આવે છે અને ફરી જણાવીએ કે દેશની ૪૦૦ નદી છે એમાં બીજા બધા કચરા સાથે આ કચરો પણ પ્રદૂષણ ફેલાવે છે** અને એમાં આવા કચરાનો હિસ્સો ૧૬ ટકા છે અને એ કારણે અડધી નદીઓના પાણી પીવાલાયક તો શું નાહવાલાયક પણ રહ્યાં નથી.

સમસ્યા માત્ર પ્લાસ્ટિકની ચીજો ફેંકવાની જ નથી પણ એમાં જે ચીજો હોય છે એમાં ફૂલ ને બીજી સામગ્રી હોય છે કે બીજી ચીજો હોય એ પ્રદૂષણ માટે જવાબદાર છે કારણ કે, ફૂલો અને ખાદ્ય ચીજો સાથે એમાં રહેલા પેસ્ટિસાઈડ પણ પાણીમાં ભળે છે. પશુઓ આ ખાય છે અને એને એની અસર થાય છે. એમાં લેડ, કેડમિયમ પણ હોય છે અને એ કારણે નદીમાં ઑક્સિજનનું પ્રમાણ ઘટે છે. એટલે જળચરો માટે ય સમસ્યા થાય છે.

ભારત ઉત્સવોનો દેશ છે. આ દેશમાં એક પણ મહિનો એવો નથી હોતો જેમાં કોઈ ને કોઈ ઉત્સવ ના હોય. ધાર્મિક ઉત્સવ હોય કે બીજો કોઈ.. એમાં કચરો બહુ થાય છે. ગાંધીથી લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છતા અભિયાન શરૂ કર્યુ પણ એ પછી ય આપણે કચરો કરવાનું ભૂલ્યા નથી. એ ટેવ ગઈ નથી. ધાર્મિક વિધિઓ પણ પ્રદુષણનું કારણ બને છે.

દેશમાં હિંદુ કે પછી કોઈ પણ ધર્મનું સ્થળ હોય એ ચોખ્ખું ચણાક જોવા મળે એવાં સ્થળ કેટલાં ? એની ગણતરી થાય તો આંગળીના વેઢા ય વધી પડે. ને કચરો હવે ક્યાં નથી જોવા મળતો. અમિત માર્સની એક કવિતા છે.

**है कचरा, ओ कचरा तू कचरा, मैं कचरा ।**

**तू कचरा, मैं कचरा ये कचरा**

**जिस्म में, रूह में रगो में, साँसो में हवा में,**

**है जल में है कचरा, ओ कचरा तू कचरा,**

**में कचरा सब कचरा, है कचरा ये कचरा, ये कचरा**

આ કવિતાને ખોટી પાડવી હોય તો કૈક નહીં ઘણું બધું કરવું પડશે. ગિરનાર પરિક્રમા દરમિયાન સામાજિક સંસ્થાઓ કામ કરે છે. એના કાર્યકરો કહે છે, ''અમે દર વર્ષે લાખો થેલીનું વિતરણ કરીએ છીએ અને પ્લાસ્ટિકનો કચરો એકત્ર કરીએ છીએ પણ નવું વર્ષ આવે અને પરિક્રમા ચાલુ થાય અને એનો અંત આવે તો કચરો ઘટતો નથી. દર વર્ષે હાલત તો એ જ થાય છે.''

તો શું આ સમસ્યાનો કોઈ ઉપાય નથી ? શું આમ જ ચાલતું રહેશે ? આપણે કચરો કરતા રહીશું અને કાર્યકરો કચરો એકત્ર કર્યા કરશે ? ઉપાયો તો છે. સૌ પહેલા આપણે સમજવું પડશે કે, ધાર્મિક સ્થાનો જ નહી પણ ક્યાંય કચરો ના કરીએ. આટલું તો આપણે કરવું જ રહ્યું. બીજા કેટલાક ઉપાયો પણ થઈ રહ્યા છે. એનો વ્યાપ વધવો જરૂરી છે.

યુપીમાં આર્ટ ઑફ લિવિંગ દ્વારા બહુ મજાનું કામ થઈ રહ્યું છે. એમણે વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ બનાવ્યા છે. મંદિરોમાંથી કચરો એકત્ર કરી અહીં લાવવામાં આવે છે અને એમાંથી ઑર્ગેનિક ખાતર બનાવાય છે. લગભગ રોજ એક ટન કચરો આ રીતે રિપ્રોસેસ થાય છે. આવા ૧૩ પ્લાન્ટ છે પણ હવે આર્ટ ઑફ લિવિંગ દ્વારા ધાર્મિક સંસ્થાઓ પોતાને જ ત્યાં આવા યુનિટ શરૂ કરે એ માટે પ્રયત્નમાન છે અને એમાં ધીમી સફળતા મળી રહી છે.

આવી જ એક બીજી સંસ્થા છે હેલ્પ અસ ગ્રીન. જે ફૂલોને રિસાયકલ

# સમાજ સૃષ્ટિ

કરે છે અને એમાંથી એરોમેટિક સ્ટિક (અગરબત્તી), સાબુ અને ખાતર બનાવે છે. એમણે ગંગા નદીમાં થતા કચરા પર ફોક્સ કર્યું છે. નોઈડા હોર્ટિકલ્ચર ડિવિઝન છે એ પણ આ કામ કરે છે. એમણે ગ્રીન વેસ્ટ રિપ્રેસર શરુ કર્યા છે. ધાર્મિક સંસ્થાઓ પણ આ કામ કરી શકે છે. ઘણાં રાજ્યોમાં ધાર્મિક સ્થાનો દ્વારા આ રીતે કચરાને રિસાયકલ કરવામાં આવે છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ આવાં કેટલાંક ધાર્મિક સ્થાનો છે. પણ ધાર્મિક સ્થાનો છે એની સરખામણીએ આ સંખ્યા બહુ ઓછી છે. સરકાર કે સરકારી તંત્રે આ મુદ્દે કોઈ નીતિ ઘડવાની જરૂર છે. ધર્મસ્થાનો એમને ત્યાં થતા કચરાનું ફરજિયાત રિસાયક્લિંગ કરે એવો નિયમ કેમ ના થાય?

આ સમસ્યાનો એક મજાનો ઉપાય છે, પોટપુરી. એક દિવસમાં મંદિરમાં ફેંકી દેવાતાં ફૂલો અને બીજા પાંદડાઓને જરા સુકવી પછી એક ડિશમાં એને સજાવી રૂમમાં રાખી શકાય. એ કારણે આખો રૂમ મધમધતો રહે છે આખો દિવસ. આ પ્રયોગ કરવા જેવો છે.

પણ મહત્વનો મુદ્દો એ છે કે, આપણે કચરો ના કરીએ. પછી એ ધર્મસ્થાન હોય કે જાહેર સ્થળ. આપણે અનેકવાર જોયું છે કે, કોઈ જાહેર સભા હોય કે, જાહેર કાર્યક્રમ... એ પૂરો થયા પછી એ સ્થળે કેટલો કચરો થાય છે. ખાલી પાણીની બોટલ અને એવું બધું. ડિસ્પોઝેબલ ચીજો વાપરવાની મનાઈ છે પણ બધા સમારંભોમાં મોટાભાગે હજુય એ વપરાય છે. કાયદો લાગુ પડ્યા છતાં આવું થાય છે. ભ્રષ્ટાચાર સામે સરકારી એજન્સીઓ જે ઝડપે અત્યારે કામ કરી રહી છે એ જ રીતે આ ગંદકી દૂર કરવા માટે સરકારી તંત્ર કામ કરે તો ભારત સાચા અર્થમાં સ્વચ્છ બની જાય.

**આ પ્રકૃતિએ આપણને કેવી સરસ મજાની દુનિયા સર્જી આપી છે.** એને બગાડવાનો હક આપણને કોણે આપ્યો ? આપણે સમજીએ તો છીએ પણ આચરણમાં મૂકતા નથી. હાથમાં પ્લાસ્ટિકની થેલી કરતાં કાપડની થેલી વધુ શોભે છે એ આપણે ક્યારે સમજીશું? હાથમાંથી પાણીની ખાલી બોટલ રસ્તામાં કે કોઈ સ્થળ પર આપણો હાથ ના ફેંકે એવી સમજ પાકાપાયે આપણામાં ક્યારે બનશે ? ધાર્મિક સ્થળો અને ધાર્મિક યાત્રામાં કચરો ના કરીને પણ પુણ્ય કમાઈ શકાય છે. અમિત માર્સની કવિતાથી જ આ વાતને પૂરી કરીએ..

**उठना है अब सभी को, जीना सजा हो गया है ।**
**झाडु पकडकर चलना है अब सभी को कहता है ये मेरा दिल ॥**
**छोडूंगा ना कोई कोना ना कोई मंजिल ।**
**उठा के अब कचरे को मैं छोडूंगा डस्टबिन मे ॥**
**बचना है बीमारी से तो कुछ तो करना पडेगा ।**
**तो चलो हम चले तुम चलो तो चलो तो चले ॥**

## આયુર્વેદ કવિતા

**ચોમાસે અજમો, લસણ ભલા, પણ બારે માસ ત્રિફલા ભલા.**
**ખાય જે બાજરીના રોટલા અને મૂળાના પાન,**
**શાકાહારને લીધે ઘરડા પણ થાય જવાન.**
**રોટલા, કઠોળ અને ભાજી, તે ખાનારની તબિયત તાજી,**
**મૂળો, મોગરી, ગાજર ને બોર, જે ખાય રાતે તે રહે ન રાજી.**
**હિંગ, મરચું, આમલી, સોપારી અને તલ,**
**શોખ હોય તો પણ સ્વાસ્થ્ય માટે પાંચે વસ્તુ મેલ.**
**આદુરસ ને મધ મેળવો, ચાટે જો પરમચતુર,**
**શ્વાસ, શરદી અને વેદના, ભાગે તેનાં જરૂર.**
**ખાંડ, મીઠું અને સોડા, એ ત્રણ સફેદ ઝેર કહેવાય,**
**નિત ખાવા-પીવામાં એ વિવેકબુદ્ધિથી જ વપરાય.**
**ફણગાવેલા કઠોળ જે ખાય, તે લાંબો, પાતળો અને તગડો થાય,**
**દૂધ, સાકર અને એલચી, વરીયાળી અને દ્રાક્ષ એ ગાનારા સૌ ખાય.**

**લીંબુ કહે હું ગોળ-ગોળ, ભલે રસ છે મારો ખાટો,**
**સેવન કરો જો મારું તો પિત્તને મારું હું લાતો.**
**ચણો કહે : હું ખરબચડો, પીળો પીળો રંગ જણાય,**
**ચણાદાળ ને ગોળ જે ખાય, તે ઘોડા જેવો થાય.**
**મગ કહે : હું લીલો દાણો અને મારે માથે ચાંદુ,**
**જો બે ચાર મહિના ખાય તો માણસ ઉઠાડું માંદુ.**
**કારેલું કહે : કડવો-કડવો હું અને મારે માથે ચોટલી,**
**રસ જો પીએ મારો, ડાયાબીટીઝની બાંધુ ચોટલી.**
**આમલી કહે : મારામાં ગુણ એક જ, પણ અવગુણ છે પુરા ત્રીસ,**
**લીંબુ કહે : મારામાં અવગુણ એક નહીં પણ ગુણ છે પુરા વીસ.**
**ઉનઝાળો જોગીનો, શિયાળો ભોગીનોને ચોમાસું રોગીનું,**
**શાકાહારી જે જન રહે, દર્દ નામકદી ન લે તે જોગીનું.**



**મૌલિક સોની**
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
બેસ્ટ સેલિંગ લેખક અને મોટીવેશનલ સ્પીકર

# જીવનમાં ઉત્તમ માર્ગદર્શક - આદર્શ ગુરુ કેમ અને કોણ...?

જય ઉમિયા રીડર મિત્રો, દુનિયાની દરેક વ્યક્તિને જીવનમાં ક્યારેકને ક્યારેક તો યોગ્ય માર્ગદર્શન કે સાચી સલાહની જરૂર પડતી જ હોય છે, જેમ કે રણભૂમિમાં ઉભેલા શ્રેષ્ઠ ધનુર્વીર અર્જુન પણ જ્યારે પોતાના જ સંબંધીઓ સામે યુદ્ધ કરતાં વિષાદ અનુભવતા હતા ત્યારે તેમને પણ માર્ગદર્શનની જરૂર પડી હતી અને તેમને આ વિષાદમાંથી બહાર નીકળવા માટે શ્રીકૃષ્ણએ જ જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

જરા કલ્પના કરી જુઓ, કે તમે એક કાર ચલાવી રહ્યા છો અને તમે કોઈ અજાણી જગ્યાએ જઈ રહ્યા છો. તો વિચારો કે તમે શું કરશો? એ જ કે તમે કોઈને પૂછી - પૂછીને આગળ વધતા રહેશો અને છેવટે તમે તમારા નિશ્ચિત સ્થાન પર પહોંચી જશો. કે પછી જો તમારી પાસે સ્માર્ટ ફોન હશે તો તમે તેમાં મેપમાં જી.પી.એસ. દ્વારા માર્ગદર્શન મેળવીને તમારા નિશ્ચિત સ્થાન પર પહોંચી જશો. ખરૂ ને...! બસ આ જ પ્રમાણે **જીવનમાં કોઈપણ ધ્યેય પ્રાપ્ત કરવું હોય તો યોગ્ય માર્ગદર્શન ખૂબ જ જરૂરી છે.**

તમે જોયું કે અનુભવ્યુ જ હશે, કે યોગ્ય માર્ગદર્શન એ એક એવું પ્રેરણાત્મક પરિબળ છે જેના દ્વારા કોઈપણ વ્યક્તિ પોતાની ઉત્તમ કારકિર્દી બનાવી જ શકે છે. દુનિયાની દરેક સફળ વ્યક્તિએ યોગ્ય માર્ગદર્શન દ્વારા જ ઉત્તમ સફળતા મેળવી હોય છે, જેમ કે મહાન બેટ્સમેન એવા સચીન તેંડુલકરે પોતાના ગુરુ એવા રમાકાંત આચરેકર પાસેથી ક્રિકેટનું માર્ગદર્શન મેળવ્યું. સ્વામી વિવેકાનંદ પોતાના બાળપણમાં ખૂબ જ તેજસ્વી હતા છતાં પોતાના ભવિષ્યને લઈને તેઓ અનેક મુંઝવણોથી ઘેરાયેલા હતા ત્યારે શ્રી રામકૃષ્ણ પરમહંસ પાસેથી મેળવેલ આધ્યાત્મિક જ્ઞાનરૂપી માર્ગદર્શનથી જ તેમના જીવનમાં એક સકારાત્મક વળાંક આવ્યો. ભારતીય ક્રિકેટ ટીમના સૌથી સફળ કપ્તાન એવા મહેન્દ્રસિંહ ધોનીએ પોતાના ગુરૂ કેશવ રંજન બેનર્જી પાસેથી ક્રિકેટના પાઠ શીખ્યાં. છત્રપતિ શિવાજી મહારાજને તો તમે સૌ જાણો જ છો, તેઓએ પોતાના ગુરુ એવા સ્વામી સમર્થ રામદાસ પાસેથી જ એક ઉત્તમ યોદ્ધા બનવાનું માર્ગદર્શન અને તાલીમ મેળવી અને તે દ્વારા જ તેઓ મહાન યોદ્ધા અને ખૂબ જ લોકપ્રિય રાજા બન્યા.

**એક ઉત્તમ માર્ગદર્શક કે આદર્શ ગુરુ કોઈ પણ હોઈ શકે. તે તમારા માતા-પિતા, તમારા શિક્ષક, કોઈ પુસ્તક કે પછી તમારો કોઈ મિત્ર કે સંબંધી પણ હોઈ શકે.** તો હવે તમે પણ મનથી કોઈ એક માર્ગદર્શક - ગુરૂ



બનાવી લો અને તમને સતાવતી સમસ્યા વિશે તેમની સાથે ચર્ચા કરી જુઓ, જો જો તમને તમારી સમસ્યાનો ઉકેલ મોટે ભાગે મળી જ જશે કે પછી તમારી સમસ્યા હળવી તો ચોક્કસ થઈ જ જશે.

પણ પોતાના માટે ઉત્તમ માર્ગદર્શક કે આદર્શ ગુરૂ કોને બનાવવા? તો સાંભળો, **સાચા માર્ગદર્શક કે ગુરુ એ છે, કે જેના વિચાર, વાણી, વર્તન અને વ્યવહારમાં સાતત્ય હોય,** જે સતત તમારી સાથે તમારા મનમાં હોય, પ્રેમાળ હોય, કશું કહ્યા વગર પણ આપણી પરેશાની સમસ્યા જાણી લે, અદૃશ્ય સંકેતો દ્વારા પ્રેરણા આપે અને તેઓ જ કરે તે હંમેશા આપણા સારા માટે જ કરે.

અરે ઉભા રહો મિત્રો, આવા માર્ગદર્શક કે ગુરુને બહાર શું કરવા શોધવા જાઓ છો..? આ રહ્યા ને તમારા જીવનના સૌથી શક્તિશાળી, પ્રભાવશાળી, પ્રેમાળ અનેતમારા આંતરમનમાં જ વસેલા દુનિયાના શ્રેષ્ઠ એવા માર્ગદર્શક અને ગુરુ એવા મા ઉમિયા...

આ સંસ્થા કે જે વૈશ્વિક ફલક પર નામના મેળવી ચૂકી છે તેના પ્રમુખ એવા માનનીય શ્રી આર. પી. પટેલ સાહેબ સાથેના મારા અનેક વાર્તાલાપથી એક તારણ પર આવ્યો છું, કે **તમે જો પૂરા મનથી જગતજનની મા ઉમિયાને અસીમ શ્રદ્ધા સાથે માર્ગદર્શક અને ગુરુ બનાવી લો છો, પછી તો બસ... મારે આગળ કંઈ જ જણાવવાનું રહેતું નથી. ખરું ને...!**

જય મા ઉમિયા...

મો. ૯૮૨૫૬ ૧૩૪૦૪

SMART EXHAUST ZERO ELECTRICITY ECONOMICAL DURABLE





રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦

વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪

Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items

Shree BALAJI
FIBRE GLASS

2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.

Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564

Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com















**પ્રા. ડૉ. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક,
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# મહારાષ્ટ્રના મશહુર હીલ સ્ટેશનો તથા તીર્થસ્થાનો



શિવાજી મહારાજનાં શૌર્ય સંસ્મરણો ગજવતી સહ્યાદ્રીની ગિરિમાળાઓથી ઘેરાયેલ, ગિરિ-દૂર્ગોથી છવાયેલ, શૂરવીરો અને સંતોની ભૂમિ મહારાષ્ટ્ર પ્રેમ, ત્યાગ અને બલિદાનની ભૂમિ છે. મહારાષ્ટ્ર વિસ્તાર અને વસ્તીની દૃષ્ટિએ ભારતનું ત્રીજુ વિશાળ રાજ્ય છે. મહારાષ્ટ્રની પૂર્વે મધ્યપ્રદેશ, પશ્ચિમે અરબીસમુદ્ર, ઉત્તરમાં ગુજરાત અને દક્ષિણમાં આંધ્રપ્રદેશ, કર્ણાટક અને ગોવાથી ઘેરાયેલું છે. આ પ્રદેશમાં ગોદાવરી, ભીમા અને કૃષ્ણા નદીઓ વહે છે.

મહારાષ્ટ્રમાં સંત એકનાથ, સંત જ્ઞાનેશ્વર, સંત તુકારામ અને સ્વામી રામદાસ જેવા સમર્થ સંતોએ ભૂમિને પવિત્ર બનાવી. તો શિવાજી મહારાજ જેવા અનેક શૂરવીરોએ મહારાષ્ટ્રના ગિરિદૂર્ગો પર પોતાની શૌર્ય પતાકાઓ ફરકાવી. સ્વાતંત્ર્ય યુદ્ધમાં પણ લોકમાન્ય તિલક જેવા નરબંકાઓએ સ્વરાજયનો લલકાર ભારતભરમાં ગુંજતો કર્યો. મહારાષ્ટ્ર એના મહાનગર મુંબઈથી સમગ્ર વિશ્વમાં પ્રસિધ્ધિ પામ્યું છે.

મહારાષ્ટ્ર એના ગુફામંદિરો, તીર્થસ્થાનો અને હીલસ્ટેશનો માટે પણ વિશ્વભરમાં પ્રખ્યાત છે. મહારાષ્ટ્રમાં અજંતા, ઈલોરા, એલીફન્ટા, કેનેરી, કાર્લા, ભાજા આદિ ગુફાઓ શિલ્પ સમૃદ્ધિ માટે પ્રખ્યાત છે. અહીં નાશીક, ત્ર્યંબકેશ્વર, ભીમાશંકર, પંઢરપુર આદિ પ્રસિધ્ધ તીર્થક્ષેત્રો આવેલા છે. મહારાષ્ટ્ર તેના શીતળ અને સ્વાસ્થ્યપ્રદ હીલસ્ટેશનો પંચગીની, માથેરાન, મહાબળેશ્વર, લોનાવાલા, ખંડાલા માટે પણ પ્રખ્યાત છે. મહારાષ્ટ્રમાં નાશીક, પૂના, સતારા, કોલ્હાપુર, ધૂલીયા, જલગાંવ, સાંગલી, સોલાપુર વિ.જિલ્લા આવેલા છે.

**પંચગની ● માથેરાન ● મહાબળેશ્વર ● ખંડાલા**

**પંચગની :** મહાબળેશ્વરથી ૧૯ કીમી. દૂર આવેલ પાંચ પહાડીઓ વાળુ અતિસુંદર હીલ સ્ટેશન છે. પંચગની તેના ઘટાદાર વૃક્ષો, ઘુમાવદાર રસ્તાઓ, સ્વાસ્થ્યપ્રદ હવા, મનમોહક સૌંદર્ય માટે પ્રખ્યાત છે. અહીંના શાંત અને કુદરતી વાતાવરણમાં અનેક વિદ્યાધામો આવેલા છે. કૃષ્ણા નદીનું દૃશ્ય પર્યટકોને મંત્રમુગ્ધ કરી દે છે.

**માથેરાન :** મુંબઈથી ૧૦૪ કીમી. દૂર આવેલ માથેરાન નવપરિણીત દંપતીઓનું માનીતું ખૂબસૂરત હીલસ્ટેશન છે. માથેરાનની એક વિશેષતા એ છે કે અહીં પેટ્રોલ કે ડીઝલથી ચાલતા વાહનો માટે પ્રતિબંધ છે. માથેરાન જવા માટે મુંબઈ વી.ટી.રેલ્વેસ્ટેશન થી નેરલ પહોંચીને ત્યાંથી મીનીટ્રેન દ્વારા માથેરાન પહોંચી શકાય છે. અહીંની બજારમાં માત્ર ઘોડાગાડી જ ચાલે છે. સુંદર તળાવ, લીલીછમ વનરાજી, પ્રદુષણમુક્ત વાતાવરણ, ગાઢ જંગલ અને પર્વતીય સુંદરતા માટે માથેરાન પ્રખ્યાત છે. મે થી ઓક્ટોબરનો સમય ફરવા માટે અનુકૂળ છે. અહીં આવેલ હાર્ટ પોંઈટ પરથી રાત્રિમાં ઝળહળતી મુંબઈનું અનેરુ દૃશ્ય જોવા મળે છે. અહીં ચારલોટી ઝીલ, રામબાગ, પેમાસ્ટર પાર્ક, હનીમુન હીલ, પેથરગુફા તેમજ ઓલંપીયા મેદાન જોવાલાયક સ્થળો છે. માથેરાન નો અર્થ ‘માતાનું જંગલ’એવો થાય છે.

**મહાબળેશ્વર :** મુંબઈથી ૨૩૦ કીમી. અને પૂનાથી ૧૨૦ કીમી. દૂર આવેલ મહાબળેશ્વર તેના કલકલ કરતા ઝરણા, ખૂબસૂરત વાદીયો, પ્રાકૃતિક સરોવર અને વિવિધ પ્રકારના ફળો માટે પ્રખ્યાત છે. સહ્યાદ્રી પર્વતમાળામાં સમુદ્ર સપાટીથી ૧૩૭૩ મી.ની. ઊંચાઈએ આવેલ મહાબળેશ્વરની શોધ ૧૮૨૮માં સર જાન મેલ્કન દ્વારા કરાઈ હતી. અહીં બપોર બાદ દરરોજ વરસાદ પડવાને કારણે સમગ્ર પર્વતમાળા વૃક્ષકૂંજોથી સદા આચ્છાદીત રહે છે. મહાબળેશ્વર એ ભગવાન શિવનું એક નામ છે. જૂના મહબળેશ્વરમાં ભગવાન મહાબળેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવેલ છે. મંદિરની બાજુમાંજ ગોમુખ આવેલ છે જે ૪ નદીઓનું ઉદ્‌ગમ સ્થાન મનાય છે. મહાબળેશ્વરમાં ૩૦ જેટલા પોંઈટ આવેલા છે. અહીંના સુંદર પ્રાકૃતિક વાતાવરણમાં અનેક પિક્ચરના શુટીંગ થાય છે.

અહીં એલફીસ્ટન પોંઈટ, બેબીંગ્ટન પોંઈટ, હેડપોંઈટ, આર્થરસીટ, કનાર પોંઈટ વિગેરે મુખ્ય છે. મહાબળેશ્વર થી ૩ કીમી. દૂર ચીનમન ધોધ અને ૩.૫ કીમી. દુર ધોબીનો ધોધ તેમજ ૬ કીમી. દૂર લીંગમાલા ધોધ આવેલા છે. મહાબળેશ્વરથી ૬ કીમી. દૂર આવેલા વેષ્ણા સરોવરનું અલગ જ આકર્ષણ છે. તે મહાબળેશ્વરનું સૌથી મહત્વનું પીકનીક સ્થળ છે. અહીં સરોવરમાં નૌકાવિહાર પણ કરી શકાય છે. મહાબળેશ્વરથી ૨૪ કીમી. દૂર પ્રતાપગઢનો કિલ્લો આવેલ છે. અહીં છત્રપતિ શિવાજીનો કિલ્લો હતો જ્યાં શિવાજીએ ઔરંગઝએબના દૂત અફઝલખાનની વાઘનખ દ્વારા હત્યા કરી હતી. મહાબળેશ્વર સ્ટ્રોબેરી અને બ્લેકબેરી તેમજ વિવિધ પ્રકારના જામ તથા જેલી અને ફળફળાદી માટે પ્રખ્યાત છે.

# યાત્રા સૃષ્ટિ



**ખંડાલા - લોનાવલા :** મોર ઘાટ પર આવેલ ખંડાલા - લોનાવલા બે સુંદર હીલસ્ટેશન છે. બંને વચ્ચે માત્ર ૫ કીમી. નું અંતર છે. પૂના જતી વખતે ખંડાલા પ્રથમ આવે છે. પુનાથી મુંબઈ જતા લોનાવલા પ્રથમ આવે છે. મુંબઈ ૧૦ કીમી. અને પૂનાથી ૬૫ કીમી આવેલા આ બંને હીલ સ્ટેશનો અત્યંત સુંદર અને રમણીય છે. લોનાવલા કરતા ખંડાલા પ્રમાણમાં નાનુ છે. 'આતી ક્યા ખંડાલા...' ગીત દ્વારા વધુ જાણીતુ બનેલ ખંડાલા તેના નૈસર્ગિક સૌંદર્ય અને શાંત વાતાવરણ માટે પ્રખ્યાત છે. વર્ષાઋતુમાં પહાડો પરથી વહેતા ઝરણાં તેની સુંદરતામાં ચાર ચાંદ લગાવી દે છે. આ પર્વતીય પ્રદેશમાં ભ્રમણ કરવા માટે અનેક 'લવર્સ પોંઈટ' આવેલા છે. અહીં અનેક દર્શનીય સ્થળો આવેલા છે.

**લોનાવલા ઝીલ :** અહીંથી ૧૫ કીમી. દૂર આવેલ આ એક ખુબસૂરત પીકનીક સ્થળ છે. ઝીલ આસપાસ ચારેબાજુ ફેલાયેલ પ્રાકૃતિક સૌંદર્ય પર્યટકોને મંત્રમુગ્ધ કરી દે છે.

**કારલાની ગુફાઓ :** શહેરની ઉત્તરે ૧૨ કીમી. દૂર ઈસ.પૂર્વે ૧૫૦માં બનેલી આ ગુફાઓ તેની શિલ્પકલા માટે અને દીવાલ પરની ચિત્રકલા માટે આકર્ષક અને બેનમુન છે.

**ભાજા અને બેડસાની ગુફાઓ :** લોનાવલાથી ૩ કીમી. દૂર ભાજાની ગુફાઓ અને ૫ કીમી. દૂર બેડસાની ગુફાઓ આવેલી છે. ટેક્સી કે ઓટો રીક્ષા દ્વારા અહીં જઇ શકાય છે. ભાજામાં કુલ ૧૯ ગુફાઓ આવેલી છે. લોનાવલાની ચીકી ખૂબ જ પ્રખ્યાત છે.

## મહારાષ્ટ્રના પ્રસિધ્ધ તીર્થસ્થાનો

### નાસિક ● ત્ર્યંબક ● શીરડી ● ભીમાશંકર ● આળંદી

**નાસિક :** દક્ષિણ ગંગા ગોદાવરી તટે આવેલું નાશીક મુંબઈથી ૧૮૭ કીમી. સાપુતારા થી ૮૭ કીમી. દૂર આવેલ છે. નાશીકને દક્ષિણનું કાશી પણ કહે છે. દર બાર વર્ષે અહીં ભરાતા કુંભમેળામાં ગોદાવરી નદીમાં લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ સ્નાન કરે છે. ભગવાન રામ, લક્ષ્મણ અને સીતાજીના સંસ્મરણોથી ગુંજતા નાશીકમાં ગોદાવરી નદીનો રમણીય તટ આવેલ છે. ગોદાવરીના કિનારા પર જ પંચવટીનું સ્થળ આવેલ છે. જ્યાં લક્ષ્મણે શુર્પણખાના નાક-કાન કાપ્યા હતા. એની નજીકમાંજ સીતાની ગુફા અને સીતાજીના આરાધ્ય દેવ મહાદેવનું શિવલિંગ આવેલ છે. ગોદાવરી તટે આવેલ રામકુંડમાં ભગવાન રામ દરરોજ સ્નાન કરવા આવતા હતા. ગોદાવરીના ઉપરવાસમાં કપાલેશ્વર મહાદેવનું સૌથી પ્રાચીન મંદિર આવેલ છે. આ ઉપરાંત 'મુક્તિધામ' મંદિર પણ દર્શનીય છે. સમુદ્ર મંથન બાદ અમૃત કુંભ સંબંધી વિવાદ સમયે વિષ્ણુએ મોહિનીરૂપ ધારણ કરી અમૃતકુંભ છીનવી લીધો. આ નાસભાગમાં ચાર સ્થળે અમૃતકંભ છલકાતા ત્યાં અમૃતબિંદુ પડ્યા હતા. આ ચાર સ્થળો હરદ્વાર, ઉજ્જૅન, નાશીક અને અલ્હાબાદ હતા. કુંભમેળામાં ભાગ લેવા દેશવિદેશના અનેક ધર્મધુંરધરો આવે છે.

નાશીકથી ૮ કીમી. બૌદ્ધ ધર્મની ગુફાઓ આવેલી છે. આ ગુફાઓમાં ૩, ૧૦ અને ૧૮ નં. ની ગુફાઓ મહત્વની છે. ગુફાની દિવાલોમાં સુંદર શિલ્પકૃતિઓ કોતરવામાં આવેલ છે.

**ત્ર્યંબકેશ્વર :** નાસિકથી ૩૩ કીમી દુર ત્ર્યંબકેશ્વર જ્યોતિલિંગ આવેલ છે. ચારેબાજુ બ્રહ્મગિરિની પર્વતમાળાની વચ્ચે આવેલ આ જ્યોતિર્લિંગ ભવ્ય અને પ્રાચીન છે. શિવલિંગ ભૂગર્ભમાં છે. મંદિરની આજુબાજુ વિશાળ કોટ છે. જેને ચાર દરવાજા છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર પેશ્વા બાલાજી બાજી રાવે કરાવ્યો હતો. મંદિર પર સુવર્ણ કળશ છે. અહીં બ્રહ્મગિરિમાંથી ગોદાવરી ગંગાનો ઉદ્ભવ થાય છે.

**શીરડી :** નાસિકથી ૯૦ કીમી. અને મુંબઈથી ૩૦૦ કીમી. દૂર આવેલ શીરડીમાં સાંઈબાબાની સમાધી પર સુંદર દેવાલય બાંધવામાં આવ્યું છે. સાંઈબાબાએ પહેરેલા વસ્ત્રો, માળા, ચલમ, લાકડી વિગેરે અહીં સાચવવામાં આવ્યા છે. અહી દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે.

**ઘુષ્મેશ્વર** : ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગોમાંથી ત્રણ જ્યોતિર્લિંગ મહારાષ્ટ્રમાં જ આવેલા છે. ઘુષ્મેશ્વર શીરડીથી ૯૦ કિમી. ઈલોરાથી ૧ કિમી. અને ઔરંગાબાદથી ૨૫ કિમી. દૂર આવેલ છે. અહીં મંદિરના ગર્ભગૃહમાં છાતી ખુલ્લી રાખીને જ પ્રવેશવું પડે છે.

**ભીમાશંકર :** પૂનાથી ૧૨૦ કીમી. દૂર આવેલ આ જ્યોર્તિલિંગ પર પહોંચવાનો માર્ગ ગાઢ જંગલ અને સહ્યાદ્રીની ગિરિમાળામાંથી પસાર થાય છે. માર્ગ અત્યંત કઠિન છે. રસ્તામાં ચારે બાજુ ફેલાયેલુ સૌંદર્ય મનમોહક છે. પૂનાથી અહમદનગર, નારાયણગાંવ, મંચર થઈ ભીમાશંકર જઈ શકાય છે. ૧૨૦ કીમી. અંતર કાપતા ૪ થી ૫ ક્લાક થાય છે. ત્રિપુરાસુરના હનન બાદ ભગવાન શિવે અહીં વિશ્રામ લીધો હતો. ભીમક નરેશની તપશ્ચર્યાથી અહીં ભગવાન શિવ પ્રસન્ન થયા હતા. આ ઉપરાંત પૂનાથી ૨૦ કિમી. દૂર આળંદીમાં સંત જ્ઞાનેશ્વરની અને સાતારાથી દૂર પરલી ગામની પહાડી પર શિવાજીના ગુરુ સમર્થ રામદાસની સમાધી સજ્જનગઢમાં આવેલ છે.

મો. ૯૪૨૭૪ ૯૫૧૭૫



યુવાનોના પ્રેરણાસ્રોત
સ્વામી વિવેકાનંદ

## વર્તમાન પીડા

# પુનરુદ્ધારનું કાર્ય અને કાર્યકર્તા

ગતાંકથી ચાલુ...

### તમને કાંઈ ઉપાય જડ્યો છે ?

એ હમદર્દીના વિચારો તમારામાં સભર ભર્યા પડ્યા છે ? એમ હોય તો એ પહેલું જ સોપાન છે. તમને કાંઈ ઉપાય જડ્યો છે કે નહિ એ તમારે પછી વિચારવું પડશે. પુરાણા વિચારો બધા જ વહેમ થશે. પરંતુ વહેમોના એ ગંજની ભીંતરમાં જ સત્ય અને સોનાની લગડીઓ છુપાયેલી પડી છે. એ સોનું કચરામાં દટાઈ ન જાય એવો કાંઈ ઉપાય તમે શોધ્યો છે?

### તમારો હેતુ પવિત્ર છે ? ઈચ્છા અડગ છે ?

ઉપરછલી વાતોમાં તમારો સમય અને શક્તિ બરબાદ કરવાને બદલે તમે કોઈ રસ્તો કાઢ્યો છે? કાંઈ વ્યવહારુ ઉકેલ મેળવ્યો છે ? ઉતારી પાડવાને બદલે કાંઈ સહાય કરવાનું સૂઝ્યું છે ? એમના જીવંત મૃત્યુમાંથી એમનો ઉદ્ધાર કરવા, એમનાં દુઃખોમાં સાંત્વન આપવા કોઈ મીઠા બોલ આવડ્યા છે?

એટલું કરી શક્યા હો તો એ બીજું સોપાન છે. બીજી વાત પણ આવશ્યક છે. તમારો હેતું શો ? સુવર્ણનો લોભ તો નથી ને ? કીર્તિ લાલસા કે સત્તાલોલુપતાથી તો તમે પ્રેરાયા નથી ને ?

એટલું પણ બસ નથી. ગિરિશૃંગો જેવા પડછંદ અંતરાયો ઓળંગી જવાનો તમારો નિર્ધાર છે ? સમસ્ત જગત તમારી સામે ખુલ્લી તલવારે ઊભું રહી જાય તો પણ તમે સાચું ધારો એ કરવાનું તમારું જિગર છે ? તમારાં બૈરાં છોકરાં તમારો વિરોધ કરે, તારી ધનદોલત નાશ પામે, તમારી નામના પરવારી જાય, સંપત્તિ અદશ્ય થાય, છતાંય તમે તમારી વાતને વળગી રહેશો ? એ વાત પકડી રાખી તમારું ધ્યેય હાંસલ કરવા મક્કમતાથી આગેકૂચ કરશો ? મહારાજા ભર્તૃહરિ કહે છે તેમ

સંતોની ભલે નિંદા કરો યા સ્તુતિ કરો, લક્ષ્મી ભલે તેની ઈચ્છા મુજબ આવે ને જાય, મૃત્યુ આજે આવે કે સદીઓ પછી આવે, છતાં ધીરપુરુષો ન્યાયના પંથથી વિમુખ થતા નથી. તમારામાં એ આવડત છે?

આ ત્રણ ગુણો હશે તો તમારામાંનો પ્રત્યેક ચમત્કારો સરજી શકશે. તમારે ખાતામાં લખવાની જરૂર નહિ રહે, તમારે ચોમેર ફરી વ્યાખ્યાનો નહિ આપવાં પડે, તમારું મુખમંડળ જ તેજોમય બની રહેશે. તમે ગુફામાં રહેતા હશો તે તમારાં વિચાર આંદોલનો એ ખડકાળ દીવાલો ભેદી બહાર પડશે. વર્ષો સુધી એ વિશ્વભરમાં ગુંજ્યા કરશે, ને છેવટે તે કોઈ અન્ય મગજમાં સ્થાન પામશે ને ત્યાંથી પોતાના કાર્યનો પ્રારંભ કરશે. વિચાર, સહૃદયતા ને હેતુની પવિત્રતાની આવી શક્તિ છે.

### લક્ષ્ય માટે જીવન ન્યોછાવર કરવાની પ્રતિજ્ઞા લો

આ એક દિવસનું કામ નથી. માર્ગમાં જીવલેણ કંટકો પથરાયેલા એ આપણે જાણીએ છીએ એના નામે એનામાં અડગ શ્રદ્ધા રાખી ભારત પર યુગોથી ખડકાયેલા દુઃખના ગંજને દીવાસળી ચાંપો. એ જરૂર અગ્નિશરણ થશે.

પાર્થસારથિના મંદિરે જાઓ. ગરીબ ને હીણાયેલા ગોકુલના ગોપાલનો એ મિત્ર હતો. શુદ્ર ગુહકને આલિંગતાં એણે કદી નાનપ માની નહોતી. અમીરોનાં આમંત્રણ છોડી એણે એક ગણિકાનું આમંત્રણ સ્વીકાર્યું હતું અને બુદ્ધ અવતારમાં એનો ઉદ્ધાર કર્યો હતો. જાઓ, એને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરો. આત્મભોગ આપો. યુગે યુગે જેને માટે અવતાર ધારણ કરે છે, જેને સૌથી વધારે ચાહે છે, એવા ગરીબ હલકા અને દલિત જીવોને માટે સમગ્ર જીવન ન્યોછાવર કરો. દિનપ્રતિદિન ઊંડીને ઊંડી ગર્તામાં ઊતરતા જતા આ ત્રીસ કરોડ જીવોના ઉદ્ધાર માટે તમારું સમગ્ર જીવન સમર્પણ કરો.

**શ્રદ્ધા** : ત્યારે ચાલો, એને હાથ કરો. ભાઈઓ ! એ એક ભવ્ય કાર્ય છે ને આપણે ખૂબ જ નીચી કક્ષાએ છીએ. પરંતુ આપણે પ્રકાશના પુત્રો છીએ, ઈશ્વરનાં સંતાનો છીએ. પ્રભુને ધન્યવાદ ! વિજય આપણો જ છે. સેંકડો સંઘર્ષમાં ખપી જશે, છતાં સેંકડો એ કાર્ય ઉપાડવા આગળ આવશે. ભલે હું નિષ્ફળતાને વરી અવસાન પામું, પરંતુ અન્ય મારું અધૂરું કાર્ય અવશ્ય ઉપાડી લેશે. તમે દર્દ પારખો, તમને ઈલાજ જડી જશે. માત્ર શ્રધ્ધા રાખો. કહેવાતા મહાન અને શ્રીમંતોના મોં સામે જોઈ બેસી રહેશો નહિં. હૈયાવિહોણા બુદ્ધિશાળી લેખકોની પરવા કરશો નહિં, ઠંડા કલેજે લખાતા વર્તમાનપત્રોના લેખોને વજૂદ આપશો નહિં. શ્રદ્ધા ને હમદર્દી - અંગાર ઝરતી શ્રદ્ધા ને અંગાર ઝરતી હમદર્દી. શ્રદ્ધા, શ્રદ્ધા અને શ્રદ્ધા. આત્મવિશ્વાસ. ઈશ્વરમાં શ્રદ્ધા. આ જ મહાનતાનું રહસ્ય છે.

### નચિકેતાની શ્રદ્ધા તમારા દિલમાં વસો

જેને પોતાની જાતમાં શ્રદ્ધા નથી એ નાસ્તિક છે. તમારામાંથી જેણે પેલા સર્વાંગસુંદર કઠોપનિષદનો અભ્યાસ કર્યો હશે તેને પેલા ઋષિની વાત યાદ આવશે. એ ઋષિએ મહાયજ્ઞ માંડ્યો હતો. એ દાનમાં મૂલ્યવાન વસ્તુઓ આપવાને બદલે બિનઉપયોગી ગાયો ને ઘોડા આપતો હતો. એ પુસ્તક એમ કહે છે કે એ વેળા એના પુત્ર નચિકેતાના દિલમાં શ્રદ્ધા પ્રગટી. આ શ્રદ્ધા શબ્દનો અનુવાદ હું નહીં કરું. એમ કરવું એ ભૂલ ગણાશે. એના પર ઘણી વાતો અવલંબે છે. એ કેવું કામ કરે છે તે આપણે જોઈએ, નચિકેતાએ દિલમાં વિચાર કર્યો, હું ઘણા મનુષ્યોથી ઉચ્ચતર કક્ષાએ છું, ફક્ત થોડાકથી જ ઊતરતો છું, પરંતુ હું છેલ્લો તો નથી જ. એટલે હું અવશ્ય કાંઈક કરી શકીશ.

એની આ હિંમત વધતી જ ગઈ. એના મગજમાં મૃત્યુ એક કોયડારૂપ બની બેઠું હતું. એને એ કોયડો ઉકેલવો હતો. યમરાજને આંગણે ગયા સિવાય એ સમજાય તેવું નહોતું. ને એ ગયો ને યમના દ્વારે વીર નચિકેતા ત્રણ દિવસ વાટ જોઈ ઊભો. એની ઈચ્છા કેવી રીતે પાર પડી એ તો તમે જાણો છો જ.

# યુવા સૃષ્ટિ

આ શ્રદ્ધા મારે જોઈએ છે. અહીંના બધાને જ એ આત્મવિશ્વાસની જરૂર છે. એને પ્રાપ્ત કરવાનું મહાન કાર્ય તમારી સામે પડ્યું છે. દરેક વાતને મશ્કરીમાં ઉડાવી દેવી, ગંભીરતાથી બિલકુલ કેળવવી નહિ : આ વિચાર આપણા રાષ્ટ્રીય રક્તમાં પ્રસરતો ભયંકર રોગ છે. એનો ત્યાગ કરો. છોડી દો એ વિચારો. મજબુત મનના બનો. આ શ્રદ્ધા કેળવો. બીજું બધું જ આવી મળશે.

### વૈરાગ્ય પરમ આવશ્યક ગુણ

કાર્યમાં લાગી જાઓ. તમારાથી ઝીલી નહિ શકાય એવું અમોઘ જોમ તમારામાં વ્યાપી જશે. અન્ય માટે કરેલું નજીવું કાર્ય પણ આંતરશક્તિને જાગ્રત કરે છે. બીજાનું થોડું ઘણું પણ ભલું ઈચ્છશો તો ધીમે ધીમે તમારા હૈયામાં એક સિંહની શક્તિ ઊભરાશે. અગત્યની વસ્તુ ત્યાગ છે. ત્યાગ વિના અન્યનું કામ કરવા દિલ પ્રેરાય જ નહિં. એક ત્યાગી મનુષ્ય અન્ય સર્વને સમ્યક દૃષ્ટિથી નિહાળે છે ને સૌની સેવામાં લાગી જાય છે.

### સેવા દ્વારા મુક્તિ

વૈરાગ્ય અપનાવો. મહાન કાર્યો કરવા તમારા પૂર્વજોએ સંસારનો ત્યાગ કર્યો હતો. આજે પણ એવા લોકો છે. જે પોતાની મુક્તિ માટે સંસારત્યાગ કરે છે. બધું જ ત્યજી દો તમારી મુક્તિ પણ અને જાઓ, બીજાને સહાય કરો.

થોડાક સમય માટે આપણા દિલમાંથી નકામા દેવોને અદ્રશ્ય થવા દો. આજે માત્ર એક જ દેવને જાગ્રત થવા દો. એ દેવ છે આપણી જાતિ. એના હાથ, પગ, કાનને સર્વસ્વ સર્વત્ર પ્રસરી જાય એમ કરો; બધું એ જ આવરી લે છે. બીજા દેવો નિદ્રાવશ છે. આપણી ચોમેર જ દેવોનો વાસ છે એ વિરાટની પૂજા નહિ કરીએ તો ક્યા વૃથા દેવો પાછળ વલખાં મારીશું ? આ વિરાટનું આપણે પૂજન કરીશું એટલે અન્ય સર્વ દેવોની ભક્તિ થઈ જશે. અન્યને માટે સર્વસ્વ ન્યોછાવર કરે એ મુક્તિ પામી શકે. 'મારી મુક્તિ', 'મારી મુક્તિ' એવી મગજમારી જે અન્ય વ્યક્તિઓ રાત્રિ દિવસ કરી રહી છે તેઓનું સાચું કલ્યાણ નષ્ટ થાય છે વર્તમાન અને ભાવિ કલ્યાણ ગુમાવી તેઓ ફાંફાં માર્યા કરે છે.

જરૂર છે માત્ર ચિત્તશુધ્ધિની. એ કેવી રીતે આવે ? પ્રથમ તો પૂજા એટલે વિરાટની પૂજા. આપણી ચારે બાજુ જે વસી રહ્યા છે તેમની સેવા, એમની પૂજા કરો. આપણા દેવો એ છે માનવો અને પશુ પણ. આપણા દેશબંધુઓની જ આપણે સેવા કરવાની છે; આપણા પહેલા દેવો એ છે.

### ત્યાગીજનો અને સેવા : આપણી આવશ્યકતા

ભારતના રાષ્ટ્રીય આદર્શો ત્યાગ અને સેવા છે. એજ માર્ગે એને સંગઠિત કરો એટલે બાકીનું આપોઆપ સંભાળ પામશે. આ દેશમાં આધ્યાત્મિકતાના ધ્વજને વધારે પડતો ઊંચો ફરકાવવાની જરૂર નથી. માત્ર એમાં જ આપણી મુક્તિ છે. મારે તો જોઈએ છે લોખંડી સ્નાયુઓ અને પોલાદી રક્તશિરાઓ અને એમાં વસાવવું છે વજ્રમાંથી ઘડેલું માનસ. શક્તિ, મરદાનગી, ક્ષાત્રવીર્ય, બ્રહ્મતેજ આપણાં સુંદર આશાવંત કુમારો પાસે બધું જ છે, માત્ર તેમને લગ્ન નામની પશુતાની વેદી પર કરોડોની સંખ્યામાં વધેરો નહિ તો. પરમાત્મન ! મારું આ આક્રંદ અવશ્ય સાંભળો.

થોડાકને આગળ આવવા દો. તેઓ માત્ર પ્રભુમય જીવન જીવે અને વિશ્વ માટે ધર્મનો ઉદ્ધાર કરે. માત્ર ભ્રમણાના જનક હોવા છતાં 'જનક' રાજા હોવાનો ઢોંગ ન કરો. (જનક એક રાજા હતો જેણે પ્રજા માટે જ રાજ્યધુરા સાચવી હતી, છતાં માનસિક રીતે સર્વસ્વનો ત્યાગ કર્યો હતો) પ્રમાણિક બનો અને કહો, 'હું આદર્શની ઝાંખી કરી શકું છું. પરંતુ હજી એને આંબવા અસમર્થ છું.' પરંતુ એને આંબી ન શકો તોય એને છોડી દેવાનો ઢોંગ ન કરશો. હારો છતાં ડગો નહિં. સંગ્રામમાં સો-સો લોકો પડે તો પણ ધ્વજ પકડી રાખો અને આગે બઢો. પ્રભુ તમારી પડખે છે કોણ નિષ્ફળ જાય છે એની પરવા નથી; જે પડછાયાઓ પોતાનો ધ્વજ અન્યને આપી દે અને એ ધ્વજ સાહી આગળ વધે. ધ્વજ કદી પડે નહિં.

લાખો નરનારીઓ પવિત્રતાની ભાવનાનાં પ્રેરાયેલાં, ઈશ્વરમાં અખૂટ શ્રધ્ધાથી અભેધ બનેલાં ગરીબ, વિનિપાત અનુભવી રહેલા અને પદદલિત માટેની હમદર્દી વડે નસેનસમાં પ્રગટતી સિંહની શક્તિથી સજ્જ થયેલાં લાખો નરનારીઓ ભારતના સમગ્ર વિસ્તાર પર ફરી વળશે ; જ્યાં જાય ત્યાં સૌને મુક્તિનો, સહાયનો, સામાજીક પુનરુદ્ધારનો અને સમાનતાનો મંત્ર આપશે.

### ઈશ્વરના સેવક તરીકે પટાંગણમાં પ્રવેશો

આપણી માતૃભૂમિ જાણે અવારનવાર મૂર્છા પામી છે અને ભગવાને અવતારો ધારણ કરી એને ફરી ફરી નવચેતન અપ્યું છે. મૃત્યુ પામેલા કદી પાછા ફરતા નથી. વીતી ગયેલી વાત પાછી વળતી નથી. ઊછળેલો તરંગ એકવાર ઓસરી જાય પછી ફરી ઊછળતો નથી તેવી જ રીતે મનુષ્ય ફરી એકનું એક શરીર ધારણ કરતો નથી. માટે હે મનુષ્ય ! ભૂતકાળની પ્રજાથી વિમુખ થઈ અમે તને વર્તમાનની પૂજા કરવા આહ્વાન આપીએ છીએ. ભૂતકાળની હકીકતો પર વિલાપ કરવાને બદલે વર્તમાન પ્રવૃત્તિમાં લાગી જવા હાકલ કરીએ છીએ. ખોવાયેલા અને ભંગાર દશામાં અસ્તિત્વ ધરાવતા માર્ગોનો ત્યાગ કરી, એની પાછળ શક્તિનો દુર્વ્યય કરવાને બદલે અમે તમને નજીકમાં જ ખડા થયેલા નવા ને વિશાળ રાજમાર્ગો પર વાળવા મથીએ છીએ. શાણા હોય એ સમજી લે. જે શક્તિ પ્રથમ દર્શને જ પૃથ્વીની દસે દિશાઓમાં દૂર દૂર સર્વત્ર પડછંદા પાડી રહી છે એના સ્વરૂપનો તમારા દિલમાં સંપૂર્ણપણે ખ્યાલ કરો. ક્ષુલ્લક શંકાઓ, નિર્બળતા અને ગુલામ પ્રજાની સાહસિક ઈર્ષાઓનો ત્યાગ કરી બહાર પડો અને આ નવીન યુગનું શક્તિશાળી ચક્ર પ્રવૃત્તિશીલ બનાવવામાં તમારો ફાળો આપો.

તમારા હૈયામાં એક વાત નક્કી સ્થાપો કે ઈશ્વરના બંદા છો, એનાં જ સંતાનો છો, એનાં કાર્યો પાર પાડવામાં હાથારૂપ છો. કાર્યક્ષેત્રમાં એકદમ પ્રવેશ કરો. ■

# આરોગ્ય સૃષ્ટિ



**ડૉ. દર્શિની વિક્રમ શાહ**
લેખિકા ભારતના પ્રથમ પંક્તિના ઓરલ ઈમ્પ્લાન્ટોલોજિસ્ટ તથા શેલ્બી ડેન્ટલ કોસ્મેટિક્સ અને ઓરલ ઈમ્પ્લાન્ટોલોજી સેન્ટરના અધ્યક્ષા છે તથા દેશ-વિદેશના અનેક ગણમાન્ય પારિતોષિકોથી વિભૂષિત છે.

# શું તમે ઓગણીસમી સદીમાં તો જીવી નથી રહ્યાં ને?

હજી ગયા મહિનાની જ વાત છે. ચોવીસ વર્ષની અનાયાને લઈને તેની મમ્મી અને દાદી મળવા આવ્યા. સૌંદર્ય અને ચતુરાઈનો સમન્વય એટલે અનાયા. એકમાત્ર સંતાન હોવાને કારણે ઘરમાં અનાયા સૌની લાડકી. દાદા-દાદી, મમ્મી-પપ્પા અને પોતે, એમ પંચ પરમેશ્વર સમો અનાયાનો સુખી-સંપન્ન પરિવાર. પ્રથમ પ્રયત્ને જ તમામ પરીક્ષાઓ પાસ કરીને અનાયા જેવી સી.એ. બની કે તુર્ત જ દાદા-દાદીએ અનાયા માટે યોગ્ય જીવનસાથીની શોધ આરંભી. મારા મેટ્રિમોનિયલ સેવા પ્રકલ્પ Duke & Duchess માં પોતાનું રજીસ્ટ્રેશન કરાવવા માટે અનાયા જ્યારે તેની મમ્મી અને દાદી સાથે મને મળવા આવી ત્યારે મારી સામે જ તેણે દાદી-તિલોત્તમાબહેન સમક્ષ એક શરત મૂકી કે જો તિલોત્તમાબહેન પહેલાં તેમના દાંતની સારવાર કરાવશે તો જ તે છોકરાઓ જોવાનું શરૂ કરશે. અનાયા અને તિલોત્તમાબહેન વચ્ચે ચાલી રહેલ આ નોખા પ્રકારના સંવાદને હું હજી સમજવાની કોશિશ કરી રહી હતી કે ત્યાં જ અનાયાએ મને પેટછૂટી વાત કરી.

હકીકતે અનાયાના દાદી-તિલોત્તમાબહેન છેલ્લાં કેટલાય વર્ષોથી દાંતની અનેક સમસ્યાઓથી પીડાતા હતા. તિલોત્તમાહબહેન જેવું સ્મિત કરતાં કે તરત જ તેમની રાતા-પીળા, આછા-ઘાટા કાબરચીતરા ડાઘાવાળી દંતપંક્તિઓના દર્શન થતાં. જેને જોતાં જ સગા-વહાલાં-મિત્રો અને પરિચિતોને તિલોત્તમાબહેન સાથે વાત કરવામાં સૂગ અનુભવાતી અને લોકો તેમની સાથે વધુ વાતચીત કરવાનું ટાળતા. પરિવારજનોએ તિલોત્તમાબહેનને અનેક વખત દાંતના ડૉક્ટરને બતાવવા લઈ જવાની વાત કરી. તિલોત્તમાબહેનની બહેનપણીઓએ પણ તેમને સમયસર દાંતની સારવાર કરાવવાની સલાહ આપી પરંતુ, પોતાના મનમાં ઘર કરી ગયેલી રુઢિગત માન્યતાઓને કારણે તિલોત્તમાબહેન હંમેશા સારવારથી દૂર ભાગતા.

મિત્રો, આ કોઈ એક તિલોત્તમાબહેનની વાત નથી પરંતુ, આપણા સૌની વાત છે. એક ફેમિલી ડેન્ટલ સર્જન અને ઓરલ ઈમ્પ્લાન્ટોલોજિસ્ટ તરીકેના મારા ૩૪ વર્ષના સુદીર્ઘ કાર્યકાળ દરમ્યાન મારે આવા અનેક દર્દીઓના સંપર્કમાં આવવાનું બન્યું છે કે જેમણે પોતાની રૂઢિગત માન્યતાઓને વળગી રહીને પોતાના દાંત અને મોંના સ્વાસ્થ્યને પારાવર નુકસાન કર્યું છે ત્યારે, આ રૂઢિગત માન્યતાઓ અને સત્ય વચ્ચેની પાતળી ભેદરેખા પારખવી અત્યંત અનિવાર્ય બને છે. તો ચાલો, આપણે રૂઢિગત માન્યતાઓ અને સત્ય વિશે સમજણ મેળવીએ.

**૧. માન્યતા :** નિયમિતપણે દાંતની સફાઈ કરાવવાથી દાંત નબળા પડે છે, હલી જાય છે. ઘસાઈ જાય છે અને દાંત વચ્ચે જગ્યા થઈ જાય છે.




**સત્ય :** વર્ષમાં એક કે બે વખત નિયમિતપણે દાંત સાફ કરાવવા જોઈએ. તે દાંત અને પેઢાના રોગોથી બચવાનો સચોટ ઉપાય છે. દાંત સાફ કરાવવાથી પેઢા મજબૂત રહે છે. વળી, દાંત સાફ કરાવવાની કોઈ જ sied-effects હોતી નથી.

**૨. માન્યતા :** હાર્ડબ્રશ વાપરવાથી તથા બ્રશ વડે દાંતને વધુ સમય સુધી ઘસ્યા કરવાથી દાંત સફેદ અને તંદુરસ્ત રહે છે.

**સત્ય :** બ્રશ હંમેશા પોચું (soft) હોવું જોઈએ. સાચી પદ્ધતિ દ્વારા ૨-૩ મિનિટ સુધી બ્રશ કરીને દાંતને ચોખ્ખા રાખી શકાય છે. હાર્ડબ્રશ દ્વારા ભારપૂર્વક બ્રશ કરવાથી દાંતનું ઉપરનું પડ (ઈનેમલ) ઘસાઈ જાય છે, જે દાંતના કળતરનું કારણ બને છે.

**૩. માન્યતા :** બાળકોના દૂધના દાંત ભવિષ્યમાં પડી જવાના છે, આથી જો તેમાં કોઈ સડો ઉત્પન્ન થાય તો તેમાં સારવારની જરૂર હોતી નથી કારણ કે તે કાયમી દાંત નથી.

**સત્ય :** દૂધના દાંતની સંભાળ અત્યંત જરૂરી છે કારણ કે જો આ દાંત સમયથી પહેલાં પડી જાય તો કાયમી દાંત પોતાના યથાસ્થાને આવી શકતા નથી. તેમજ, દૂધના દાંતમાં લાગેલો સડો કાયમી દાંતને પણ ખરાબ કરી શકે છે.

**૪. માન્યતા :** ઉપરના જડબાના દાંત કે ડહાપણની દાઢ કઢાવવાથી આંખને નુકસાન થાય છે કારણ કે દાંત અને આંખની નસ એક જ હોય છે.

**સત્ય :** ઉપરનો પ્રત્યેક દાંત અને ડહાપણની દાઢ ઉપરના જડબા સાથે જોડાયેલો એક સ્વતંત્ર ભાગ છે. તેની નસો, રક્તવાહિનીઓ બધું જ સ્વતંત્ર હોય છે. આથી, ઉપરના દાંત કે ડહાપણની દાઢ કઢાવવાથી આંખો કે ચહેરાને બિલકુલ નુકસાન થતું નથી.

**૫. માન્યતા :** જ્યારે દર્દીના બધા જ દાંત પડી જાય ત્યારે તેણે આજીવન કાઢવા-પહેરવાનું ચોકઠું જ સ્વીકારવું પડે છે. જો ચોકઠું ઉંચકાઈ જતું હોય કે ઢીલું પડી જતું હોય તો ચોકઠું કાઢી, પેઢા દ્વારા જ થોડું-ઘણું

# આરોગ્ય સૃષ્ટિ

ચાવીને જિંદગી ગુજારવી પડે છે.

**સત્ય :** ના. ડેન્ટલ ઈમ્પ્લાન્ટના યુગમાં હવે ઈમ્પ્લાન્ટ (દાંતના મૂળની કૃત્રિમ પ્રતિકૃતિ)મૂકી તેના સપોર્ટ વડે બિલકુલ ફીટીંગવાળું ચોકઠું બેસાડવામાં આવે છે કે જેને એક વખત ફીટ કર્યા બાદ ડૉક્ટરની મદદ વિના કઢાવી શકાતું નથી. જો ચોકઠું ન જોઈતું હોય તો ઈમ્પ્લાન્ટની મદદથી સાચા દાંત જેવા દાંત ફિક્સ કરી શકાય છે. શેલ્બી હોસ્પિટલ્સ ખાતે આ સારવાર ઈમ્પ્લાન્ટના નિષ્ણાત ડૉ. દર્શિની વિક્રમ શાહ દ્વારા કરવામાં આવે છે.

**૬. માન્યતા :** જે દર્દીઓના દાંત વાંકા-ચૂકા, પીળા કે ડાઘાવાળા હોય છે તે દાંત દેખાઈ ન જાય તેના ડરથી ખૂલીને હસવામાં આજીવન શરમ અનુભવે છે. આ પ્રકારના ક્ષોભ-સંકોચનું કોઈ નિવારણ નથી.

**સત્ય :** પીળા / ડાઘાવાળા દાંત ધરાવતા દર્દીને સફેદ, સુંદર અને આકર્ષક સ્મિત આપી શકાય છે. તેના માટે Whitening, Composite Filling, Veneers, Laminates, Zircon Crowns જેવી અનેક પદ્ધતિઓ હવે ઉપલબ્ધ છે. શેલ્બી હોસ્પિટલ્સમાં Zoom Whitening Procedure દ્વારા ફક્ત ૩૦ મિનિટમાં જ દાંતના શેડમાં ૫-૭ શેડનો ફેરફાર થાય છે અને સુંદર પરિણામ મેળવી શકાય છે. વાંકાચૂકા દાંતને પણ Veneers ની મદદથી એટલી હદે correct કરી શકાય છે કે વ્યક્તિનો total outlook બદલાઈ જાય છે અને તેને આકર્ષક સ્મિત મળી શકે છે.

**૭. માન્યતા :** Root Canal Treatment (RCT) એક અત્યંત પીડાદાયક પદ્ધતિ છે. RCT ની સમગ્ર પ્રક્રિયા ખૂબ સમય માંગી લે છે અને, તે કરાવ્યા બાદ પણ તેમાં દુઃખાવો અને ઈન્ફેક્શન પણ થઈ શકે છે. આથી, RCT કરાવવા કરતાં દાંત કઢાવવો સારો.

સત્ય : RCTમાં દાંતના મૂળને અંત (end) સુધી સાફ કરવામાં આવે છે અને ઈન્ફેક્શન દૂર કર્યા બાદ તેમાં filling ભરવામાં આવે છે. અદ્યતન સાધનો અને Digital Radiovisiography ની મદદથી




Shalby Hospitals માં RCT Single Sitting માં અને અને તદ્દન દુઃખાવા રહિત પદ્ધતિ (painless) દ્વારા કરવામાં આવે છે. જો RCT બરાબર રીતે કરવામાં આવે તો કાયમ માટે વ્યક્તિનો દાંત બચાવી શકાય છે અને તેના દ્વારા નોર્મલ ફંક્શન પૂર્વવત કરી શકાય છે.

વ્હાલા વાચક મિત્રો, એકવીસમી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે, સચોટ અને દર્દ-રહિત ઉપચારની સદી છે. સદીઓ જૂની માન્યતાઓ પર આંધળો વિશ્વાસ કરતાં પહેલાં, આવો આપણે વર્તમાનને જાણીએ અને સત્યને સ્વીકારીએ. આજે ફક્ત આંગળીના ટેરવે અધધધ માહિતીનો ધોધ ઠલવાય છે જે એક આશીર્વાદરૂપ વાત છે. પરંતુ, જો આ માહિતીને સત્યની એરણે ચકાસવામાં આવે નહીં તો તેને આશીર્વાદમાંથી અભિશાપ બનતા વાર લાગતી નથી. જો અનાયાએ પ્રયત્નો આદર્યા ન હોત તો તિલોત્તમાબહેન ક્યારેય સત્યને સમજી શક્યા ન હોત અને ભ્રામક માન્યતાઓની ભમરીમાં ફસાઈને પોતાના આરોગ્યને અનેકગણું નુકસાન પહોંચાડી દીધું હોત. આથી, આવો આપણે સૌ સત્યને સમજીએ, વિજ્ઞાન પર વિશ્વાસ કરીએ અને આત્મવિશ્વાસથી ભરપૂર સ્મિત આપીએ.

(અનુસંધાન પેઈજ ૪૪નું શરૂ) **ખેત ઉત્પાદનમાં કરાતી "ભેળસેળ"**

ગૌરવભરી સ્થિતિનું અવમૂલ્યન થાય છે. સમાજના તમામ ધંધાઓમાં પોતાના ધંધાને સર્વાધિક આદરમાન અપાવવું તે આપણા ખેડૂતના હાથની વાત છે. ૨૧મી સદીના આરંભથી આખી દુનિયા એક જ બજાર ગ્લોબલાઇઝેશનના રૂપમાં ફેરવાઇ ગઈ છે. ઉત્તમ ગુણવત્તાવાળા પુષ્કળ કપાસના ઉત્પાદક તરીકે ચીન અને બીજા કપાસની આયાત કરતા દેશો "સૌરાષ્ટ્ર" નું નામ જાણવા લાગ્યા છે. અઢળક નાણું કમાવી આપનારી નિકાસ જાળવી રાખવી હોય તો એ લોકોને જોઇતો "સ્ટાન્ડર્ડમાલ" આપણે બનાવી આપવો પડે. માલની ગુણવત્તામાં કચાશ દેખાય તો ત્યાંના બંદરેથી સ્ટીમરો પાછી વળાય છે. ભેળસેળિયો માલ એકાદવાર કદાચ પૈસા અપાવી દે છે, પણ ઉત્પાદક પ્રત્યેનો વિશ્વાસ તોડી નાખે છે. અને એ વાત તો સાચી જ ને કે **વિશ્વાસ બંધાતા વરસો વીતે છે, જ્યારે તૂટી મિનિટોમાં જાય છે!**

એટલે જ કહું છુ કે આવા વણગા વિણ્યે 'દિ ના વળે ! 'દિ વાળવો તે દિનાનાથના હાથની વાત છે. કુદરતને દેવું હોય તો ધંધામાં બરકત આપે. કુદરત એટલે પ્રકૃતિ, અને પ્રકૃતિ એટલે આપણી ગાયો, ખેતીપાકો, છોડવાં, ઝાડવાં અને જીવડાં. એની સાથે વિજ્ઞાનને ભેરે રાખી વધુ સારી રીતે વર્તીએ એટલે જરૂર બદલો મળી રહે. પણ ખેડૂત થઇને પ્રમાણિકતાને કદિ હોડમાં ન મૂકીએ. ભૂલ્યા ત્યાંથી ફેર ગણીએ. સારાએ ખેડૂત જગતને મેણું લાગે એવો વ્યવહાર કરી સોનાની થાળીમાં લોઢાની મેખ લાગતી અટકાવી દઇએ.

-મો. ૯૩૨૭૫૭૨૨૯૭



ડો. જિતેન્દ્ર અઢિયા (M.D.)
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
ચેરમેનશ્રી - મોટીવેશનલ કમિટી - VUF

# રોગોનું સ્થળાંતર

મિત્રો,

જેવી રીતે માનવજાતિનો ઈતિહાસ છે તેમ રોગોના પણ ઈતિહાસ છે અને તે પણ ખુબ જ રસપ્રદ.

અમુક બીમારીઓનો ઉદભવ ક્યા દેશમાંથી થયો અને ધીમે ધીમે તે બીજા દેશમાં કેવી રીતે પ્રસર્યો તે જાણવામાં મજા પડે તેવું છે.

એક જમાનો એવો હતો કે માનવીના સ્થળાંતરને મર્યાદા હતી. અમુક લોકો જ અમુક અંતર સુધી મુસાફરી કરતા. અને મુસાફરીની ઝડપ પણ ખુબ ધીમી હતી. જ્યારે આજે તો એવા વાહનો ઉપલબ્ધ છે કે એક દિવસમાં આપણે આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરી પાછા મુખ્ય જગ્યા પર આવી શકીએ. આ વિજ્ઞાનની એક સિધ્ધિ છે.

પણ વિજ્ઞાનની આ સિદ્ધી એ બીજા ઘણા પ્રશ્નો સર્જ્યા છે. કારણ કે જેમ જેમ વધારે ને વધારે લોકો વધારે ને વધારે સ્થળાંતર કરવા લાગ્યા તેમ તેમ તેમની સાથે બીમારીઓને પણ ફેલાવતા ગયા. અને તે બીમારી ફેલાવાની ઝડપ પણ માણસની ઝડપ જેટલી જ થઈ ગઈ. ધારો કે કોઈ એક વ્યક્તિને આજે અમેરિકા જવું છે. તેના શરીરમાં કોલેરાના જંતુ છે. તેમને રસ્તામાં જ ઝાડા થવાના ચાલુ થયા અને તે આવતી કાલે અમેરિકા પહોંચશે એટલે ત્યાં તેમના શરીરમાંથી નીકળતા કોલેરાના જંતુ વાતાવરણમાં ફેલાશે એટલે કે કોલેરા એવી બીજી કોઈપણ બીમારીને પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાતા ફક્ત એક જ દિવસ લાગે.



એક જમાનામાં રોગોના આવા સ્થળાંતર ને રોકવા ક્વારન્ટાઈન નામની વ્યવસ્થા હતી. એટલે કે માણસ એક દેશમાંથી બીજા દેશમાં મુસાફરી કરતો હોય તો તેમને બે દેશની બોર્ડર પર અથવા જહાજમાંથી જે બંદર પર ઉતરે તે બંદર પર અમુક દિવસ રોકતા. જેથી માણસના શરીરમાં જો કોઈ જંતુ હોય તો તેના શરીરમાં અમુક ચિન્હો જણાય અને તે પોતાના દેશમાં ફેલાતો અટકાવી શકાય. પણ હવે આ જેટ યુગમાં જો માણસ ૨૦ કલાકમાં અમેરિકા પહોંચે અને તેમને એમ કહે તે તમને ૨૦ દિવસ માટે ક્વોરન્ટાઈનમાં રોકવામાં આવે છે તો આ બધા મુસાફરોની શું હાલત થાય ? એટલે હવે એ ક્વારન્ટાઈનની વ્યવસ્થા નાબુદ કરવામાં આવી છે.

જે રોગ એક દેશમાંથી બીજા અને ત્યાંથી ત્રીજા એમ વધુ દેશમાં ફેલાય તેને પાન્ડેમીક કહે છે. અમુક રોગો પાન્ડેમીક કરવા માટે પ્રખ્યાત છે. જેવા કે કોલેરા, ઈઆન્ફલ્યુઅન્ઝા, પ્લેગ વગેરે અને અત્યારનો સૌથી જાણીતો પાન્ડેમીક રોગ એઈડ્ઝ છે. આ રોગનો ઉદ્ભવ આફ્રિકાના જંગલોમાંથી થયો અને અત્યારે આખી દુનિયા પર ફેલાઈ ગયો છે. હાલ એવો કોઈ દેશ નથી જ્યાં આ રોગ ન ફેલાયો હોય.

અત્યારે રોગોના સ્થળાંતર ને રોકવા કોઈ ખાસ આંતરરાષ્ટ્રિય પગલા ભરવામાં નથી આવતાં. પણ બધા પાન્ડેમીક રોગો ઉપર બારીકાઈથી ધ્યાન રાખવામાં આવે છે. અને જે તે દેશોને તેની ચેતવણી આપવામાં આવે છે. અમુક દેશો તેના દેશમાં બહારથી બીજો રોગ ન ઘુસી જાય માટે મુસાફરોને અમુક પ્રકારની રસી મુકાવેલી હોય તો જ પ્રવેશ આપે છે. જેમ કે અખાતના દેશોમાં જો કોઈને નોકરી માટે જવું હોય તો એચ.આઈ.વી. નું પરીક્ષણ કરાવી રીપોર્ટ આપવો જરૂરી છે.

પણ અમુક અનુવાંશિક રોગો એવા હોય છે કે જેનું સ્થળાંતર રોકવું લગભગ અશક્ય છે જેવા કે સીકલ સેલ એનીમીયા, થેલીસીમીઆ, હીમોફીલીઆ વગેરે. થેલીસીમીઆ કે જે આપણા દેશમાં ખૂબ જ સારા પ્રમાણમાં જોવા મળે છે તે દેશ ભુમધ્ય સમુદ્ર આસપાસના દેશોમાંથી ધીમે ધીમે ઘણા દેશોમાં ફેલાયો છે.

જ્યાં સુધી માનવજાતમાં સ્થળાંતર થતું રહેશે ત્યાં સુધી તેમની જ સાથે સાથે રોગોનું અને તેમની સંસ્કૃતિનું સ્થળાંતર પણ થતું જશે. જો એ રોગ ચેપી હોય તો આપણે અને આપણી સરકારે પહેલી ચેતવણી મળતા જ તેને અટકાવવાના પગલા લેવા પડશે. અને જો તેમાં ગફલત કરી તો માનવજાતનો સંહાર શરૂ થઈ જશે.

મો. ૮૪૮૮૮૮૧૨૧૩


Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
Signature®
COCKTAIL
DEODORANT BODY SPRAY
200ml / 134g
લાંબા
સમય
સુધી ચાલે
~: Also available :~
EAU DE PARFUM
BAN®
SINCE 1966
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com

# કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડીયા**
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી અને અનેક એવોર્ડ અને પારિતોષિકથી વિભૂષિત થયેલ છે.

# ખેત ઉત્પાદનમાં કરાતી "ભેળસેળ"
# અરે ! ઇતો... સોનાની થાળીમાં લોઢાની મેખ!

પ્રસંગ છે થોડાં વરસો પહેલાંનો. સવારના ૬ ની રાજકોટથી જામનગર જતી ટ્રેનમાં અલિયાબાડાના સ્ટેશને એક માલધારી બહેન દૂધ-પાણીના ભરેલાં બે હાંડા લઇ ટ્રેનમાં ચડી, અને હું જે બાકડા પર બેઠો હતો તેની પાસેની જગાએ નીચે બેસી ગઈ, ટ્રેન ઉપડતાં જ એકબીજા હાંડામાંનાં પ્રવાહીની અંદરો અંદર હેરાફેરી શરુ કરાતી જોઇ મારાથી પૂછી જવાયું " આ શું કરો છો બહેન ? ઘડીક દૂધમાં પાણી નાખો છો, તો વળી પાછા ઘડીક પાણીમાં દૂધ નાખવા માંડો છો ? શું કંઇ બનાવટ બનાવો છો ?"

"બનાવટતો બીજી કશી નહીં ભાઇ ! શહેરના માણસોને ખાવા જેવું દૂધ બનાવું છું."

"હું કંઇ સમજ્યો નહીં !" " તું બધુંય સમજી ગયો છો, અને હુંય તારી કહેવાની હંધીય વાત સમજી ગઇ છું. પણ શું કરીએ બાપલા ! આ ગાયુંના ચરાણ થાય એવાં ગૌચરો બધાં ખેડી ખવાણા છે. ઝાઝા ઢોરાં પલવાય એવું રહ્યું નથી અને વરો (કુટુંબની જન સંખ્યા) છે નાનો-મોટો સાત તાંહળીનો, મોંઘાઇનો પાર નૈં અને દૂધ માગે બધા સોંઘું !"

"એટલે..." "એટલે કુંવારું દૂધ દેવાનું પોહાણ નથી. આ તો ધંધો છે ભઇલા ! ધંધામાં આવું-તેવું ભગવાનેય માફ કરે મારા વાલા!". " પણ ઘેરથી જ આ દૂધ-પાણીનું મેળવણ કરીને લાવતાં હો તો ?"

" તું છો અજાણ્યો ...એટલે તને ખબર ન હોય. અમારા ગામને અને આ ટેસણ (સ્ટેશન)ને છેટું છે પોણા ગાઉનું. ઘરેથી પાણીનું વજન કેટલુંક ઉંચકવું માથા પર, તું જ કહે ? દૂધનું દેગડું માથા પર ને ખાલી હાંડો કાંખમાં! ટેસણની ડંકીએથી ખાલી હાંડામાં પાણી ભરી ચડી જઈએ આ ગાડીમાં, જામનગર આવતાં આવતાં દૂધ-પાણી હળી-ભળી થઈ જશે કોઇભાત્યનું, શહેરીલોક ખાય એવું ! સમજ્યોને અલ્યા ભાઇ ! તુંયે ભૂંડા બહુ ખણખોદિયો નીકળ્યો !"

'ફૂલછાબ'ની પંચામૃત પૂર્તિના પ્રીતિ દવેના **"ખોરાકમાં ભેળસેળ" વિશેના એક લખાણમાં ખોરાકી ચીજોમાં કેટલી ભેળસેળ થઈ રહી છે તેની રોચક શૈલીમાં લાંબી યાદી પ્રકટ થયેલી,** અને સૌ કોઇને પણ અનુભવ હશે જ ! કહે **"ચોખ્ખું ઘી", પણ અંદર વેજીટેબલ હોય ત્યાં સુધી તો કંઇકેય ઠીક ! પણ કતલખાને હલાલ કરેલ પ્રાણીની ચરબીને ઓગાળી એકરસ બનાવી નહીં હોય એની ખાતરી ખરી ?**

ડબા ઉપર લેબલ હોય "સીંગતેલ" નું. પણ અંદર કપાસિયા તેલ કે પામોલીન-અરે ! અખાદ્ય તેલની કેટલી ટકાવારીની ગોઠવણ કરી હશે, એ બાબતની જાણકારી હોય દુકાનદાર, મીલ માલિક કે ઉપરવાળાને ત્રણને ! આપણે તો બસ સીંગતેલનો જ ભાવ દેવાનો અને સીંગતેલના જ ભ્રમમાં રહી આરોગ્યે રાખવાનું !

અને તમે જૂઓ ! દૂધ, ઘી કે તેલ પુરતી આ ભેળસેળ મર્યાદિત થોડી છે ? નાના-મોટા કે શહેર-ગામડું કંઇ જોયા વિના આજનું આડેધડ વપરાશી પીણું "ચ્હા" એમાંથી થોડું બાકાત રહી શકે ? ચાની ભૂકીમાં લાકડાનો છોલ અને કૃત્રિમ રંગ, કોફીમાં ચીકોરી અને ખજુરના ઠળિયાનો કલર કરેલો ભૂકો-કંઇને કંઇ ભેળસેળ તો કરેલી જ હોય !

ડગલે ને પગલે જોઇતા મરી-મસાલા આમાંથી બાકાત રહ્યા નથી. હીંગમાં ભેળસેળ, કાળા મરીમાં ૨૫ ટકા ઉપરાંતની પપૈયાના બીયાંની મિલાવટ, અને ખસખસમાં અરધો અરધ રાજગરાના બીજ ભેળવેલા હોય બોલો ! અને કેસરમાં ? કેસરમાં બે ભાગના મકાઇની મૂછોના રંગ કરેલા તાંતણાં !

**ધાણા-જીરુમાં લાકડાનો વ્હેર ભેળવે ત્યાં સુધી તો હળવું ગણાય, પણ તમે માનશો ? અંદર ઘોડા-ગધેડાની લાદ ભેળવવામાં પણ આંચકો ન અનુભવે ! કહેવાય "કેસર કેરીનો રસ" પણ અંદર હોય અરધાકથી વધુ તો પપૈયાનો ગર !** માત્ર ખાદ્યચીજોની ક્યાં કરો છો ? ઔષધ તરીકે વપરાતા પદાર્થ "મધ" માં પણ ખાંડની ચાસણીની મિલાવટ ! અરે, ૨૦૨૦ માં કોણ જાણે ક્યાંયથી "કોરોના" નામક વાયરસ ઘૂસી ગયો, તે જુવાન-આધેડ-વૃધ્ધ, અરે સ્ત્રી છે કે પુરુષ ઈ તો નહીં જોવાનું, પણ નાનકૂડાં બાળકોને યે લપેટમાં લઈ હાહાકાર મચાવી દીધો, અને એ વાયરસનો બીજીવારનો ઉફાળો તો જાણે જમનો દૂત બનીને જ આવ્યો હોય એમ કેટકેટલાને મોતને ઘાટ ઉતારી દઈ-સ્મશાનમાં ગીરદી કરાવી મેલી હતી એવી વેળાએ પણ રાક્ષસ બની કેટલાયે નકલી દવાઓ અને ભળસેળિયા ઈંજેક્શનો બનાવી-વેચી-પૈસા કમાવા માનવતાને નેવે મૂકી, કેટલીય માનવ જિંદગીને ખતરામાં મૂકી એના રોટલા કાઢતા ભળાય છે- આ ને તેઓ "ધંધો" ગણતા હોય તો ભલે ગણે આપણે થોડો એનો વદાડ કરાય ?

**આપણે રહ્યા ખેડૂત.** ખેડૂત અને વેપારીમાં તો પાયાનો ફેર છે. ખેડૂતો ધરતીમાંથી જગતના પોષણ અર્થે ધાન પકાવી પોતાનો રોટલો રળે છે. એટલે વેપારીઓ દ્વારા થતી ભેળસેળથી જેટલું નથી લાગી આવતું, એટલું ખેડૂતો દ્વારા થતી ભેળસેળથી લાગી આવે છે.

**ડાબે કાળજે લખી રાખવું પડે :** સાંભળ્યું છે કે સિંહ મરી જવાનું પસંદ કરે પણ કદિ ઘાસમાં મોઢું નાખતો નથી. હંસ ભૂખ્યો રહેવા તૈયાર હોય પણ મોતીના ચારા સિવાયનો કોઇ ચારો ચરતો નથી. કોયલ મૂંગી

# કૃષિ સૃષ્ટિ

રહેવા તૈયાર-બાકી કાગડાની ભાષા બોલવાનું પસંદ કરતી નથી. ખેડૂત તો જગતનો તાત, અન્નદાતા, જીવનદાતા છે. ઓછું રળવાનું મળે તો કુરબાન ! બાકી અપ્રામાણિકતાનો આશરો લઇ પેદાશના વેચાણ બાબતે દગો કે છેતરામણ ક્યારેય કરે જ નહીં. પોતાના ક્ષણિક આર્થિક લાભ માટે નીતિ ચૂકી ગેર વ્યાજબી વર્તન-વ્યવહાર કરે એ ખેડૂત શાનો ? પરાપૂર્વથી ઉતરી આવેલા સંસ્કાર જાળવી રાખવાનુ તો ખેડૂતોએ ડાબે કાળજે લખી રાખવું પડે.

આટલું ભલે હળવાશથી લઈએ : હા, તલનો પાક તૈયાર થઈ ઘેર આવી ગયો હોય, અને તોલ થાય તે પહેલાં ખ્યાલ આવે કે થોડા તલ ગઈ સાલનાં વધેલા પડ્યા છે, તો પાંચ-સાત કે પંદર કિલો તે તલ નવા ભેળા નાખી દેવાય, કે મગફળીના ઢગલામાંથી તોલ શરૂ થયા પહેલાં બિયારણ માટે ઘેર રાખવા થોડી ધાર કાપેલ ચઆગળના ભાગની સારી સારી મતિયારૂ મગફળી નોખી કાઢી લેવાય એ દગો નથી.

પણ આવું તો ન જ કરાય ને ? એક વાર મારા બાજુના લીંબાળા ગામે મારા એક મિત્રને ત્યાં કોઇ કામ સંબંધે ઓચિંતાનું જવાનું થયું. ત્યાં મેં ઓરડાની અંદર કોથળામાંથી જીરુ ઠાલવી, જીરાની પથારી કરી ઉપર સિમેંટ ભભરાવતા ભાળ્યા. એ જોઇ મારાથી રહેવાયું નહીં ને હું પૂછી બેઠો : “ આ શું કરો છો ?” મને કહે, “ હીરજીભાઇ ! તમારે એ બધું જાણવાની જરૂર નથી. હાલો હાલો ! તમારે પંચાયત ઓફિસે તળાટી-મંત્રીનું કામ છે ને ? ચાલો, હું સાથે આવું, આપણે એ બહારગામ નીકળી જાય એ પહેલાં મળી લઈએ.” મને ફટાફટ ઓરડાની બહાર ખેંચી લીધો. પણ મેં જોયું કે જીરાની અંદર થઈ રહી હતી સિમેંટની ભેળસેળ ! મેં અગાઉ આવી વાત સાંભળેલી, તે દિવસે પાકી થઈ ગઈ. જીરુ મસાલાની ખાદ્યચીજ અને એની ભેળો સિમેંટ ! સીધો માણસના પેટમાં જ જવાનોને ? કેટલી હાનિ પહોંચાડી શકે, કલ્પના તો કરો !

આપણી વિષેની છાપ તો તપાસીએ = એકબાજુ સરદાર વલ્લભભાઇ પટેલ એવું કહી ગયા છે કે “ આ ધરતી પર માથું કાઢીને જો કોઇને ચાલવાનો અધિકાર હોય તો તે ધરતીમાંથી ધાન્ય પકાવનાર ખેડૂતો અને ખેતરોમાં કામ કરનારા શ્રમિકોને જ છે.”

વિજયરત્ન સુંદરસુરીજીના એક લખાણમાં મેં વાંચ્યું છે કે “ સૂર્ય એટલા માટે મહાન નથી કે તે આકાશમાં ખૂબ ઊંચે ચડે છે, પણ તે એટલા માટે મહાન છે કે ધરતીપર રહેલ નાના-મોટા સૌ જીવને પ્રકાશ આપી બધામાં નવચેતના બક્ષે છે.” મારે પણ એજ વાત દોહરાવવી છે કે “ ખેડૂત એટલા માટે મહાન નથી કે તે ખૂબ લોંઠકો અને શરીરે અલમસ્ત છે, ટાઢ તડકો ગણ્યા વિના કામ ઢસડ્યા કરે છે. પણ એ એટલા માટે મહાન છે કે તે દિન-રાત પરસેવો પાડી જગતના જીવોમાટે ધૂળમાંથી ધાન પેદા કરેછે”

ખેતી વ્યવસાય ઘણીબધી કુદરતી આફતોમાં ઘેરાએલો છે. મોલાતો પર વારંવાર રોગો અને કીટકોના હુમલા થાય છે.અને વધારામાં પકાવેલ માલના પૂરતા ભાવ મળશે એવી કોઇ ખાતરી ન હોવા છંતા ખેતી એક પાયાનો અને પૂરો પ્રમાણિક ધંધો છે. કુદરત આપે અને ખેડૂત હાથોહાથ લે એવો પવિત્ર વ્યવસાય છે અને એમાં આપણે “માણસવેડા” કરીએ ? ખેતી એતો પ્રામાણિકતાના પાયા પર રચાએલ ઈમારત છે. પ્રામાણિકતા ચૂકી જવાય તો આખી ઈમારત જ કકડભૂસ થઈ જાય ભૈ !

“માણસ” તરીકેનું મૂલ્ય શું ? = છેલ્લા થોડા વરસોથી કેટલાક ખેડૂતોમાં કપાસની ગુણવત્તા બગાડવાના અને પોતાની ક્રેડિટ કપાવવાના ધંધા શરુ થયા છે. (વરસ હતું-૨૦૧૦ નું)નામ નહીં આપું “અ” ભાઇએ મારી સામે દલિલ કરતાં ગણિત ગળે ઉતરાવવાની મહેનત કરી. મને કહે “ મેં તોલ કરીને ૧૪ મણ કપાસ જુદો કાઢી તેને “પોલિયો” ચપાણી ભેળવ્યું પાયો હતો. અને રીક્ષામાં ભરી બાબરાની પીઠમાં વેચ્યો તો ૧૬ મણ અને ૭ કિલો વજન થયું. એટલે કે બે મણને સાત કીલો પાણીનું વજન હતું. મારે મણ કપાસના ૩૭૯ રુ. આવ્યા. જ્યારે બીજાના કોરા કપાસના રૂ.૪૦૦ ઉપજતા હતા.હિસાબ સરખાવતા પાણીની ભેળસેળ કરવાથી ૫૯૦ રૂ.વધુ આવ્યા.” આવી હશે આટલી રકમ વધારે એની ના નથી. પણ હું એમ કહુ છું કે માણસના નામની કિંમત કેટલી ? “ ખોટું કર્યું” એવો ભાર કાયમ હૈયા માથે રહે, એનું કંઇ મૂલ્ય ખરું કે નહીં ? માનવ જીવનની પાયાની જરૂરિયાતો ઉત્પન્ન કરી રહેલા ખેડૂતમાં જે સ્વમાન જોઇએ તે આવી ભેળસેળથી ભાંગી પડે છે. “જગતના તાત” તરીકેનું બિરૂદ ઝાંખું પડે છે.

જો કે કપાસમાં પાણી નાખવાના રવાડે ચડાવવામાં ગામડાંઓમાં જ્યાં ને ત્યાંથી બે મણ, સાત મણ, દસ મણ આઠ-બારઆની ગુણવત્તાવાળો છૂટક કપાસ લઈ એક વાહનમાં આડેધડ ગામ આખું ભાળે તેમ થડી કરતા જાય અને પાણી ઉમેરી પાલો કરતા જાય તેવા વેપારીઓએ જે શરૂ કર્યું એ જોઈને ખેડૂતોને એમ થયું કે “આપણા માલમાં વેપારીઓ પાણી ભેળવી વધુ રળે એના કરતાં લાવોને આપણે જ ભેળવીએ.” એ માનસિકતા કામ કરી ગઈ છે. પણ સરવાળે પાણી નાખેલ કપાસની ગુણવત્તા બગડે છે, તેના રેસાની મજબૂતાઈ ઘટે છે, અંદરના કપાસિયા પલળી, ફૂલી, ફુગાઈ જાય છે. કપાસ પીળો પડી ડીસકલર થઈ જાય છે. અરે ! કપાસની થડી તોળતાં તોળતાં અંદરથી ભીનો નીકળે એટલે વેપારી માલ પડતો કરે, વાંધો પાડે, બબાલ થાય, ક્યાંક ક્યાંક તો જીભાજોડી અને મારામારી સુધીના પ્રસંગો બન્યા પછી, ભાવ તોડીને ઉલટાના નીચા ભાવે વેચવાનો વારો આવ્યો હોય તેવાયે ઘણા દાખલા બન્યાંનું મારી જાણમાં છે.

“પાણી નાખ્યું છે, વેપારીને ખબર પડી જશે તો ? ” એવી બીક મનમાં જે રહ્યા કરતી હોય છે તે ‘જગતાત’ને શોભતી નથી. તેમાં ધંધાની

(અનુ. પેઈજ ૪૦ ઉપર)

# બાલ સૃષ્ટિ



**સંપાદક :**
**ડો. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી,
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.

# સડેલી કેરી...



**: લેખક :**
**પટેલ કેશવભાઈ શંકરભાઈ**
**બાળવાર્તાકાર અને સમાજચિંતક**
**નિવૃત આચાર્ય સાઠંબા (હઠીપુરા)**
**મો.૯૦૯૯૨૨૪૪૫૯**

ગોરુ નામે એક છોકરો હતો. એનું નામ તો ગૌરવ હતું. પણ બધા એને ગોરુ કહેતા. એક દિવસ ગોરુ ખભે દફતર ભેરવી નિશાળે જતો હતો. રસ્તામાં એણે જોયું તો એક છોકરી ટોપલામાં પાકી કેરીઓ લઈને વેચવા બેઠી હતી. ગોરુ એને ઓળખતો હતો. એ મંગી હતી, ગોરુની બા ઘણી વખત મંગીની પાસેથી કેરીઓ લેતી હતી.

અચાનક ઝાડ પરથી એક વાંદરો ઉતર્યો. ટોપલામાંથી એક કેરી ઉપાડી એ ભાગ્યો અને તરત પાછો ઝાડ પર ચડી ગયો. ચોટ્ટા કહી મંગી ઢેખાળો લઈ એને મારવા દોડી પણ વાંદરો ઝાડમાં સંતાઈને બેઠો હતો. તે ઝટપટ કેરી ખાઈ ગયો. કેરીની છાલ સુધ્ધા એણે ખાઈ અને ગોટલો તોડી એમાંથી ગોટલી કાઢીને એય ખાઈ ગયો. પછી મંગીની સામે દાંતિયા કરી એ કહેવા લાગ્યો કે, જોઈ બંદાની બહાદુરી?

ગોરુએ વાંદરાને ટોપલામાંથી કેરી લેતો જોયો હતો. તેને થયું કે કેરીઓ પાકી છે. સારી છે અને ખાવા જેવી છે. એને કેરીઓ બહુ ભાવે એણે વિચાર કર્યો કે મંગી તો મને ઓળખે છે એના ટોપલામાંથી કેરી લેવામાં વાંધો નહિં. પૈસા પાછળથી આપી દેવાશે.

આવો વિચાર કરી એણે મંગીના ટોપલામાંથી એક કેરી લીધી. મંગી વાંદરા જોડે બાઝવામાં હતી. તેથી તેને કંઈ ખબર પડી નહી. એટલામાં નિશાળનો ઘંટ વાગ્યો એટલે મંગીને કંઈ કહેવાનો વખત મળ્યો નહિં. ઝટપટ કેરી પોતાના દફતરમાં નાંખી ગોરુ દોડતો વર્ગમાં દાખલ થઈ ગયો. ગોરુના મનમાં કે બપોરની છૂટીમાં કેરી ખાઈશ, પણ બપોરની છૂટી છોકરાઓ જોડેવાતોમાં ગઈ, કેરી દફતરમાં જ રહી.

ગોરુને થયું કે સાંજે નિશાળ છુટ્યા પછી કેરી ખાઈશું. પણ નિશાળ છુટ્યા પછી રમતગમત શરૂ થઈ ગોરુને રમવાનું ખૂબ જ ગમે. તેમાંય ક્રિકેટ તો ખાસ આજે એ ખૂબ ક્રિકેટ રમ્યો. રમીને થાક્યો એટલે છોકરાઓ જોડે વાતો કરતો કરતો એ ઘરે ગયો. કેરી દફતરમાં જ રહી. રાતે પણ એ યાદ આવી નહિ.

બીજા દિવસે ગોરુ નાહીધોઈને પાઠ કરવા બેઠો. ત્યારે દફતરમાંથી કેરી હાથ આવી જોયું તો એ ફદફદી ગઈ હતી. એની સોનેરી છાલ કાળી થઈ ગઈ હતી. કેરી કોહવાઈ ગઈ હતી. આવી કેરી કંઈ ખવાય નહિ એણે એ કેરી ફેંકી દીધી. ગોરુની બા એ આ જોયું, કહે ગોરુ, તું તારા દફતરમાં ચોપડીઓ ભેગી કોહેલી કેરીઓ રાખે છે?

ગોરુ કહે, ના એ વધારે કંઈ બોલ્યો નહિ. બાએ કહ્યું તો તારા દફતરમાં કેરી ક્યાંથી આવી? કેરી પાછી સડેલી હતી. કોઈ છોકરાએ મશ્કરીમાં આવું કરેલું?

હવે ગોરુએ કહ્યું : ના મેં જ એ દફતરમાં મુકેલી ? બાએ નવાઈ પામી કહ્યું : તેં મુકેલી ? આવી કોહેલી કેરી ! તારા દફતરમાં ! ગોરુએ કહ્યું: મુકી ત્યારે સારી હતી, પણ પછી હું તે ખાવાનું ભૂલી ગયો ! બા ને નવાઈ લાગી. તેણે કહ્યું કેરી સારી હતી તો ખાઈ જવી હતી ને ! દફતરમાં શું કામ મુકી ? ગોરુએ કહ્યું નિશાળે જતાં મેં મંગુના ટોપલામાંથી એ લીધી હતી. એટલામાં નિશાળનો ઘંટ વાગ્યો એટલે હું વર્ગમાં દાખલ થઈ ગયો. પછી કેરી ભૂલી ગયો.

બા વિચારમાં પડી ગઈ. કહે કેરી મંગુ પાસેથી લીધેલી ? એના પૈસા આપેલા કે બાકી રાખ્યા છે ? ગોરુએ કહ્યું મંગુને એની ખબર નથી એક વાંદરો એના ટોપલામાંથી કેરી ઉપાડી ગયો એટલે એ એને ઢેખાળો મારવામાં પડી હતી. બહુ જોવા જેવો ખેલ હતો. બા વાંદરો કેરી ખાઈ સામે દાંતિયા કરે. બોલતાં બોલતાં એ હસી પડ્યો.

થોડી વાર બા કંઈ બોલી નહિ પછી કહે વાંદરો મંગીની નજર ચુકવી કેરી લઈ ગયો અને તેં પણ એવું કર્યું? તુ વાંદરો છે?

ગોરુએ કહ્યું પણ બા મંગી તો મને ઓળખે છે. તે વખતે પૈસા મારી પાસે હતા નહીં અને નિશાળનો ઘંટ વાગ્યો એટલે હું એને કંઈ કહી શક્યો નહિં. બા એ કહ્યું એ ખરું પણ કોઈને કહ્યા વગર પૈસા આપ્યા વિના કોઈનું કંઈ લઈએ તો એ ચોરી જ કરી કહેવાય.

ગોરુ કંઈ વિચારમાં પડી ગયો પછી એકદમ ઉભો થઈ તાળીઓ પાડી એ બોલી ઉઠ્યો સમજી ગયો સમજી ગયો ભાઈ?

ગોરુએ કહ્યું મારી કેરી કેમ સડી ગઈ તે, એ ચોરીનો માલ હતો એટલે એવું થયું. એટલે જ હું તે ન ખાઈ શક્યો પણ બા, વાંદરાની કેરી પણ ચોરીની હતી એ તો બેધડક ખાઈ ગયો.

બા એ હસીને કહ્યું વાંદરો જનાવર છે. માણસમાં સારું ખોટું ,સમજવાની બુદ્ધિ છે. જાનવરમાં એવી બુદ્ધિ નથી એટલે જાનવર તો ભૂખ લાગે ત્યારે જ્યાં જે દેખે તે ખાય, માણસથી એવું ન થાય. થોડી વાર રહી કહે ઠીક તો આજે નિશાળે જતાં પૈસા લેતો જજે અને મંગીને દઈ દેજે. અને કહેજે કે તને પૂછ્યા વિના કેરી લીધી એ મારી ભૂલ થઈ. ગોરુ ઉત્સાહથી એનું લેશન તૈયાર કરવા બેસી ગયો. ■

# પ્રવૃત્તિ અહેવાલ



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## વિશ્વ ઉમિયાધામે
## મા ઉમિયાના મુળ સ્થાનકે પ્રતિક મંદિરની પૂજા-અર્ચના




વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફુટ જગત જનની મા ઉમિયાના મુળ સ્થાનક પ્રતીક મંદિરમાં સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ, હોદ્દેદારોશ્રીઓ તેમજ દાતા ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પુજા અર્ચના કરવામાં આવી.

## શ્રાવણ માસમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે પધાર્યાં




શ્રાવણ માસ એ ભગવાન શિવનો પ્રિય તહેવાર માનવામાં આવે છે ત્યારે વિશ્વ ઉમિયાધામ, જાસપુર અમદાવાદ ખાતે હિન્દુત્વના આ પર્વ પર અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી એએમટીએસની બસો દ્વારા એક લાખથી વધુ ભાવિક ભક્તોએ મા ઉમિયા - શ્રી ઉમેશ્વર મહાદેવના દર્શન કરી ભોજન પ્રસાદ લઈ ધન્યતા અનુભવી.

## રાષ્ટ્ર પ્રેમ અને સાંસ્કૃતિની પ્રેરણા સ્રોત
## શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠજી વિશ્વ ઉમિયાધામની મુલાકાતે




વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનમાં પધારેલ પ્રખર રાષ્ટ્રભક્ત અને વક્તા શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠજી જ્યાં એમને મા ઉમિયાના ચરણોમાં વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યાં અને પ્રમુખ શ્રી આર.પી.પટેલ તથા સંસ્થાના ટ્રસ્ટીઓ સાથે મળી સનાતન ધર્મ અને રાષ્ટ્રહિત માટેના મહત્વ અંગે વિચાર વિમર્શ કર્યાં. ત્યારબાદ વિશ્વના સૌથી ઉંચા મંદિરના નિર્માણધીન કાર્યની મુલાકાત લઈને ધન્યતા અનુભવી.

## ૭૯માં સ્વાતંત્ર્ય પર્વે ધ્વજવંદન કાર્યક્રમ @ વિશ્વ ઉમિયાધામ, અમદાવાદ










વિશ્વ ઉમિયાધામ જાસપુર ખાતે ૭૯માં સ્વાતંત્ર્ય પર્વે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો. સદર સમારોહના અધ્યક્ષ સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર. પી. પટેલ, મુખ્ય મહેમાન શ્રી હરેશભાઈ બી. ઠક્કર - વિભાગ સંઘચાલકશ્રી પશ્ચિમ કર્ણાવતી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, નાના ચિલોડા નાલંદા સ્કુલના વિદ્યાર્થીઓ - વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલ.

## VUF સુરત ખાતે VIBES નું ૧૪મું વશિષ્ઠ ચેપ્ટરનું લોન્ચીંગ






વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સંચાલિત VIBES એ આધ્યાત્મિક ચેતના થકી યુવાવર્ગને ઉદ્યોગ ક્ષેત્રે વધુમાં વધુ મદદરૂપ થઈ બિઝનેશ ક્ષેત્રે એક નવી ઉંચાઈ હાંસીલ કરી શકે તેવા ઉદ્દેશથી સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખ આર. પી. પટેલના માર્ગદર્શન હેઠળ VIBES નો શુભારંભ કરવામાં આવેલ. આજે ટુંક સમયમાં VIBESના ૧૩ ચેપ્ટર ગુજરાનાત વિવિધ શહેરોમાં કાર્યરત છે. ત્યારે આજે સૂરત ખાતે બીજુ અને VIBESના ૧૪માં ચેપ્ટરનો શુભારંભ કરવામાં આવેલ. આ પ્રસંગે પ્રમુખશ્રી આર.પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ, કેન્દ્રીય સંગઠન કો.ચેરમેનશ્રી વિવેકભાઈ પટેલ, દક્ષિણ ગુજરાત ઝોન પ્રભારીશ્રી સુરેશભાઈ પટેલ, સૂરત શહેર પ્રભારીશ્રી સંજયભાઈ વિરમગામા, મુખ્ય મહેમાનશ્રી અજય અજમેરા (સ્થાપક, અજમેરા ફેશન) પધાર્યા હતા. આ કાર્યક્રમના સફળ સંચાલનમાં VIBES ની કોર ટીમ શ્રી આકાશ વડાલિયા, શ્રી મયુર પટેલ અને શ્રી સાગર પટેલ તેમજ સૂરત ખાતેના તમામ VIBES ના મિત્રોએ જે મહેનત કરીને સફળતા હાંસલ કરી છે તે બદલ સંસ્થા તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. વધુમાં  તાજેતરમાં VIBESના સૂરત ખાતે બે અને અંકલેશ્વર ખાતે એક કોફી ટેબલ શરૂ કરવામાં આવ્યા છે.

# સમાચાર



**ડો. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

## ભગવાન શ્રીકૃષ્ણના પરપરમા જન્મોત્સવની ભવ્ય ઉજવણી









વિશ્વ ઉમિયાધામ ખાતે અખિલ બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રીકૃષ્ણના પરપરમા જન્મોત્સવની ઉજવણી સાંસ્કૃતિક કાર્યક્રમ, ભજન, કીર્તન, ધૂન, રાસ ગરબા સાથે મટકી ફોડ જેવા કાર્યક્રમથી કરવામાં આવી, જેમાં સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર. પી. પટેલ, હોદ્દેદારોશ્રીઓ, દાતા ટ્રસ્ટીશ્રીઓ, સંગઠનના બંધુ ભગિનીઓ તેમજ સૌ ભાવિકભક્તોએ ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કરી ધન્યતા અનુભવી.

## યુવા મહિલા સંગઠન આયોજીત પદભાર સમારોહ







વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ મા ઉમિયાના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર-૨૦૨૭માં ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને અને યુવા મહિલા સંગઠનના પ્રભારીશ્રી શશીબેન એસ. પટેલ, કન્વીનરશ્રી ખુશ્બુબેન ડી. પટેલની ઉપસ્થિતિમાં બોટાદ જિલ્લા તથા વિસનગર તાલુકાના યુવા મહિલા સંગઠનના પદભાર પત્ર એનાયત કરવામાં આવેલ. જેથી નવી જવાબદારીઓ સાથે યુવા મહિલા શક્તિ વિશ્વ ઉમિયાધામના નિર્માણ માટે વધુ જાગૃત અને પ્રેરિત બનશે.

# સમાચાર

## મહિલા - યુવા મહિલા સંગઠન દ્વારા રક્ષાબંધન પર્વની ઊજવણી










ભાઈ અને બહેનનો અતૂટ તહેવાર એટલે 'રક્ષાબંધન' સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર.પી.પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્થા દ્વારા વિવિધ તહેવારો ઉજવાઈ રહ્યા છે. ત્યારે સંસ્થાની મહિલા સંગઠન તેમજ યુવા મહિલા સંગઠન દ્વારા જિલ્લા તેમજ તાલુકા લેવલે વિવિધ સરકારી સ્ટાફ મિત્રોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઊજવણી કરી હતી.

## "મારી ઈંટ મા ના મંદિરે" અભિયાન અંતર્ગત સંગઠન મિટીંગ







વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ મા ઉમિયાના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર-૨૦૨૭માં ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર. પી. પટેલના માર્ગદર્શન હેઠળ 'મારી ઈંટ મા ના મંદિરે' અભિયાન અંતર્ગત મા ઉમિયાના મંદિર નિર્માણમાં સર્વે સમાજના પરિવારો જોડાય તેવી અપીલ સાથે દરેક જિલ્લા અને તાલુકા લેવલે સંસ્થાના તમામ પાંખના સંગઠન દ્વારા મિટીંગનું આયોજન કરવામાં આવેલ.

વિશ્વ
ઉમિયાધામ
અમદાવાદ

# "મારી ઈંટ મા ના મંદિરે"
## ઈંટદાન અભિયાન

Vishv UMIYA Foundation



"વીરતા પરમો ધર્મ" અને "એકતા પરમો ધર્મ" ના મંત્રને ઉજાગર કરવાના ભાગરૂપે અમદાવાદમાં રૂા. એક હજાર કરોડના ખર્ચથી સનાતન ધર્મના પ્રતીક અને આસ્થાના કેન્દ્ર સમા જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સંસ્થા દ્વારા થઈ રહેલ છે, જેનો પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર ૨૦૨૭ માં ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ એટલે શિવ અને શક્તિ. શિવ એટલે દેવાધિદેવ મહાદેવ અને શક્તિ એટલે મા પાર્વતી, જેનું બીજું નામ મા ઉમિયા, કે જેના નવ સ્વરૂપો અને એકાવન શક્તિ પીઠમાંથી આપણને શક્તિ અને ઊર્જા સતત મળતી રહે છે, ત્યારે "હું સનાતની છું" ના ગૌરવ સાથે પ્રત્યેક સનાતની પરિવારનો દરેક સભ્ય જગતજનની મા ઉમિયા પ્રત્યેની આસ્થા - શ્રધ્ધા સાથે મંદિર નિર્માણના ઈંટદાન અભિયાનમાં "મારી ઈંટ મા ના મંદિરે" અંતર્ગત પોતાનું યોગદાન અર્પિત કરે તેવી લાગણીસભર અપીલ આપશ્રીને કરીએ છીએ.

મિત્રો, વિશ્વ ઉમિયાધામમાં નિર્માણાધીન મા ઉમિયાનું મંદિર પ્રત્યેક સનાતની માટે આસ્થા - એકતાનું પ્રતીક, શિક્ષણ અને આરોગ્યનું ધામ અને યુવા - મહિલા સશક્તિકરણનું કેન્દ્ર છે. જ્યાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર હિતની વિચારધારા કેન્દ્ર સ્થાને છે, તેવા મંદિરનું નિર્માણ હાલ પૂરજોશમાં ચાલી રહેલ છે, જેમાં સહભાગી થઈ મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ.

"ધર્મો રક્ષતિ રક્ષિતઃ" મંત્રને યાદ કરીએ - સનાતની એકતા આજની આવશ્યકતા છે.

## મારું ઈંટદાન
## મા ના ચરણોમાં

એક ઈંટદાન
રૂા.૧૦૦૦/-

બેંક વિગત : A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ.,
સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

VISA mastercard Google Pay UPI PhonePe

**ઓનલાઈન ઈંટદાન માટે VUF એપ્લિકેશન ડાઉનલોડ કરો**

Mob. Play store માં જઈ Vishv Umiya Foundation App Search કરી Install કરો, App ઓપન કરી મોબાઈલ નંબર એડ કરો, મોબાઈલમાં આવેલ OTP દાખલ કરી આપની સંપૂર્ણ વિગત ભરો, ત્યારબાદ મોબાઈલ એપ્લીકેશનમાં બટન પર ક્લિક કરો. ઓપન થયેલ મેનુમાં Collect Donation પર ક્લિક કરો, ત્યારબાદ ઓપન થયેલ QR Code થી પેમેન્ટ કરી શકાશે.

Vishv UMIYA Foundation

"વિશ્વ ઉમિયાધામ-જાસપુર", વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧
+91 72020 80222/333 vuf.org vishvumiyafoundation



Vishv UMIYA Foundation
VUF INSTITUTE CIVIL SERVICES
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
તમારું ક્લાસ-I-II ઓફિસર બનવાનું સ્વપ્ન સાકાર કરશે.
GPSC
પ્રિલિમ્સ + મેઈન્સ કોચિંગ
online + offline
વિશેષતા
અનુભવી ફેકલ્ટી
ડેઈલી + વીકલી મોક ટેસ્ટ
પર્સનલ મેન્ટરશીપ
ઓનલાઈન + ઓફલાઈન બેચ
ફેકલ્ટી PDF માટેરિયલ
હોસ્ટેલ અને કેન્ટીન ફેસીલીટી
જગ્યા ના આધાર પર આપવામાં આવશે
BATCH STARTS FROM
15th September, 2025
Contact for Admission
7202080202 | 7202080558
Civilservices . vuf . org
C/o. Radiant School of Science ,Kh - 0, sargasan
Gandhinagar - 382421, Gujarat.

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721




siban

Residential & Retail Spaces

At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625



સંજયભાઈ પટેલ

(વિસલપુર)

Sales executives

+91 99743 52727



THE CITADEL
COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES

AT ISCON AMBLI ROAD

PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229
GUJRERA.GUJARAT.GOV.IN